એક ભ્રમનો ઉચ્છેદ

અથવા

સંત ફ્રાન્સિસ ઝેવિયરનું અસલી સ્વરૂપ

તેના જીવન અને કાર્યોની કહાણી



મૂળ લખાણો અને સમકાલીન લેખકો તથા સંત ઝેવિયરના
પોતાના પ્રગટ થયેલા પત્રો પરથી તારવેલું સંકલન

પ્રસિદ્ધકર્તા :

પરમપૂજ્ય શ્રી ૧૦૦૮ ગોસ્વામી
દીક્ષિતજી મહારાજ

મુંબઇ

૧૯૬૪

પ્રાસ્તાવિક

ગોવામાં ૧૯૬૪ના નવેમ્બરની ૨૩મી ને સોમવારના રોજ ચાંદીની પેટીમાં જાળવી રખાયેલા સંત ફ્રાન્સિસના દેહને ભારે દબદબાભરી વિધિ સાથે જાહેર દર્શન માટે મૂકવામાં આવ્યો. આ પુસ્તિકા પણ એક બીજા અર્થમાં એમનું દર્શન કરાવે છે –સાચા અર્થમાં પડદો દૂર કરે છે અને સંત ફ્રાન્સિસે કેથોલિકોની સંખ્યા વધારવા માટે ગોવા તેમ જ અન્ય સ્થળોએ હિંસા અને ત્રાસનાં જે કૃત્યો પ્રેર્યાં તેનું પૂરી વિગતો સાથેનું ચિત્ર ખુલ્લું કરે છે.

સંત ઝેવિયરની આ બીજી બાજુ બહુ જાણીતી નથી. દસમા ભાગ જેટલા ભારતીઓની કત્લમાં પરિણમી એવી દારુણ એની અસર હતી. એ બાજુને ભારે સંભાળપૂર્વક અને સાવધાનીથી અને અમુક અંશે ચતુરાઈ-પૂર્વક કેથોલિક પાદરીઓએ છાવરી દીધી છે અને ઈતિહાસના ગર્ભમાં છૂપાવી દીધી છે. બહારના જગત સમક્ષ તેઓએ એને 'પૂર્વના સંત'ની સોહામણી વેશભૂષામાં રજૂ કર્યો છે અને એને લગતી કહેવાતી ચમત્કારિક વાતોથી એને લોકપ્રિય બનાવ્યો છે. આપણા ભાવુક અને ધર્મપરાયણ તથા ગમે તે દેશ કે જાતિના અને ગમે તે ઉમરના કોઈ પણ સાધુ પુરુષ તરફ શ્રદ્ધાની નજરે નિહાળવાની સભ્યતામાં ઉછરેલા આપણ અને ભોળા આમજનો પર આની બહુ સુખદ અસર પડી નહોતી, પણ સંત ઝેવિયરની

આ છૂપાવાયેલી બાજુ જ તેનાં કરતુતો અને પગલાંનું, તેના ઉદ્દેશોનું અને નેમ પાર પાડવા માટે ગમે તેવા સાધનનો ઉપયોગ કરવાના તેના કઠોર સિદ્ધાંતનું સાચું સ્વરૂપ ખુલ્લું કરી આપે છે. તેનો ઉદ્દેશ હતો કેથોલિક ધર્મમાં બને તેટલા વધુ લોકોને વટલાવવા અને વધુ ને વધુ અનુયાયીઓ મેળવવા તથા શકય તેટલી મોટી સંખ્યાના લોકોને પોપના શાસન હેઠળ લાવવા.

ભારતના ગોવાને એના જીવનની આ બાજુ જ સ્પર્શે છે. ગોવા-વાસીઓની ગુલામી, તેમના રાષ્ટ્રત્વની નાબૂદી, તેમનું અજ્ઞાન અને પછાત-પણું આ બધાંનું મૂળ સંત ઝેવિયરનાં કરતૂતોમાં અને તેનાં ચુસ્ત અને ઉત્સાહી અનુયાયીઓએ તે પાર પાડવા લીધેલાં પગલાંમાં રહેલું છે. આપણી સમક્ષ સંત ઝેવિયરનું દેવાંશી જેવું ઉજ્જવળ ચિત્ર હંમેશાં રજૂ કરવામાં આવ્યું છે. એ કારણે તથા યુકેરિસ્ટિક કૉન્ગ્રેસ અને પોપની મુલાકાત જાણે સંત ઝેવિયર અને તેનાં કૃત્યોને મંજૂરીની મહોર મારવા જ યોજાયાં હોઈને અમને સંત ઝેવિયરની બીજી બાજુ, જે જેટલી સત્ય તેટલી જ ચોંકાવનારી છે તેને 'ખુલ્લી' પાડવા પ્રવૃત્ત બનવાની ફરજ પડી છે.

અહીં આથી વિશેષ કશું અમારે ઉમેરવું નથી; સંત ઝેવિયર વિષે જેઓ જાણકાર હતા અને તેના વિષે લખવાની પાત્રતા ધરાવતા હતા તેમનાં લખાણો અને અભિપ્રાયોનું નવનીત જ તારવીને અહીં અમે રજૂ કર્યું છે. આ એક અનોખું દર્શન છે. અહીં જે પ્રકાશ ફેંકવામાં આવ્યો છે તે અનેક અંધારા ખૂણાઓને અજવાળે છે, અનેક અજ્ઞાત બાબતોને પ્રગટ કરે છે અને સામાન્યપણે ઝેવિયર વિષે રચાયેલી દંતકથા—ભ્રમણા—નો નાશ કરે છે. આ પ્રકાશન લોકોને કંઈકે નવેસરથી આ વિષય પર વિચારવા કરવા પ્રેરશે તો અમારો શ્રમ લેખે લાગશે. કારણ સત્યનો અંતે વિજય થાય છે અને ભગવાન કાળ સત્યને તેના અસલ રૂપમાં પ્રગટ કરે છે.

જો સત્ય પ્રવર્તી રહે એમ ઈચ્છતા હોઈએ તો દંતકથાના આ ભ્રમને ખુલ્લો પાડવો જ રહ્યો. વળી ખ્રિસ્તી ધર્મમાં સંતને 'ખુલ્લો પાડવો' એની

કંઈ નવાઈ નથી. આવા પગલાં માટે એ ધર્મમાં જ પરંપરા પડેલી છે એનો અહીં નિર્દેશ કરવો જોઈએ. આ દેશમાં તેમ જ અન્યત્ર બહુ પૂજાતા એક સંતને સંતપદેથી દૂર કરવાનું મહાકષ્ટદાયી પગલું હજી હમણાં જ ચર્ચ તરફથી લેવાયું છે. એ સંત ફિલોમિનાની વાત છે. એ સંત એક છેતરપિંડી છે એમ જાહેર કરીને ચર્ચે સંતોની નામાવલિ પરથી એનું નામ છેકી નાખ્યું છે અને એ સંતની પ્રતિષ્ઠા કરતાં દેવળોને ભૂંસી નાખવા તથા તેની પૂજા વગેરે બંધ કરવા આદેશ આપ્યો છે!

PRAVINKUMAR M. SHAH
First Floor, A-3, "ABHINAV APPT;"
Near Dattani Gram-Atul Tower,
Mathuradas Road Extension,
Kandivli (West), BOMBAY-400 067.
PHONE : 69 66 05-69 63 02.

નિવેદન

નામદાર પોપની ભારતની સૂચિત મુલાકાત વિષે ૨૦મી ઑકટોબર, '૬૪ના અખબારોમાં નીચે પ્રમાણે તેમનો સંદેશો પ્રગટ થયો હતો.

"અમારો પ્રવાસ આમ તો ઘણો ટૂંકો અને સાદો તથા એક જ સ્થળના રોકાણ પૂરતો મર્યાદિત રહેશે, છતાં જેમણે ધર્મને ખાતર જાન અર્પી દીધા છે તે અને ખાસ કરીને જેઓએ સંત ફ્રાન્સિસ ઝેવિયરને પગલે અનુસરીને એશિયામાં અને ખાસ કરીને ભારતમાં આટલા બધા બલિદાન અને સફળતાપૂર્વક ચર્ચને સ્થાપિત કર્યું છે તે ગઈ કાલના અને આજના સર્વ મિશનરીઓ તરફની અમારી આભારની લાગણીના નિદર્શન સમો બની રહેશે."

ચર્ચ અને તેના આગેવાનોના ઉદ્દેશો અને તેમનું માનસ કઈ રીતે કામ કરે છે તે આમાં પ્રગટ થઈ જાય છે. ભારતીય સંસ્કૃતિ અને ધર્મના કટ્ટર દુશ્મન તરીકે જેને વર્ણવી શકાય તે સંત ઝેવિયરને ઈશ્વરીપદ આપવાના આ પ્રયાસના પ્રતિકારમાં કંઈક કરવું જોઈએ એમ ત્યારે અમે નક્કી કર્યું. કારણ સંત ઝેવિયરનાં બે રૂપ હતાં. એ કટ્ટર ઈશુભક્ત વિભક્ત વ્યક્તિત્વ ધરાવતો હતો. એ વાતનો અમે સ્વીકાર કરીએ છીએ કે અન્યથા ઘણા પ્રશંસાપાત્ર ગુણો સંત ઝેવિયર ધરાવતા હતા. એની સાથે અહીં આપણને લાગતુંવળગતું નથી. પણ 'બીજાઓ તારી તરફ સારી રીતે વર્તે એમ તું

ઈચ્છે તો તું પણ બીજાઓ તરફ એ રીતે વર્તજે, એ સૂત્રનું એમણે અનુસરણ કર્યું નહોતું જ.

ભારતનો ઈતિહાસ સહિષ્ણુતા અને શુભેચ્છા, ક્ષમાશીલતા, સમાધાન અને સામા માણસના દૃષ્ટિબિંદુને સમજવાની ઉત્સુકતાના એક દીર્ઘ પ્રકરણ સમો છે. ભારતીઓએ કદી યે કોઈના પ્રત્યે વેર કે દ્વેષભાવ કેળવ્યો હોય એવું જાણ્યામાં નથી. એમનું રાષ્ટ્રીય લક્ષણ એક પ્રશંસકે આ શબ્દોમાં વર્ણવ્યું છે: "તેમના હૃદયમાં ઊઠતો થાપ કંઠ પાસે આવતાં તો આશીર્વાદમાં રૂપાંતર પામી જાય છે." એક વૃક્ષ તેનાં મૂળમાં કુહાડીના ઘા કરનાર કઠિયારાને પણ છાંયડો અને આશ્રય આપવાનો જેમ ઈન્કાર કરતું નથી તેમ હિંદુઓએ પણ મૂર્તિભંજકો અને પાદરીઓના સર્વ આક્રમક ટોળાંને સહી લીધાં છે. દીર્ઘ પરંપરા દ્વારા સર્વ વર્ગના ભારતીઓ સર્જનમાત્રની એકાત્મતાના અદમ્ય નિયમને, માનવ માનવ વચ્ચેના બંધુત્વને અને સહિષ્ણુતાના ગૌરવને સમજતા થયા છે. તેમના ધર્મની કદી યે તેમણે ઉઘાડી વટાળપ્રવૃત્તિ આદરી નથી. બીજા ધર્મોથી ઊલટી રીતે તેઓ ધર્મની સાર્વત્રિકતામાં માનતા આવ્યા છે. બીજા ધર્મોના સ્થાપકોએ તો એવું પોકારીને જાહેર કર્યું છે કે એમનો ધર્મ જ મોક્ષનો સાચો પંથ બતાવે છે. શ્રી કૃષ્ણ ભગવાન ભગવદ્‌ગીતામાં કહે છે: "ભલે માનવી ગમે તે માર્ગે મારા તરફ આવે તો પણ હું તેને આવકારીશ કારણ બધા માર્ગો મારા જ છે." અને ઈશ્વરની એકતાના નિર્વિવાદ સત્યની ઘોષણા કરતા વેદો પણ જાહેર કરે છે કે "સત્ય એક જ છે, વિદ્વાનો તેને વિવિધ નામે વર્ણવે છે."

જીવનના આવા તત્ત્વજ્ઞાનને વરેલા અને સર્વ પ્રત્યે સહિષ્ણુતા તથા શુભેચ્છાના શાતાદાયી વાતાવરણમાં ઉછરેલા ભારતીઓએ અગાઉ બીજાઓની બાબતમાં કર્યું હતું તેમ જ વિદેશી ખ્રિસ્તી મિશનરીઓ અને વસાહતીઓ માટે પોતાના દ્વાર મુકતપણે ખોલી દીધાં, પણ કમનસીબે આ મિશનરીઓએ જે દેશે તેમને આવકાર અને આશ્રય આપ્યો અને

દરીઠામ થઈ સમૃદ્ધ થવા દીધા તેને જ છેહ દીધો. આ રીતે વર્તનારાઓમાં કેથોલિકો અને જેસુઈટો તથા પોર્ટુગીઝોનો સમાવેશ થાય છે. તેમના આશ્રિત અને મોવડી એવા સંત ફ્રાન્સિસ બળજબરીથી ધર્માંતર કરાવવા માટેની નિર્દય ઝુંબેશના આદ્ય પ્રણેતા હતા.

સંત ફ્રાન્સિસ ઝેવિયર એના પ્રચારકો નિરૂપે છે એવા જ કંઈ ન હતા. એમના પ્રશંસકો એમને જેવા આલેખે છે એવા એ સંત ન હતા અને ફ્રાન્સિસ ઝેવિયરના કૃત્યો તેમનાં પૂજકો વર્ણવે છે તેટલાં પવિત્ર ન હતાં. હવે પછીનાં પાનાંમાં અમારી આશંકાઓ માટે અને એમના 'ચમત્કારો'ના સાચાપણા સામેના અમારા દાવાઓ વિષે પૂરતી સાબિતીઓ મળી રહેશે. ઝેવિયરના સંતપણાના તર્કટને ખુલ્લું પાડે તેવી વિપુલ હકીકતો પડેલી છે. નોંધાયેલા ઈતિહાસમાં સમકાલીન લેખકોનાં લખાણોમાં અને ઝેવિયરનાં પોતાના પત્રોમાં (જે સદ્‌ભાગ્યે હજી જળવાયા છે), ઝેવિયરના જીવનની બે બાજુઓ વિષેની, તેના ધર્મકાર્યના છૂપા ઉદ્દેશો વિષેની અને ભારતની તેની મુલાકાતે સરજેલા ઘેરા કરુણકાંડ વિષેની અઢળક સાબિતીઓ પડેલી છે.

તે જે પંથનો હતો તે જેસુઈટ પંથ વટાળપ્રવૃત્તિમાં ખૂબ જ રસ લે છે અને દંભ, તર્કટ અને છેતરપિંડી માટેના પર્યાયરૂપ બની ગયેલ છે. જેસુઈટ શબ્દ પણ સર્વ યુરોપી ભાષાઓમાં એક લુચ્ચા માણસના અર્થમાં વપરાવા લાગ્યો છે.

આ પાનાઓમાં સંત ઝેવિયર, તેનો જેસુઈટ પંથ, કેથોલિકો અને ચર્ચ, જેમની પ્રેરણાથી અને જેમના લાભ ખાતર નાસ્તિકો સામે ત્રાસ ગુજારવા પાદરીઓની ન્યાયમંડળી (ઈન્ક્વિઝિશન) દ્વારા તપાસનું નાટક ભજવાયું તે વિષે તથા ચર્ચના આશીર્વાદ સાથે 'ક્રૂસ અને તલવાર'ના ધ્વજ હેઠળ લડવા બહાર પડેલા પોર્ટુગીઝો, જેમણે ન્યાય મંડળીની સ્થાપના કરેલી તેમના વિષે અને છેલ્લે એ તપાસ—ઈન્કવિઝિશન—ના નામે ગુજારાયેલા

ત્રાસ વિષે ચોંકાવનારી દસ્તાવેજી સામગ્રી વાંચવા મળશે. શકય ત્યાં લેખકોનાં મૂળ લખાણો યથાતથ રજૂ કરવા પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પુસ્તિકામાં જે ગ્રંથોમાંથી ઉતારા આપવામાં આવ્યા છે તેમાં નીચેના ગ્રંથોનો સમાવેશ થાય છે.

'હિસ્ટરી ઑફ ઈન્ક્વિઝિશન ઈન એવરી કન્ટ્રી વ્હેર ઈટ્સ ટ્રિબ્યુનલ્સ હેવ બીન એસ્ટાબ્લિસ્ડ્ઝ : ફ્રોમ ટ્વેલ્ફથ સેન્ચ્યુરી ટુ પ્રેઝન્ટ ટાઈમ.' લે. વિલિયમ હેરિસ રૂલ, ડી. ડી. (૧૮૬૮); એમ. ડિલન્સ એકાઉન્ટ ઑફ ઈન્ક્વિઝિશન, ૧૬૮૭માં ફ્રેન્ચમાં પ્રગટ થયેલું અને ૧૬૮૮માં અંગ્રેજીમાં અનુવાદ પામેલું 'રિલેશન દ' ઈન્ક્વિઝિશન દ' ગોવા'; ફાધર બ્રાડેરિક લિખિત 'બાયોગ્રાફી ઑફ સેન્ટ ઝેવિયર'; બોનહુર્સે ફ્રેન્ચમાં લખેલી સેન્ટ ઝેવિયરની જીવનકથા; 'પોર્ટુગીઝ રૂલ ઈન ગોવા' લે. આર. પી. રાવ; 'ગોવાઝ ફ્રીડમ સ્ટ્રગલ' લે. ટી. બી. કુન્હા; 'ધ ગોવા ઈન્ક્વિઝિશન' લે. એ. કે. પ્રિયોલકર; કેથોલિક ટ્રુથ સોસાયટી ઑફ ઈન્ડિયા દ્વારા પ્રકાશિત 'સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર—એ પિકટોરિયલ લાઈફ; 'ગોવા : ફેકટ્સ વર્સસ ફિકશન' લે. એ. કે. પ્રિયોલકર અને 'ડૉન ફ્રાન્સિસ્કો' લે. મેરી પર્સેલ.

હવે જે ઈતિહાસની હકીકત બની ગઈ છે, તે બાબતમાં અમારે આટલી તસ્દી લેવાનું શા માટે જરૂરી બન્યું છે તે વિષે સ્પષ્ટતાના બે શબ્દો અસ્થાને નહિ ગણાય. ગમે તે કારણ હોય પણ આપણી સરકારની બિનમઝહબી નીતિને અનુલક્ષીને કેથોલિકો, મેથોડિસ્ટ, બાપટિસ્ટ, એન્ગ્લીકન, શિયા, સુન્ની, પારસી, બહાઈ, બૌદ્ધ, નવબૌદ્ધ, શ્વેતાંબર કે દિગમ્બર, યહૂદી કે બેની–ઈઝરાયલ એમ સર્વધર્મોને, મુખ્ય પંથો તેમ તેના પેટા પંથોને પણ, આનવરોધ બોધ અને પ્રચાર કરવા દેવામાં આવે છે, એક માત્ર હિંદુઓ પ્રત્યે શંકાથી જોવામાં આવે છે અને માત્ર હિન્દુઓ પ્રત્યે જ અકૃપા અને ભેદભાવ દાખવવામાં આવે છે અને વખતોવખત 'કોમી' બનવા માટે તેને દંડવામાં પણ આવે છે! આમ શા માટે થાય છે તે વિષે કોઈ ખુલાસો નથી.

કારણ, એ પણ ભૂલવું ન જોઈએ કે હિંદુઓને તેમના પ્રાચીન પિતૃ-દેશ ભારતવર્ષ સિવાય આજે જગતમાં બીજું કોઈ વતન નથી. હિંદુ સભ્યતા અને સંસ્કૃતિની સીમાઓ વાસ્તવમાં, વિશ્વવ્યાપી સર્વોપરિતાના તેના પરિઘમાં પશ્ચિમમાં છેક અમેરિકા સુધી અને પૂર્વમાં ફિલિપાઈન્સ સુધી વિસ્તરે છે. પણ હકીકત એ છે કે આજના સમયે હિંદુઓનાં જીવન, તેમની રોજગારી અને પ્રવૃત્તિનું એક માત્ર કેન્દ્ર એકલું ભારત જ રહ્યું છે. આથી, દેશના મૂળ ધર્મને વિદેશી વટાળપ્રવૃત્તિ કરતી સંસ્થાઓના આક્રમણ સામે પોતાનું રક્ષણ કરવાના જન્મસિદ્ધ અધિકારથી વંચિત રાખવામાં આવ્યો છે તેટલા પ્રમાણમાં ભારત સરકારની બિન-મઝહબી નીતિ ખામી ભરેલી પુરવાર થઈ છે.

દેશી ઉદ્યોગોને રક્ષણ આપવું, તેમનાં વિકાસ અને પ્રગતિને ઉત્તેજન આપવું એ આર્થિક ક્ષેત્રનો એક સ્વિકૃત સિદ્ધાંત છે, અને એ જ ધોરણે આ દેશના વતની હિંદુઓ આપણે આપણા ધર્મ અને સભ્યતાના રક્ષણ માટે સલામતીઓની માગણી શા માટે ન કરી શકીએ? આ હિંદુઓને ભારત સિવાય બીજું કોઈ વતન નથી, આ દેશની સરકાર સિવાય બહારની કોઈ સત્તા પ્રત્યે તેમની વફાદારી નથી. આ ભૂમિ સિવાય બીજી કોઈ ભૂમિ પ્રત્યે તેમણે કદી વફાદારી દાખવી નથી. આ માતૃભૂમિ જ એમનું સર્વસ્વ છે. માતૃભૂમિ પાસે સ્વર્ગને પણ તેઓ ઓછું વાંછનીય ગણે છે.

એટલા ખાતર જ અમે આ કાર્ય પૂરી નમ્રતા સાથે પણ એવા અડગ નિરધારપૂર્વક ઉપાડ્યું છે કે છેવટે સત્યનો વિજય થશે અને કેથોલિકોના ત્રાસનો ભોગ બનેલા આપણા શહીદ પિતૃઓ યોગ્ય તર્પણ પામશે. ભારતીય જીવનરીતિ અને ભારતીય દર્શનશાસ્ત્ર કરતાં કેથોલિક ધર્મ ચડિયાતો છે એ એક ભ્રમ છે. એ ભ્રમનું નિરસન કરવાનો અમારો નિરધાર છે. સંત ઝેવિયરનાં કૃત્યો એનું પ્રત્યક્ષ નિદર્શન છે.

ગોરવામી દીક્ષિત

મુંબઈ,
અગ્રહાયણ ૭, ૧૮૮૬
નવેમ્બર ૨૮, ૧૯૬૪

પ્રકરણ ૧

સંત ફ્રાન્સિસ ઝેવિયર–માનવી અને તેના ચમત્કારો

ફ્રાન્સિસ ઝેવિયરનો જન્મ ૧૫૦૬ના એપ્રિલની ૭મીના રોજ નવારે ગામમાં થયો હતો. ઈગ્નેશિયસ લોયોલાએ ૧૫૩૪માં સ્થાપેલા જિસસ સમાજ–સોસાયટી ઑફ જિસસ–માં તે જોડાયો હતો. પોર્ટુગલના રાજાએ ૧૫૪૦માં ભારત માટે પોતાને મિશનરીઓ આપવાની પોપને વિનતિ કરી ત્યારે પોપે જિસસસમાજના બે પાદરીઓ મોકલ્યા હતા અને તેમાંનો એક ફ્રાન્સિસ ઝેવિયર હતો. પોપે તેને ઈસ્ટ ઈન્ડિઝ માટેના પોપના પ્રતિનિધિ તરીકેની પદવી અને સત્તા બક્ષ્યાં હતાં.

ફ્રાન્સિસ ઝેવિયરે ૧૫૪૨ના મેની ૬ઠ્ઠીના રોજ ગોવામાં પહેલી જ વાર પગ મૂક્યો. એ પછી બેએક વાર તેણે ગોવાની મુલાકાત લીધી હતી અને તેનું રોકાણ ટૂંકું જ હતું. ૧૫૪૩માં તેણે મલબારની મુલાકાત લીધી ત્યાં પરવા માછીમારોને વટલાવવામાં એને સફળતા મળી. દક્ષિણમાંથી તે મલાક્કા ગયો. ત્યાંથી એમ્બોયના ટાપુ અને પછી દૂર પૂર્વના સિરમ ખાતે તે ગયો હતો. ૧૫૪૭માં તેણે ભારતની પુનઃ મુલાકાત લીધી અને પછી દૂર પૂર્વમાં ગયો હતો અને ત્યાંથી ૧૫૪૯માં જાપાન પહોંચ્યો હતો. જાપાનમાં બે વર્ષ ગાળી એ ભારત પાછો ફર્યો હતો. ૧૫૫૧ના ડિસેમ્બરમાં એણે કોચીન અને ગોવાની મુલાકાત લીધી હતી. ગોવામાં એ માત્ર બે મહિના રહ્યો

હતો. છેલ્લી વાર ૧૫૫૨માં એ ચીનની નવી સફરે ઉપડ્યો હતો અને કેન્ટન પાસેના નાના ટાપુ સાંચનમાં ઊતર્યો હતો.

સાંચન ખાતે ૧૫૫૨ના ડિસેમ્બરની ૨જીના તેનું મરણ નીપજ્યું. તેના દેહને ૧૫૫૩ના ફેબ્રુઆરીમાં કબરમાંથી ખોદી કાઢી ૧૫૫૪ના માર્ચની ૧૪મીએ ગોવા ખાતે લાવવામાં આવ્યો હતો. ૧૬૬૨ના માર્ચની ૨૨મીએ તેને સંત તરીકે જાહેર કરવામાં આવ્યો. બે વર્ષ પછી તેના દેહને સંત પોલના ચર્ચમાંથી ખસેડીને બોમ જિસસ ચર્ચમાં લઈ જવામાં આવ્યો અને ત્યાં વેદી પર રાખવામાં આવ્યો. આજે તે વેદીને સંત ફ્રાન્સિસ દ' બોરજાની વેદી તરીકે ઓળખવામાં આવે છે. ૧૬૬૫માં તેના દેહને ખાસ બાંધવામાં આવેલા ચેપલમાં રાખવામાં આવ્યો

જ્યાં તેની શબપેટી મૂકવામાં આવે છે તે બોમ જિસસના ચર્ચને ૧૯૪૬માં પોપના ખાસ ફરમાનથી એક બેસિલિકા માઈનોરને દરજ્જે મૂકવામાં આવ્યું હતું.

દસ્તાવેજો પરથી જાણવા મળે છે તેમ સંત ઝેવિયરના મૃતદેહનું પહેલું સત્તાવાર જાહેર દર્શન ૧૭૮૨માં યોજવામાં આવ્યું હતું. ત્યાર પછી એવાં ઘણાં દર્શન યોજાતાં રહ્યાં. ૧૯૫૨ સુધી તો જાહેર દર્શન દરમિયાન દેહને સીધું ચૂંબન કરવા દેવામાં આવતું હતું. એ પછી આવું સીધું ચૂંબન અટકાવવા દેહને પહેલદાર કાચની શબપેટીમાં મૂકવામાં આવ્યું છે. આ કાચની પેટીને ગોવાના કારીગરોએ બનાવેલી એક ચાંદીની પેટીમાં રાખવામાં આવે છે.

ગોવાની સરકારે આ વર્ષે જાહેર દર્શનની બિનમઝહબી વ્યવસ્થા પાછળ રૂપિયા પંદ લાખના ખર્ચની ફાળવણી કરી હતી.

ઇતિહાસની વિકૃતિ

ગોવાના એક કેથોલિક નાગરિક ડૉ. ટૂરટા બ્રાગાન્કા કુન્હા ગોવાના

સ્વાતંત્ર્ય જંગ વિશેના તેમના પુસ્તકમાં 'બળજબરીથી સામુદાયિક વટાળ-પ્રવૃત્તિ' વિશે લખતાં જણાવે છે.:

"ઈતિહાસની સર્વ વિકૃતિઓ અને ઢાંકપિછોડો છતાં એ એક નિર્વિવાદ હકીકત રહે છે કે, કેથોલિક ગોવનોનું ધર્મપરિવર્તન પોર્ટુગીઝોએ ભારતમાં પોતાનું શાસન સ્થાપવા અપનાવેલી બળજબરીની પદ્ધતિઓને આભારી છે. આ હિંસાને પરિણામે આપણી પ્રજાનું વ્યક્તિત્વ નષ્ટ થયું. ગોવામાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો ધર્મબોધ દ્વારા નહિ પણ હિંસા અને દબાણની પદ્ધતિએ થયો હતો એ હકીકત માટે જો કોઈ પુરાવાની જરૂર હોય તો આપણે તે સમયના સ્થાનિક સત્તાધીશોના કાનૂન, હુકમો અને અહેવાલોમાંથી જ નહિ, શ્રેષ્ઠ આધારલાયક એવા ખ્રિસ્તી ધર્મના પોતાના દસ્તાવેજોમાંથી પણ તે મેળવી શકીએ છીએ. ભારતમાં જિસસ સમાજની પ્રવૃત્તિઓનો અહેવાલ આપતું જેસુઈટ પાદરી ફ્રાન્સિસ્કો ડિસોઝાએ લખેલા 'ધ ઓરિયેન્ટ કોન્ક્વિસ્ટાડો' પુસ્તકમાં ગોવામાં ઉપયોગમાં લેવાયેલી બળજબરીની પદ્ધતિઓ અંગેની અઢળક સાબિતીઓ અને હિમાયત મળે છે."

ડૉ. કુન્હા વધુમાં જણાવે છે: "આપણા લોકોને વટલાવવા માટે પોર્ટુગીઝોને બળજબરીનો માર્ગ કેમ લેવો પડયો હતો તે સમજી શકાય તેવું છે. હિન્દુઓ મૂળભૂતપણે શાંતિવાદી એવા ધર્મને ચૂસ્તપણે વરેલા હતા. પોર્ટુગીઝો જે અવર્ણનીય પાશવતા આચરતા હતા તે તરફ તેઓ ઘૃણાની નજરે જોતા હતા. આ સ્થિતિ હોઈને આચરણ અને સમજાવટને માર્ગે હિન્દુઓનું ધર્મપરિવર્તન સાધવાનું તેમને માટે શક્ય નહોતું. વિશ્વબંધુત્વના આ દૂતોને મોટા પાયા પર કત્લ અને લૂંટબાજી ચલાવતા નિહાળવા એ દયાજનક દશ્ય હતું અને આપણા વડવાઓને આ નવા ધર્મની સર્વોપરિતા વિશે લેશમાત્ર શ્રદ્ધા જાગી નહિ હોય. એટલે જ 'ન્યાયી ઉપાયો' અજમાવવાની પોર્ટુગીઝોને જરૂર પડી!

ઝનૂનભર્યો ઉત્સાહ

સંત ઝેવિયરના કેથોલિક ધર્મ માટેના ઝનૂની ઉત્સાહે ભારતીઓ પર

ઈન્કવિઝિશનનો કોપ ઉતાર્યો. (કૅથોલિક ગ્રંથમાં, ખાસ કરીને સ્પેનમાં એ વેળા ગ્રંથની સામે માથું ઊંચકનારને નાસ્તિક ગણીને ત્રાસ ગુજારી દબાવી દેવા માટે યોજાયેલ પાદરીઓની ન્યાયમંડળીને ઈન્કવિઝિશન કહેવામાં આવે છે. એને ન્યાય કરતાં ન્યાયનું ફારસ વધુ યોગ્ય રીતે કહી શકાય.) ઝેવિયરે કૅથોલિકોની સંખ્યા વધારવા માટે આવી દબાણ અને ત્રાસની પદ્ધતિઓ સૂચવી હતી.

એક અંગ્રેજ મિશનરી ડૉ. વિલિયમ હેરિસ રુલે જે જે દેશોમાં આવી ન્યાયમંડળીઓ અને ઈન્કવિઝિશન યોજાયાં છે તેનો ઇતિહાસ આપતો એક ગ્રન્થ લખ્યો છે. તેમાં તેઓ લખે છે.:

"ફ્રેન્ચ ભાષામાં ઝેવિયરનું જીવનચરિત્ર લખનાર બોનહર્સે એક પ્રસંગ એવો નિરૂપ્યો છે કે ૧૫૪૪ના ડિસેમ્બરની ૧૬મીએ ઝેવિયર કોચીનમાં ઈન્ડિઝના વિકાર જનરલ મિગ્યુઅલ વાઝ નામના પાદરીને મળ્યા. ઝેવિયરે તેને વાયસરૉય આલ્ફોન્ઝો ડિસૉઝાને પદભ્રષ્ટ કરવા સૂચવ્યું અને તેની સાથે તે માટે એક કાવતરું પણ યોજ્યું. કારણ વાયસરૉય તેને તે ઈચ્છતો હતો તેટલા પ્રમાણમાં લશ્કરી પીઠબળ સાથે તેના સાહસોમાં સાથ આપતો ન ન હતો. વિકાર જનરલ આથી તરત જ લિસ્બન જવા રવાના થયો. સંત(!) ઝેવિયર તરફથી એ એક લાંબો ખાનગી કાગળ લઈ ગયો હતો. એમાં ઝેવિયરે પોર્ટુગલના રાજા ત્રીજા જોનને તેના પોતાના મિત્ર અને આશ્રયદાતા ડિસૉઝાને પાછા બોલાવી લેવા વિનંતિ કરી હતી અને નીચેના ઉતારા પરથી જોઈ શકાય છે તેમ સંભવતઃ ઝેવિયરે તેમાં **ભયંકર ટ્રિબ્યુનલ ઈન્કવિઝિશન** માટે પહેલી વિધિસર વિનંતિ કરી હતી:

'નામદારને મારી એવી આગ્રહભરી વિનતિ છે કે, આપ અહીં એક એવા યોગ્ય કર્મચારીને જરૂરી સત્તા સાથે મોકલો કે જેની એકમાત્ર ફરજ અહીં નાશ પામી રહેલા અસંખ્ય માનવજીવોના મોક્ષ અંગેની સંભાળ લેવાની હોય. વળી એ હોદા પર તેને નાણાકીય અને વહીવટી કામકાજ

સંભાળનારા આપના પ્રધાન તરફથી અનિયંત્રિત સત્તા બક્ષવામાં આવે તે પણ આપ જોશો.”

સ્પષ્ટ કબૂલાત

જેસુઈટ ફાધર સાઈમાઓ રોડરિગ્ઝને સંબોધીને કોચીનથી ૧૫૪૮ના જાન્યુઆરીની ૨૦મીએ લખાયેલા સંત ઝેવિયરના એક બીજા પત્રમાં એવી સ્પષ્ટ કબૂલાત છે કે, સરકારી સત્તાની સક્રિય સહાય વિના ભારતીઓને કૅથોલિક ધર્મમાં વટલાવવાનું શકય નથી. સંતના પોતાના શબ્દો આ રહ્યા:

“મારા અનુભવ પરથી મને જણાયું છે કે, ભારતમાં ધર્મને ફેલાવવાનો એકમાત્ર અસરકારક માર્ગ રાજાએ એક આદેશપત્ર કાઢીને ભારતમાંના તેના સર્વ અધિકારીઓને એમ જણાવવાનો છે કે, **જેઓ ધર્મના શાસનને વિસ્તારવા તેમની સત્તા હેઠળનાં એકેએક સાધનનો ઉપયોગ કરશે** તેમનામાં જ તે વિશ્વાસ બતાવશે. સિલોનના ટાપુને ઈશુ ખ્રિસ્તના ધર્મ પ્રત્યે આકર્ષવા માટે કન્યાકુમારી ખાતે ખ્રિસ્તીઓની સંખ્યા વધારવા તેઓએ ઉત્સાહપૂર્વક કામે લાગી જવું જોઈએ અને ધર્મના પ્રચાર માટે આપણા સમાજ (જેસુઈટ) ના સભ્યોને યા તો બીજા પાત્ર જણાય તેવા સર્વ શ્રદ્ધાળુ લોકોને તેઓએ આ કાર્યમાં લગાડવા એવો રાજાએ તેમને સ્પષ્ટ હુકમ કરવો જોઈએ. ... રાજા જો આવો આદેશ આપે અને તેનો અનાદાર કરનાર તરફ સખત હાથે કામ લે તો મોટી સંખ્યામાં દેશી લોકો ઈશુ ખ્રિસ્તના ધર્મને અંગીકાર કરશે: **એ સિવાય બીજી રીતે સફળતાની આશા નથી.**

“હું આ બાબતમાં કઈ રીતે વિચારું છું તે હવે આપ જાણો છો. હું એટલું જ ઉમેરીશ કે હું જે માગું છું તે કરવામાં આવશે તો આપણા ધર્મમાં આવેલા ગરીબોનું અન્યાય અને લૂંટ સામે રક્ષણ કરી શકાશે અને બીજા દેશી લોકો પણ વિના મુશ્કેલીએ ખ્રિસ્તી સમાજમાં ભળશે, કારણ,

ખ્રિસ્તી ધર્મના પ્રસાર અર્થે આપ નામદારની અને વાયસરોયની સત્તાનો પ્રભાવ જો બતાવાશે નહિ તો કશું જ થઈ શકશે નહિ."

પ્રથમ અનુભવ

પોતાના કામમાં તદન નવા અને ભારતમાં પ્રવર્તતી પરિસ્થિતિથી અજાણ ઝેવિયર પહેલાં તો વિના મુશ્કેલીએ ધર્માંતર કરાવવા વિશે ખૂબ આશાવાદી હતો અને પોતાને ઘરેથી નીકળતી વેળા ઉપરીઓ તરફથી જે સૂચનાઓ મળી હતી તેનું પાલન કરવા માગતો હતો. તેણે પોતે કોઈ સૂચન કર્યાં ન હતાં. પણ આ તો તદન પ્રારંભની વાત. એ પછી તો તરત જ તેણે તેના પત્રોનો સૂર બદલ્યો અને પૂર્વમાં પોતાના મિશનના સફળ અમલ અર્થે ઉપરાઉપરી ભારે માગણીઓ કરવા લાગ્યો.

પોર્ટુગલનો રાજા ડી. જોન ત્રીજો ઘણો કટ્ટરતાવાદી હતો અને ધર્માંતર માટે અજમાવેલા પાશવી ઉપાયો તેના ઝનૂનને આભારી હતા. ઝેવિયર તેનો ગુરુ હતો. ફરી તેને લખતાં ઝેવિયર આ પ્રમાણે માગણી કરે છે:

"કૃપા કરી એવો આદેશ આપશો કે વાયસરૉય અને સરકાર જ્યારે જ્યારે આપને લખે ત્યારે તેઓ અહીંની વર્તમાન ધાર્મિક પરિસ્થિતિ વર્ણવે અને તેમાં વટલાયેલાની સંખ્યા અને તેમની જાત, વધુ લોકોને વટલાવવાની શકયતા અને તે સિદ્ધ કરવા યોજનારા ઉપાયો વગેરે જણાવે. કૃપા કરીને એવો આદેશ પણ આપશો કે ધર્મ અંગેની બાબતમાં જેમની હકુમત હેઠળના વિસ્તારમાં વટલાયેલાઓની સંખ્યા વધી હશે તેમના પત્રો જ વિચારવામાં આવશે. શાસકો જ્યારે ધર્માંતરની તરફેણમાં હોય છે ત્યારે જ કોઈ પણ સમયે અને કોઈ પણ દેશમાં ધર્માંતર કરનારાઓની સંખ્યા અસીમપણે વધે છે. એટલે જે અધિકારીઓ તેમના શાસન હેઠળના વિસ્તારમાં વટલાયેલાઓની સંખ્યામાં વધારો બતાવી ન શકે તેમને આપ નામદારે તે માટે જવાબદાર ગણી શિક્ષા કરવી જોઈએ અને આ

વસ્તુ એ અધિકારીઓને જે દ્વારા સત્તા આપવામાં આવે છે તે અધિકારપત્રોમાં જ ગંભીરતાપૂર્વક જાહેર કરવી જોઈએ.

"...નાસ્તિકોની અતિ મોટી સંખ્યાને વટલાવવા માટે પોતે પ્રવૃત્ત બનશે નહિ તો માલમિલકત અને હોદા ખોઈ બેસીશું એવો ભય જ્યાંસુધી ભારતમાંના વાયસરૉયો અને ગવનરોને નહિ લાગે ત્યાં સુધી ભારતમાં ધર્મપ્રચાર કરતા પાદરીઓની મહેનતનાં ભારે ફળની આશા રાખવી જોઈએ નહિ અને ખ્રિસ્તી ધર્મમાં જોડાવા મોટી સંખ્યામાં લોકો આવશે તેમ જેઓ એમાં જોડાયા છે તેઓ તેમાં કંઈ આગળ વધી શકશે એવી અપેક્ષા રાખવી જોઈએ નહિ."

મૂર્તિભંજકનો આનંદ

ઝેવિયર મલબાર કાંઠાના વિસ્તારમાં સામુદાયિક ધર્માંતર કરાવી શકયો હતો. ગોવામાં તે આમ કરવામાં સફળ થયો ન હતો. મલબાર કાંઠાના સામુદાયિક ધર્માંતરનું વર્ણન આપતાં જિસસ સોસાયટીને ૧૫૪૫ના ફેબ્રુ-આરીની ૮મીએ લખેલા તેના પત્રમાં પોતે આ કાર્ય કઈ રીતે કરતો તે જણાવતાં તે લખે છે:

"બેપ્ટિઝમ– ધાર્મિક નામકરણ વિધિ–પછી નવા ખ્રિસ્તીઓ તેમના ઘરે જાય છે અને તેમની સ્ત્રીઓ અને કુટુંબીજનો સાથે પાછા ફરે છે. તેઓ પણ બેપ્ટિઝમ માટે તૈયારી બતાવે છે. તેઓને ખ્રિસ્તી ધર્મમાં પ્રવેશ કરાવ્યા પછી હું તેમને ફરમાવું છું કે સર્વ સ્થળે ખોટા દેવતાઓના મંદિરો તોડી પાડો અને મૂર્તિઓને પણ ભાંગી નાખો. મંદિરો અને મૂર્તિઓને આ રીતે જેઓ એક વેળા તેમને પૂજતા તે જ લોકોને હાથે તોડી પડાતાં નિહાળીને મને જે આનંદ ઉપજે છે તે વર્ણનાતીત છે."

"ગોવામાં પોર્ટુગીઝ શાસન" એ નામના પોતાના પુસ્તકમાં શ્રી આર. પી. રાવ ખ્રિસ્તી ધર્મના પ્રસાર વિશે લખતાં જણાવે છે:

"સામુદાયિક ધર્માંતર દરમિયાન પોર્ટુગીઝોને જણાયું કે માત્ર હલકા વર્ણના લોકોજ ધર્મપલટા માટે આવે છે. બ્રાહ્મણો અને બીજા ઉચ્ચ વર્ણના લોકોને સહેલાઈથી આકર્ષી શકાય તેમ નથી. આ વટાળપ્રવૃત્તિને લઈને બ્રાહ્મણોના મનમાં આ વિદેશીઓ અને તેમના ધર્મ પ્રત્યે કેવળ ધિક્કારની લાગણી જ પ્રગટી હતી."

લોકોને વટલાવવા જ નહિ, તેમના પ્રાચીન ઉપાસના સ્થળોનો અને મૂર્તિઓનો પણ નાશ કરવા પ્રવૃત્ત બનેલો ઝેવિયર પારિસમાંની જિસસ સોસાયટી પરના પોતાના એક પત્રમાં જણાવે છે:

"આ પ્રદેશોમાં વસતા નાસ્તિકોમાં બ્રાહ્મણોને નામે ઓળખાતા માણસોનો એક વર્ગ છે. બધે હોય છે તેવા જ વિકૃત અને લુચ્ચા એ લોકો છે. 'અપવિત્ર જાતિ અને લુચ્ચા દગાબાજ લોકોથી મને બચાવ, પ્રભુ!' એ ખ્રિસ્તી સ્તોત્ર આ લોકોને બરાબર લાગુ પડે છે.

"બ્રાહ્મણો અવરોધક ન હોત તો બધાજ નાસ્તીકોનેએ આપણો ધર્મ અંગીકાર કર્યો હોત."

બ્રાહ્મણોને લલચાવવાનો પ્રયાસ

સંત ફ્રાન્સિસ ઝેવિયરે જોકે શ્રેષ્ઠ પ્રયાસો કર્યા છતાં બ્રાહ્મણો તેની વાત સાંભળે અને ઈશુનો ધર્મોપદેશ અપનાવવા તૈયાર થાય એ અસંભવ વાત હતી. આ પ્રયાસમાં તેને કેવી સરિયામ નિષ્ફળતા મળી તેનું ભારતની કેથોલિક ટ્રુથ સોસાયટી તરફથી પ્રગટ કરાયેલા 'સંત ઝેવિયર' નામના ગ્રન્થના એક પ્રકરણમાં વર્ણન અપાયું છે.

'બ્રાહ્મણો વચ્ચે (૧૫૪૩)' એ શિર્ષક હેઠળનું પ્રકરણ આ પ્રમાણે છે:

માછીમારોએ ઈશુના દૂતોની વાત સાંભળી પણ હિન્દુ મંદિરોના બ્રાહ્મણ પૂજારીઓએ આ દેવવાણી પ્રત્યે કાન બંધ કરી દીધા. સંત ફ્રાન્સિસ

ઝેવિયરે ત્રિચેન્દુરના મંદિરમાં તેમની સાથે લાંબી ધર્મચર્ચા કરી. તેઓએ એ વાત સ્વીકારી કે ઝેવિયર જે બોલી રહ્યા છે તે ધર્મ સત્ય છે. ઝેવિયર સાથે તેઓ એકલા હતા ત્યારે તેમણે તેને કહ્યું: "અમે સમજીએ છીએ કે ઈશ્વર તો એક જ છે. પણ આ મૂર્તિઓ અમારા જીવનનિર્વાહનું એકમાત્ર સાધન છે."

સંત ફ્રાન્સિસ ઝેવિયરે રોમ ખાતે પાઠવેલા એક પત્રમાં જણાવ્યું છે:

"અન્ય લોકો સાથે તેઓ જે છેતરપિંડી ચલાવી રહ્યા છે તેને હું ખુલ્લી પાડી ન દઉં તે માટે તેઓ મને ભેટસોગાદો મોકલી રહ્યા છે, પણ હું તેમના ધંધાની સર્વત્ર જાહેરાત કરતો ફરું છું. બ્રાહ્મણોનો જો વિરોધ ન હોત તો બધાએ ખ્રિસ્તી ધર્મ અપનાવી લીધો હોત."

તે આગળ લખે છે: "એક મંદિરમાં બસોથી વધુ બ્રાહ્મણો વસે છે. મેં તેમને પૂછ્યું: સ્વર્ગમાં જવા માણસ શું કરે છે? તેઓએ જવાબ આપ્યો કે તેમના દેવો પરલોકમાં જેઓ તેમને પામવા માગતા હોય તેમને માટે બે જ ફરજ બતાવે છે. એક એ કે ગોહત્યા ન કરવી અને બીજી એ કે બ્રાહ્મણો તરફ દયા બતાવવી અને તેમને દાન આપવું. આ જવાબથી મને ઘૃણા ઉપજી. કારણ ઈશ્વરને બદલે ખોટા દેવતાઓની ઉપાસના થતી નિહાળીને મેં ઊંડું દુ:ખ અનુભવ્યું: માનવી ઉપર શયતાનને આવો ત્રાસ પ્રવર્તાવતો જોઈને મને ખૂબ જ ખેદ થયો. અને બ્રાહ્મણો સાંભળે તે માટે મોટેથી મેં ખ્રિસ્તી ધર્મના લાભોનું પુનરુચ્ચારણ કર્યું. મેં તેમને સ્વર્ગ અને નર્કના સિદ્ધાંતની વાત કરી અને સ્વર્ગમાં કોણ જાય છે તે પણ સમજાવ્યું. પછી એ બધા ઊભા થયા અને બોલ્યા: 'ખ્રિસ્તીઓના દેવ એ સાચા ઈશ્વર છે, કારણ તેના ધર્માદેશો તર્કશુદ્ધ છે.' મેં આથી તેમને અનુરોધ કર્યો કે તેમને જે ધર્મ સાચો લાગે છે તે તેઓએ અપનાવવો જોઈએ. પણ તેઓએ ખરાબ ખ્રિસ્તીઓને તેમના જીવનનો રાહ બદલવાનું કહીએ અને તેઓ જે જવાબ આપે તેવો જ વાંધો બતાવ્યો:

'અમારો જીવનરાહ બદલાવીએ તો તે જોઈને લોકો શું કહે, અને અમારો જીવનનિર્વાહ અમે કેમ રળી શકીએ?'

કેવો ચમત્કાર

સંત ફ્રાન્સિસ ઝેવિયર માત્ર એક બ્રાહ્મણને વટલાવી શક્યો. એ એક યુવાન બ્રાહ્મણ હતો અને બાળકોને સવાલ જવાબના રૂપમાં શિક્ષણ આપવા તૈયાર થયો હતો.

અદ્‌ભુત સામુદાયિક ધર્માંતરનું આ કેવું ચિત્ર! ખ્રિસ્તી ધર્મ માટે અનુયાયીઓ મેળવવાનો બીજો કોઈ માર્ગ ન સૂઝતાં ઝેવિયરે ઈન્ક્વિઝિશનની અંતિમ પદ્ધતિ અપનાવવાનો માર્ગ લીધો. આ પ્રશ્નનો એ જ એક માત્ર ઉકેલ તેને જણાયો. શ્રી એ. કે. પ્રિયોલકર તેમના 'ધ ગોવા ઈન્ક્વિઝિશન' પુસ્તકમાં નીચે મુજબ જણાવે છે:

ગોવામાં ઈન્ક્વિઝિશન સ્થાપવાની પહેલી ખરેખરી માગણી સંત ઝેવિયરે કરી હતી. મોલ્યુક્કાસના એમ્બોઈનાથી ૧૫૪૫ના મેની ૧૬મીના રોજ પોર્ટુગલના રાજા ડી. જોન ત્રીજાને લખેલા પત્રમાં તેણે લખ્યું હતું:

"આપ ધાર્મિક ઈન્ક્વિઝિશનની સ્થાપના કરો એ ખ્રિસ્તીઓ માટેની બીજી જરૂરિયાત છે, કારણ ઈશ્વરના ડર કે દુનિયાની શરમ વિના યહુદીઓના કાનૂનનું પાલન અને ઈસ્લામનું અનુસરણ કરતા હોય એવા ઘણા લોકો છે અને આખા કિલ્લામાં ઠેરઠેર પથરાયેલા આવા અસંખ્ય લોકો હોઈને ધાર્મિક ઈન્ક્વિઝિશનની અને ઘણા બધા ધર્મોપદેશકોની જરૂર છે. ભારતમાંની આપની વફાદાર અને એકનિષ્ઠ પ્રજા માટે આપ નામદારે આવી આવશ્યક બાબતો પૂરી પાડવી જોઈએ."

જો કે રાજા જોન ત્રીજાના શાસનકાળ દરમિયાન ગોવામાં ઈન્ક્વિઝિશન સ્થપાયું ન હતું, પણ તેના મૃત્યુ પછી તુરતમાં જ ૧૫૫૬માં એ સ્થપાયું.

આ એ ઝેવિયર હતો જેને ભારતની આબોહવાનો અને પોતાના સનાતન ધર્મને ચુસ્તપણે વળગી રહેવાની દેશી લોકોની અડગતાનો અનુ-

ભવ મળી ચૂકયો હતો, એટલે જ એના અગાઉના પત્રોમાં એ ઓછો નિર્દય અને ઓછો ક્રુર જણાય છે.

દક્ષિણમાં પ્રચારકાર્ય

૧૫૪૨માં ગોવાની મુલાકાત પછી ફ્રાન્સિસ ઝેવિયરે ફાધર ઈગ્નેશિયસને એક પત્રમાં લખ્યું હતું:

"...નાસ્તિકો અને મુસ્લિમો જેમના તરફ મને મોકલવામાં આવ્યો છે તેમની સાથે મારે કઈ રીતે કામ લેવું તે સંબંધે કૃપા કરીને મને વિગતવાર સૂચનાઓ પાઠવશો જેથી કરીને ઈશ્વરની કૃપાથી હું સાચો રાહ લઈ શકું અને તેમને વિશે જો કોઈ ભૂલ કરતો હોઉં તો તે સુધારી શકું. અહીં ગોવામાં હું હૉસ્પિટલમાં રહું છું અને માંદાઓને ધર્મોપદેશ આપું છું."

દક્ષિણમાં પરવા માછીમારોને વટલાવવામાં ઝેવિયરને સફળતા મળી. પોતાના આ પ્રચારકાર્ય વિશે એક પત્રમાં એ જણાવે છે:

"સરકાર હવે મને એવા પ્રદેશમાં મોકલી રહી છે જ્યાં હું ઘણા લોકોને ખ્રિસ્તી બનાવવાની આશા રાખું છું. એ વિસ્તારના ત્રણ પાદરીઓને અને બીજા બે કે ત્રત જણાને મારી સાથે લઈ જાઉં છું. તેઓ પોર્ટુગીઝ ભાષા તેમ જ ગોવાથી છસો માઈલ દૂર આવેલા કન્યાકુમારીના તેમના પોતાના પ્રદેશની ભાષા સારી રીતે બોલી શકે છે."

દક્ષિણમાં પોતાને થયેલા અનુભવો વિશે ઘરે લખતાં ૧૫૪૪ના જાન્યુઆરીમાં ફાધર ઈગ્નેશિયસ પરના એક પત્રમાં ઝેવિયર જણાવે છે:

"ગોવાની શાળાના ત્રણ દેશી વિદ્યાર્થીઓને લઈને હું ઉપડયો હતો અને અહીં આવી પહોંચતાં આજથી આઠ વર્ષો પૂર્વે ખ્રિસ્તી બનેલાં લોકો

જ્યાં વસતાં હતાં તેવાં કેટલાંક ગામોની અમે મુલાકાત લીધી. આ સુકા અને ગરીબ પ્રદેશમાં કોઈ પોર્ટુગીઝ વસતો ન હોઈને પાદરી વિનાના આ ખ્રિસ્તીઓ તેઓને ખ્રિસ્તી બનાવાયા છે તેથી વિશેષ કશું જ જાણતા ન હતા. એ લોકોના એ પછી થયેલાં બાળકોની નામકરણવિધિમાં હું અહીં આવીને લાગી ગયો છું. આમાંના કેટલાક તો એટલાં નાના છે કે ડાબા જમણા હાથનો ભેદ પણ સમજતા નથી. તેઓ બધા બુદ્ધિશાળી તો છે જ અને તેમને કોઈ માર્ગદર્શન આપનારું મળે તો તેઓ સારા ખ્રિસ્તીઓ બની રહે તેવા છે."

દક્ષિણના તામિલ લોકો વચ્ચે

વધુ ને વધુ લોકો ધર્માંતર કરે એ પોતાના ઉદેશોની સિદ્ધિ અર્થે ઝેવિયર પરિસ્થિતિને કેવો અનુકૂળ બની જતો તે દક્ષિણમાં તે હતો તે દરમિયાન તેની કામગીરીનો અહેવાલ આપતાં તેણે લખેલા પત્રો પરથી જોઈ શકાય છે. :

"અમે દેશી લોકો વચ્ચે જઈએ છીએ, પણ તેઓ મને બરાબર સમજી શકતાં નથી. હું પણ તેમને સમજી શકતો નથી– તેમની ભાષા તામિલ છે. મારી ભાષા બાસ્ક છે. વધુ બુદ્ધિશાળી દેશી લોકોની મદદથી હું ઈશુનાં સ્વપ્નો તેમજ દસ આદેશોને તામિલ ભાષામાં ઉતારી શક્યો. હું એ બરાબર ગોખી ગયો. એ પછી એક હાથમાં ઘંટ લઈને હું ફરતો અને મારીઆજુબાજુ બાળકો તથા મોટાંઓને ભેગા કરતો. આ રીતે રોજ બે વાર હું તેમને ભેગા કરીને પ્રાર્થના શીખવતો. બાળકો એ શીખીને ઘરે તેમનાં માબાપને અને બીજાં કુટુમ્બીજનોને તથા પડોશીઓને પણ શીખવતાં."

પરવા જાતિના માછીમારોમાં "ફ્રાન્સિસ ઝેવિયરે ધર્મપ્રચારનું જે કાર્ય કર્યું તે બેડેગી લોકોના આક્રમણે લગભગ ધૂળધાણી કરી નાખ્યું. તેઓ ખ્રિસ્તી તરીકે વટલાયેલાઓને લૂંટવા અને તેમની કત્લ કરવા ચડી આવ્યા

હતા. એક વાત એવી કહેવાય છે કે કન્યાકુમારી ખાતેની એક મુખ્ય ટુકડીના પોર્ટુગીઝ નાયકે આ આક્રમણને નાણું રળવાનો એક પ્રસંગ ગણીને આવકાર્યું હતું. તેણે બેડેગી લોકોને ઘોડાઓ વેચીને સારો કમાણીનો ધંધો પણ કરી લીધો. ટેકરી પ્રદેશમાંથી ઉતરી આવેલા આ આક્રમકો પરવા જેવા જ ભોળા છે એમ માનીને તેમને ઠગવાનો પણ તેણે પ્રયાસ કર્યો હતો પણ પાછળથી તેને જણાયું કે એ લોકો તો તેનાથી સવાયા ઠગ હતા. પોતાની સાથે આવી ચાલબાજી થઈ તેથી ગુસ્સે થઈને એ હુમલાખોરોએ પોર્ટુગીઝ નાયકના ઘર તથા વહાણને સળગાવી દીધાં હતાં.

લૂંટારા પોર્ટુગીઝો

આ અનુભવ પછી ઝેવિયરને પોતાના ધર્માંતરના કાર્યમાં પોર્ટુગીઝ અધિકારીઓની સહાય મળવા સંબંધમાં થોડી આશંકા જાગી. એટલે તે કોઈમ્બ્રાના રોડ્રિગેઝને ૧૫૪૫ના જાન્યુઆરીમાં આ પ્રમાણે લખે છે:

તમને પ્રિય હોય તેવા કોઈને રાજાની વતી વહિવટી કે નાણાંકીય બાબતો સંભાળવા ભારત આવવા ન દેશો. આવા હોદ્દે અહીં જે કોઈ આવે છે તે, 'તેનું નામ જીવનની કિતાબમાંથી ભૂંસી નાખો અને ન્યાયી લોકો સાથે તેના નામને મૂકશો નહિ...' એવા બાઈબલ કથિત આદેશને પાત્ર બની જાય છે. પોર્ટુગીઝોમાં અહીં એટલું બધું અનિષ્ટ સ્વાભાવિક બની ગયું છે કે બધા જ ફાવે તેમ લૂંટ ચલાવે છે. દરેક નવો આવનાર પોતાની રીતે નવી લૂંટ આદરે છે. છાની રીતે કે બેશરમ બની છડેચોક વિવિધ બહાને લૂંટ આદરીને અહીં યુરોપી લોકો દરરોજ માલદાર બની રહ્યા છે."

નિરાશ ઝેવિયર

ઝેવિયરને માટે ૧૫૪૫નું વર્ષ ૧૫૪૪ જેટલું જ નિરાશાજનક નીવડ્યું. એણે પોર્ટુગલના રાજવીને લંબાણપૂર્વક લખ્યું હતું છતાં કંઈ જ બન્યું નહિ. એણે આથી એક બીજો પત્ર લખ્યો, જેમાં જણાવ્યું હતું:

"ભારતનો પોકાર તમારી સામે ફરિયાદમાં ઊંચે સ્વર્ગભણી જઈ

રહ્યો છે. તેના સામ્રાજ્યમાંથી આપ અઢળક ખજાનો મેળવો છો, પણ તેના દુ:ખી આત્માની આધ્યાત્મિક જરૂરિયાતો પૂરી પાડવા તદ્દન નજીવી રકમ જ આપો છો એવી તેની ફરિયાદ છે."

આમ જોઈ શકાશે કે રોમના ચર્ચ એટલે કે ખ્રિસ્તી ધર્મ માટે સહેલા વિજયની ભારે આશાઓ સાથે પૂર્વના દેશોમાં આવેલા ફ્રાન્સિસ ઝેવિયરને તેનું કાર્ય અતિ કઠિન જણાયું. પણ તે પરાજય સ્વીકારે તેવો નહોતો અને અડગ નિરધારપૂર્વક પોતાની નેમ પાર પાડવા તે કાર્ય કરતો રહ્યો. ધર્માંતરની સફળ ઝૂંબેશ અર્થે યોજના ઘડતો રહ્યો. એ યોજના હતી ઈન્કવિઝિશનની.

વર્ષો વીતતાં ગયાં અને ઝેવિયરને ધર્માંતરનું તેનું કાર્ય ઝડપથી આગળ ધપતું લાગ્યું નહિ ત્યારે તે તેના કાર્યની સિદ્ધિ માટેના પ્રયાસોમાં વધુ બેફામ બન્યો અને વધુ જલદ પદ્ધતિ અપનાવવા લાગ્યો.

'હિસ્ટરી ઑફ ક્રિશ્ચિયન મિશન્સ' નામના રોબિન્સને લખેલા પુસ્તકમાંથી નીચેનો ઉતારો વાચતાં ઝેવિયરના આદર્શો પર વધુ પ્રકાશ ફેંકાય છે :

"પહેલેથી છેવટ સુધી ઝેવિયરે પોતાના ધર્મપ્રચારના કાર્યને આગળ ધપાવવામાં સરકારી સત્તાની સહાય લેવામાં કોઈ વિવેક જાળવ્યો ન હતો. 'મૂર્તિ ઘડનારાઓને મોતની સજા ફરમાવવા' સુધીની સત્તા તેણે પોર્ટુગલના રાજવી પાસેથી મેળવી હતી."

ઈગ્નેશિયસ લાયોલાને ૧૫૪૯ના જાન્યુઆરીમાં લખેલા એક પત્રમાં ઝેવિયર જણાવે છે :

"ભારતના દેશી લોકો એ એટલા બધા દુષ્ટ છે કે તેઓ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરે એવી કદી આશા રાખી શકાય નહિ. એ ધર્મ પ્રત્યે તેઓને એટલી બધી ઘૃણા છે કે અમે જ્યારે એ વિશે તેમને બોધ આપવા જઈએ છીએ ત્યારે તેઓ તે સાંભળવા જેટલી ધીરજ પણ બતાવતા નથી. વાસ્તવમાં ખ્રિસ્તી બનવાનું તેમને કહેવું એ જાણે તેમને આત્મહત્યા કરવા આમંત્રવા જેવું છે."

ઇન્કવિઝિશન માટે આગ્રહ

આલ્ફોન્સો ડિ સોઝા પોતે લખે છે કે ફ્રાન્સિસ ઝેવિયરે પોર્ટુગલના રાજા જોન ત્રીજા ઉપર ૧૫૪૫ના નવેમ્બરની ૧૦ મીના પત્રમાં જણાવ્યું હતું કે 'પોર્ટુગલની હકુમત હેઠળના પૂર્વ ભારતના પ્રદેશોમાં દરરોજ દગાબાજી પ્રસરતી જાય છે' અને 'રાજાને આથી આવા મહાન વિશ્વાસઘાત સામેના ઉપાય તરીકે એ દેશમાં પાદરીઓની ન્યાયમંડળી– ઈન્ક્વિઝિશન– મોકલવા આર્જવભરી વિનંતી કરે છે.'


સમજણનો અભાવ

ફાધર બ્રોડરિકે સંત ઝેવિયરની પોતે લખેલી જીવનકથામાં ટીકાત્મક વક્તવ્યની જે નિખાલસતા બતાવી છે તે ખરેખર તાઝગીપ્રેરક છે. સંત ઝેવિયરનાં પોતાનાં સમજણ અને દષ્ટિબિન્દુની મર્યાદાઓ ફાધર બ્રોડરિકે જેમાં વર્ણવી છે તે નીચેનો પરિચ્છેદ ઘણો જ સૂચક છે.:

"સંત ફ્રાન્સિસનું હિંદુ ધર્મ વિશેનું જ્ઞાન, મુસ્લિમ ધર્મ વિશેની પૂર્વ-ગ્રહયુકત તેની જૂજ માન્યતાઓ કરતાં યે શકયત: ઘણું ઓછું હતું. પોર્ટુગીઝો જોકે ચાલીસથી વધુ વર્ષો થયાં ભારતમાં આવ્યા હતા તો પણ તેમાંના કોઈએ તેમની પોતાની સંસ્કૃતિ કરતાં અતિ પ્રાચીન અને અતિ-ભવ્ય એવી સંસ્કૃતિ કે જેના પર તેઓ હિંસક રીતે તૂટી પડયા હતા તેને સમજવાનો જરા સરખો પણ પ્રયાસ કર્યો ન હતો."

એટલે આપણે આ પ્રકરણ એક અંગ્રેજ મિશનરીના શબ્દો વડે જ પૂરું કરીએ. તેણે સંત ઝેવિયર સંબંધમાં આ પ્રમાણે કહ્યું છે:

"ઘણા અંગ્રેજ પ્રોટેસ્ટંટો, તેમને માટે સહજ એવી ઉદારતામાં ભાગ્યે જ એ વાત માને કે ભારતમાં એક ઈન્ક્વિઝિશન અંગેના સૌ પ્રથમ નોંધાયેલા નિર્દેશો સંત ઝેવિયરની પેન વડે લખાયેલા છે. 'આ એક એવો માનવી હતો જેને આપણા મિશનરીઓ માટે અનુકરણીય નમૂનારૂપ ખૂબ જ અવિચારી રીતે લેખવામાં આવી રહ્યા છે."



"તેઓ અંધ છે અને આંધળાના આગેવાનો છે."

(બ્રાહ્મણોને લલચાવી રહેલો સંત ઝેવિયર)

પ્રકરણ ૨

જેસુઇટો અને તેમનો વિતંડાવાદ

આ પ્રકરણમાં ભારતના સુદીર્ઘ ઇતિહાસમાં એક નાના સમયગાળા માટે ગોવા પર પોર્ટુગીઝોનું આધિપત્ય જમાવવામાં જેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો તે જેસુઇટો– ઈશુપંથીઓ—નાં કૃત્યો અને તેમના ઇતિહાસ પર દૃષ્ટિપાત કરીશું. તેઓએ તેમના કેથોલિક ધર્મને આ દેશમાં ફેલાવવા માટે અહીંના લોકો પર ઇન્ક્વિઝિશન રૂપી બેહદ ત્રાસ ગુજાર્યો હતો.

જેસુઇટ એટલે ધૂતારો

અહીં એ વસ્તુ નોંધવી જોઈએ કે 'જેસુઈટ' શબ્દ જિસસ સોસાયટીના સભ્યોનું સત્તાવાર નામાભિધાન નથી. સોસાયટી ઑફ જિસસની સ્થાપના સ્પેનના ઈગ્નેશિયસ લોયોલાએ ૧૫૪૦માં કરી હતી. આ શબ્દ તેમના ચારિત્ર્યને વર્ણવવા માટે પારિસ યુનિવર્સિટીના વિખ્યાત ડૉકટર એટિયેન પેસ્કવાયરે યોજ્યો હતો. પેસ્કવાયર તેના ગ્રન્થ 'લ કેટેચિઝમ દ જેસુઈટસ'માં લખે છે :

"જિસસ સોસાયટીના સભ્યોને હું જેસુઈટો કહું છું, કારણ જગત સાથેના તેમના વ્યવહારમાં તેઓ જે દુષ્ટતા બતાવે છે તે જોતાં ઈશુના પવિત્ર નામને તેઓ યોગ્ય નથી."

વાસ્તવમાં વાચક જો કોઈ પણ યુરોપી ભાષામાં 'જેસુઈટ' શબ્દનો

શો અર્થ થાય છે તે જાણવા શબ્દકોષ ખોલશે તો તેને જે અર્થ મળશે તે કોઈ પણ સન્માન્ય વ્યકિતને કોઈ પણ રીતે યોગ્ય ગણાય એવો નહિ હોય.

પિટર રોજેટે લખેલા 'અંગ્રેજી શબ્દો અને વાકયોના ભંડાર'માં 'જેસુઈટ' શબ્દના પર્યાપ તરીકે તેણે 'છેતરનાર', 'દંભી', 'ઢોંગી', 'લુચ્ચો', 'જુઠ્ઠો', 'વાહિયાત', 'ચોર', 'અપ્રમાણિક', 'સ્ત્રીઓને ફસાવનાર', 'વિતંડાવાદી' ઈત્યાદિ અનેક શબ્દો આપ્યા છે.

જિસસ સોસાયટીના સભ્યો એ વેળા પેસ્કવાયર સામે આ માટે ઉકળી ઉઠયા હતા. યુરોપના રાજદરબારોમાં તેઓ મોટા સ્થાનો શોભાવતા હતા, ઉમરાવોના બાળકોના તેઓ શિક્ષકો હતા, રાજાઓના સલાહકારો હતા અને એથી તેઓ નીચી મૂડીએ આ વાત સહી લે તેમ ન હતા. આમ છતાં તેમના ગુમાનને પડકાર થયા વિના રહ્યો ન હતો. કારણ સત્તરમી સદીના પ્રારંભમાં સત્તાવાળાઓની ભારે જાગૃતિ છતાં 'નવા પ્રકાશ'ને પરિણામે યુરોપભરમાં એક નવા પ્રકારનું સાહિત્ય પ્રસરવા લાગ્યું હતું. અને આ નવો પ્રકાશ રાજાઓ અને સરકારો તરફની લોકોની શ્રદ્ધાને હચમચાવી મૂકવા અને જેસુઈટો સામે સીધો હુમલો શરૂ કરવા નિર્માયો હતો.

પાસ્કલના પ્રહારો

મહાન ફ્રેન્ચ ચિંતક અને વિજ્ઞાની પાસ્કલે ૧૫૫૬માં જ પોતાના પત્રો પ્રગટ કર્યા હતા, જેમાં તેણે જેસુઈટોના નીતિ આચારની ટીકા કરી હતી. યુરોપના સાંસ્કૃતિક નેતાઓ હોવાનો તેમનો દાવો, વિશ્વ પર આધિપત્ય જમાવવાના ઉદેશ સાથેની તેમની રાજકીય પ્રવૃત્તિઓ, સાધ્ય વસ્તુ મેળવવા ગમે તે સાધનને યોગ્ય ગણવાનો તેમનો સિદ્ધાંત, સંપત્તિ માટેની તેમની લાલસા અને ધાર્મિકતા અને દયાભાવનાનો તેમનામાં રહેલો અભાવ– એ બધું ખુલ્લું કરીને તેણે તેમની નાલેશી કરી હતી. પાસ્કલના આ પ્રહારમાંથી જેસુઈટોને હજી જાણે કળ વળી નથી. પાસ્કલના મિત્ર અને વિખ્યાત ગણિતશાસ્ત્રી અને ફિલસૂફ ડેસ્કાર્ટિસ જેસુઈટોનો શિષ્ય હતો. તેણે પણ

તેમના વિશેના પોતાના જ્ઞાન સાથે પાસ્કલના આ ભારે પ્રહારમાં સાથ આપ્યો હશે એમ માનવામાં આવે છે.

પણ પાસ્કલ તો એક વિદ્વાન પુરુષ હતો. સત્ય માટેની તેની ધગશ અને માનવીના અંત:કરણને માન આપવાની તેની વૃત્તિ સાથે તે આ રાજકારણના કાવાદાવામાં ડૂબેલા, જગતભરમાં પથરાયેલા વિરોધીઓ સામે ટક્કર લઈ શકે તેમ ન હતો. પાસ્કલ વિવાદમાં તો કોઈથી ગાંજ્યો જાય તેમ ન હતો. એટલે જેસુઈટોએ તેની સામે તેમની પાસેનું એકમાત્ર છેલ્લું શસ્ત્ર અજમાવ્યું. તેઓએ પાસ્કલની વિરુદ્ધ પોપને અપીલ કરી અને પોપે પાસ્કલને ઉતારી પાડયો. પાસ્કલ ધર્મની આવશ્યકતામાં માનતો હતો એટલે તેણે પછી હુમલાઓ કરવાનું છોડી દીધું. આમ છતાં, તેણે છેવટનો ફટકો આ રીતે માર્યો હતો. "મેં જે કહ્યું તેને શેમે વખોડી કાઢયું છે, પણ મેં જેને વખોડી કાઢયું છે, તેને તો માનવીના આત્માએ વખોડી કાઢેલું જ છે.'

લાંચ અને દમન

જેસુઈટો પોતાની ધર્માંતર પ્રવૃત્તિને આગળ ધપાવવામાં 'લાંચ, ધાકધમકી અને ત્રાસ'નો કેવી રીતે ઉપયોગ કરતા હતા તેનું પેનરોઝે આ પ્રમાણે વર્ણન આપ્યું છે:

પોર્ટુગીઝ સામ્રાજ્યના અસ્તમાં જો કોઈ એક મહત્ત્વની તારીખની ગણતરી કરવાની હોય તો ગોવાની ભૂમિ ઉપર ફ્રાન્સિસ ઝેવિયરે જે દિવસે પગ મૂકયો તે ૧૫૪૨ના મેની છઠ્ઠી તારીખની નોંધ લેવી ઘટે. તે દિવસથી જેસુઈટોએ ધર્માંતરની તેમની પ્રવૃત્તિને આગળ ધપાવવા માટે, લાંચ, ધાકધમકી અને ત્રાસનો માર્ગ અપનાવ્યો હતો. ૮૦ વર્ષો પૂર્વે લખતાં બર્ટને "તેમને સોંપાયેલા કાર્યને આગળ ધપાવવામાં આગ અને પોલાદ, કેદ અને ફાંસી, ચોખાની હાંડલી અને રૂપિયા"ના થયેલા ઉપયોગનો ઉલ્લેખ કર્યો હતો. આ ઉતારામાં જેસુઈટોએ જે પદ્ધતિઓનો ઉપયોગ કર્યો તેનો સંક્ષેપમાં હવાલો મળી રહે છે. તેઓ ઝનૂની હતા અને આ પદ્ધતિઓ વડે

મળેલાં પરિણામથી સંતોષ પામ્યા હતા. બધા જ ઝનૂનીઓની જેમ તેઓએ કાળો કેર વર્તાવ્યો હતો.

જેસુઈટ પાદરી ફ્રાધર નિકોલો લેન્સીલોટોએ ૧૫૪૭ના ઓકટોબરની ૧૦મીએ ફ્રાધર ઈગ્નેશિયો લોયોલા પર સ્પેનિશ ભાષામાં લખેલો પત્ર એવો સમકાલીન પુરાવો રજૂ કરે છે કે જેઓ ધર્મપલટો કરતા તેઓ ધાર્મિક માન્યતા કરતાં મુખ્યત્વે બીજા કોઈ ઉદ્દેશને કારણે એમ કરતા અને તેથી એ રીતે ધર્મ પલટો કરનારા ફરી પાછા પોતાના જૂના ધર્મ તરફ વળી જતા. આમ આ પત્ર રસપ્રદ માહિતી પૂરી પાડે છે.

હેતુસિદ્ધિ અર્થે ગમે તે સાધન

ભારતમાં પગ મુકનાર પહેલો જેસુઈટ 'એપોસલ ઑફ ધ ઈન્ડીઝ' ના નામથી ઓળખાતો ફ્રાન્સિસ ઝેવિયર હતો. જિસસ સોસાયટીની સ્થાપનાના ત્રણ વર્ષ પહેલાં જ ૧૫૪૨માં તે ગોવા આવ્યો હતો. પોર્ટુગલના ઝનૂની રાજાના ધર્મગુરુ હોવાને દાવે ગોવામાં પોર્ટુગલના વાયસરૉયથી પણ તે વધુ સત્તા ધરાવતો હતો. વાયસરૉય તેને નારાજ કરવાની હિંમત પણ કરતો નહિ. હિત ધરાવતા ઈતિહાસકારો લોકોને મનાવવા માગે છે તેમ તેણે ગોવામાં કોઈ ચમત્કારિક ધર્માંતર કર્યાં ન હતાં. પણ ત્યાંના ટૂંકા વસવાટ દરમિયાન તેણે ત્યાં પોતાનો રાજકીય પ્રભાવ પૂરી રીતે બતાવ્યો હતો.

પૂર્વમાં ગમે તે ભોગે ખ્રિસ્તી ધર્મના પ્રચારની એકમાત્ર નેમ ધરાવતો તે એક દૃઢ મનોબળવાળો માનવી હતો. પોતાના ધ્યેય અર્થે તે અલૌકિક ઉત્સાહ ધરાવતો હતો અને આખા ખંડમાં એકલો ઘૂમ્યો હતો. અંતે કદાચ તે હતાશ થઈ ગયો હતો અને ચીનને કાંઠે ૧૫૫૨માં મૃત્યુ પામ્યો ત્યારે પોતાના કાર્ય વિશે પણ તે નિરાશ બની ગયો હતો.

બળજબરીથી ધર્માંતરની એ જાણે પ્રતિજ્ઞા લઈ બેઠો હતો અને એટલે જ ધાર્મિક વડાઓને તથા રાજસત્તાને કેથોલિક ધર્મના પ્રસાર અર્થે બળજબરીનો માર્ગ લેવા વખતોવખત વિનવી રહ્યો હતો.

જેસુઈટોની વેરભાવના

૧૬૪૦માં જેસુઈટો સામે લખાયેલી કટાક્ષિકાઓમાં સૌથી ઉગ્ર એવી કટાક્ષિકા પ્રસિદ્ધ થઈ. આ હતું 'તાર્તુફ' નામનું મોલિયેરનું નાટક. આ નાટક બહાર પડયાની જેસુઈટોને ખબર પડી કે તરત જ તેમણે એની ઉપર પ્રતિબંધ મૂકયો. નાટક તપાસી જોવાની પણ કોઈએ જરૂર જોઈ નહિ. પાંચ વર્ષ સુધી તે પ્રતિબંધિત રહ્યું. છેવટે લુઈ ૧૪માએ મોલિયેરની રજૂઆત સાંભળી ત્યાં સુધીમાં મોલિયેર યુરોપમાં જાણીતો થઈ ગયો હતો. મોલિયેરે લુઈને સમજાવ્યું કે, 'તાર્તુફ'માં જેસુઈટો સામે નહિ પણ તમામ દંભીઓ અને આડંબરી લોકો ઉપર પ્રહારો કરવામાં આવ્યા છે. એ પછી રાજાએ એ નાટક ભજવવાની છૂટ આપી અને ફ્રાન્સે તાળીઓના ગડગડાટથી તેને વધાવી લીધું. જેસુઈટોએ મોલિયેરની માનભરી દફનક્રિયા નહિ કરીને તેનું વેર વાળ્યું. પણ પારિસના લોકોએ દરમ્યાનગીરી કરી અને તેને સેન્ટ જોસેફના કબ્રસ્તાનમાં સ્થાન મળ્યું.

પ્રત્યાઘાતની પરાકાષ્ઠા

પરંતુ જેસુઈટવાદને સૌથી મોટો ફટકો તો માર્યો વોલ્તેરે. પોતાના સમયના જેસુઈટોને તેણે આ શબ્દોમાં વર્ણવ્યા છે:

"વિવિધ રાષ્ટ્રો વચ્ચે સંઘર્ષો જગાવનારા, જર્મનીમાં દેવળોમાંથી માલ ઉઠાવી જનારા, ચીનમાં મૂર્તિપૂજકો, જાપાનમાં નવા વિચારો ધરાવનારા, ભારતમાં જ્યાંત્યાં માથું મારનારા, જીનિવામાં યહૂદીઓ, પેરાગ્વેમાં લશ્કરી સેનાપતિઓ અને અન્યત્ર વેપારીઓ તથા દલાલો"

વોલ્તેરે તેમને વિશ્વનાં પ્રત્યાઘાતી પરિબળોના અર્ક સમા ગણાવ્યા હતા અને પોતાના કટાક્ષ તથા વિનોદથી તેમનો પીછો પકડયો હતો. આને કારણે યુરોપના લોકોના વલણમાં ખરેખરી ક્રાંતિ સરજાઈ.

બીજું પુસ્તક

બીજા એક લેખક પિટર જેરિંગે ૧૬૪૬માં 'ધ જેસુઈટસ ટુ ધ સ્કેફોલ્ડ' નામની પુસ્તિકા પ્રસિદ્ધ કરી હતી. પિટર પહેલાં જેસુઈટ હતો. એની પુસ્તિકાએ ભારે સનસનાટી મચાવી દીધી. આ લેખકે જણાવ્યું હતું કે, જેસુઈટોની સફળતા તેમની અત્યંત કડક જાસૂસી પ્રથાને આભારી છે. જેરિંગ લખે છે કે "જેસુઈટોમાં દરેક વ્યકિત પોતાની રૂમમાં રહેતા સાથીદારની જાસૂસી કરીને આગળ આવે છે. તે પોતાના સાથીદારની તમામે તમામ ઝીણીઝીણી વીગતો પોતાના ઉપરીને જણાવે છે. આ શાખામાં એ પ્રવીણતા દાખવે તો તેને સહેલાઈથી પસંદ કરવામાં આવે છે અને તેનામાં બીજા નૈતિક કે બૌદ્ધિક ગુણો ન હોય તોપણ તે આગળ આવે છે. આ પ્રવૃત્તિને પ્રોત્સાહન મળતાં, થોડાં જ વર્ષોમાં જેસુઈટ બીજાઓને શંકા ન આવે એ રીતે જાસૂસી કરવામાં પાવરધા અને ખંધા બની જાય છે. જાસૂસી એ તેનો બીજો સ્વભાવ બની જાય છે અને એના ચહેરા ઉપર તે વાંચી શકાય છે. દેવળના બીજા કોઈ પણ ધર્માધિકારી કરતાં તે એના ચહેરા પરના આ ભાવોને લીધે નોખો તરી આવે છે."

આ જ લેખકને મતે જેસુઈટોનો બીજો ગુણ છે તેમનું જડ આજ્ઞાંકિતપણું. તેમના પંથના સ્થાપક ઈનીગો લોયોલાએ આ ગુણ ઉપર ખાસ ભાર મૂકયો છે. તે વ્યકિતગત વિચાર અને ઈચ્છાશકિતને તિલાંજલિ આપે છે. જાસૂસીનો ડર, અધ:પતન તથા 'સમાજ'માંથી કાઢી મુકાવાને ભયે, એકાંતમાં અનેક વર્ષની તાલીમ લીધા બાદ જેસુઈટ આ જડ આજ્ઞાંકિતપણાને પાળતો થઈ જાય છે. આ એવી સ્થિતિ છે જેમાં માણસ ભૂતની જેમ ફરેફરે છે અને તેની ઉપર અંકુશ રાખનાર વ્યકિતએ મુકરર કરેલા અંતને પામે છે. આવી વ્યકિત જ્યારે એક લુચ્ચા અને અત્યંત અપ્રમાણિક તથા સિદ્ધાંતવિહોણા માણસના હાથ નીચે કામ કરે છે ત્યારે એ બેજવાબદાર, પૂતળા જેવી બની રહે છે અને તેની દુષ્ટતાને કોઈ સીમા રહેતી નથી.

'સમાજ'ની ગુપ્ત વાતો બહાર પાડનાર પિટર જેરિગનું પૂતળું લા રોશેલની જેસુઈટ કૉલેજમાં બાળવામાં આવ્યું હતું.

વધુ સનસનાટી

"ધ મોનાર્કી ઑફ સોલિપ્સિન ડિસ્કાઈબ્ડ બાય લુશિયસ કોર્નેલિયસ યુરોપિયસ" નામના લેટિન પુસ્તકે એથીયે મોટી સનસનાટી મચાવી દીધી હતી. મહાન રશિયન લેખક દોસ્તોયેવ્સ્કીએ 'ધિ બ્રધર્સ કરામાઝોવ' નામની પોતાની નવલકથામાં ગ્રાન્ડ ઈન્કવિઝિટરનું વર્ણન કરવા માટે આ પુસ્તકનો ઉપયોગ કર્યો હતો. આ અદ્‌ભુત પુસ્તકના અનામી લેખક જેસુઈટવાદનો ઉદ્‌દેશ આ શબ્દોમાં સમજાવે છે.:

"તેના સ્થાપક ઈનીગો લોયોલાના જણાવ્યા પ્રમાણે, જેસુઈટવાદનો ઉદ્‌દેશ માનવીને, પોતાનું ચિત્ત તથા ઇચ્છાશક્તિ બીજાના કબજામાં સોંપી સુખ તથા શાંતિ પ્રાપ્ત કરવામાં મદદ કરવાનો છે. આવા માનવીના સ્વાતંત્ર્યનો સંપૂર્ણપણે લોપ થાય છે. બીજા શબ્દોમાં તે નિઃસહાય બાળક જેવો બની જાય છે. લોયોલાને મન, મુકત ઈચ્છાશક્તિ એ મોટામાં મોટી નબળાઈ છે અને તેને કારણે લ્યુસિફર સ્વર્ગમાંથી નીચે પડયો હતો તથા આદમે અસલ પાપ કર્યું હતું. લોયોલાને નામે ચડાવાયેલાં ત્રણે પ્રકાશનોમાં આ વાત વારંવાર રજૂ કરવામાં આવી છે. આ પ્રકાશનોનાં નામ છે: 'ધ સ્પિરિચ્યુઅલ એકસરસાઈઝીઝ' 'ધ કોન્સ્ટિટયૂશનઑફ ધ જેસુઈટસ' અને 'ધ વે ઑફ ટીચિંગ.'

પ્રગતિના કટ્ટર શત્રુ

એ જ લેખકના કહેવા પ્રમાણે જેસુઈટવાદ નવીનતા, સર્જનાત્મક પ્રવૃત્તિ તથા પ્રગતિના દરેક ચિહ્નને દબાવી દે છે અને તેનો નાશ કરે છે. માનવસુખ ખાતર નહિ પણ વિશ્વભરમાં વર્ચસ સ્થાપવા આમ કરવામાં આવે છે. માનવીનાં ચિત્તને ગુલામ બનાવી તેઓ વિશ્વવિજય સિદ્ધ

કરવા ચાહે છે એટલે જ જેસુઈટો તમામ પ્રકારની પ્રગતિ અને સ્વાતંત્ર્યના કટ્ટર શત્રુઓ છે.

સારા ધ્યેય કે સાધ્ય ખાતર ગમે તેવાં સાધનોનો ઉપયોગ થઈ શકે છે એવા ખતરનાક સિદ્ધાંતને લક્ષમાં રાખીને સ્પેનના જેસુઈટ માર્ટિને પોતાના પુસ્તક 'દ રેગે એત દ રેગીસ ઈન્સ્ટિટયૂશનિબસ'માં સફળતાને માટે બીજાં સાધનો નિષ્ફળ નીવડે ત્યારે ખૂન પણ કરવાની જોરદાર હિમાયત કરી છે આ સિદ્ધાંતને કઈ રીતે વ્યવહારમાં મૂકવામાં આવ્યો હતો તે લ્યુશિયર કોર્નેલિયસ યુરોપિયસ નીચે પ્રમાણે વર્ણવે છે:

હત્યારાઓની પરંપરા

"હત્યાની કળામાં જેસુઈટોને મળેલી સિદ્ધિઓ તેમ જ તેમણે એ માટે કરેલા પ્રયાસો નીચે પ્રમાણે છે:

૧૫૮૦માં તેમણે વિલિયમ ઑફ ઓરેન્જનું ખૂન કર્યું હતું અને પરિણામે તેમને હોલેન્ડમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

૧૫૮૯માં તેમણે ફ્રાન્સના હેન્રી ત્રીજાનું ખૂન કર્યું હતું. એને લીધે કૉલેજ ઑફ ક્લેરમોન્ટના રેકટર જેસુઈટ ૭વીગનાર્દને ફાંસીએ લટકાવવામાં આવ્યો હતો.

બે નિષ્ફળ પ્રયાસ પછી ૧૬૧૦માં ફ્રાન્સના હેન્રી ચોથાની હત્યા કરવામાં આવી હતી.

ઈંગ્લૅન્ડની રાણી એલિઝાબેથ પહેલીની હત્યા કરવાના અનેક વિફળ પ્રયાસો થયા હતા. એમાં બેબિંગટનનું કાવતરું (૧૫૮૬) મુખ્ય છે. ૧૬૦૫માં જેમ્સ પહેલા સમાગન પાવડર પ્લૉટ નામે જાણીતું બનેલું કાવતરું કરાયું હતું. એને પરિણામે ઈનિલીશ પ્રોવિન્શિયલ જેસુઈટ ગાર્નેટને ફાંસીએ ચઢાવવામાં આવ્યો હતો.

સૌ કોઈને ખાતરી થઈ હતી કે આ સનસનાટીભરી વાતો બહાર પાડનાર અનામી લેખક એક જેસુઈટ હોવા જોઈએ. પરંતુ તેને ઓળ-

ખવાના તમામ પ્રયાસો છતાં એ અનામી જ રહ્યો અને તેથી તે ભયંકર સજામાંથી ઊગરી ગયો. જો કે પછીથી મળેલા કેટલાક નિર્દેશો ઉપરથી એવી ખાતરી થઈ હતી કે ખરો લેખક હતો જેસુઈટ જુલિયસ કલેમન્ટ સ્કોટી. તે વેનીસનો વતની હતો, પરંતુ આ વાતની ખબર પડી ત્યારે તો તે મૃત્યુ પામ્યો હતો.

સત્તરમી સદીના અંત સુધીમાં તો યુરોપભરમાં ઠલવાતા થોકબંધ સાહિત્યને કારણે સૌને 'સોસાયટી ઑફ જિસસ'ની ખરી તાસીરની ખબર પડી ગઈ હતી. ઉપર ગણાવેલી ઐતિહાસિક હકીકતોમાં બીજી ઘણી ઉમેરવામાં આવી. એમાં સૌથી મહત્ત્વની હતી ઝાર ઈવાન ધ ટેરિબલના કહેવાતા પુત્ર ફૉલ્સ (બનાવટી) ડિમેટ્રિસ દ્વારા સધાયેલી રશિયાની જીત. ઝાર બોરીસ ગોદુમોવના મૃત્યુ પછી આ ઘટના બની હતી. આ ઉપરાંત એક મહિલાને જેસુઈટ બનાવવાની ઘટનાને પણ પોપ અર્બન આઠમાએ ૨૧ મી મે, ૧૬૩૧ના પોતાના આદેશમાં વખોડી કાઢી હતી.

૧૭૬૯ના અંતમાં ઘણા યુરોપીય દેશોની સરકારોએ જેસુઈટોને પોતાના દેશોમાંથી હાંકી કાઢયા હતા. તેઓ એમને રાજ્ય તથા વ્યકિતઓની શાંતિ માટે કાયમી ખતરારૂપ ગણતા હતા.

પોપે દબાવી દીધા

અઢારમી સદીમાં બે નોંધપાત્ર ઘટનાઓને કારણે જેસુઈટોની પૂર્ણપણે પડતી થઈ. પેરાગ્વેમાં જેસુઈટો સ્પેન સામે શસ્ત્રો લઈને લડયા. પોર્ચુગલમાં તેમણે રાજા જોસ પહેલાની હત્યાનો પ્રયાસ કર્યો એને પરિણામે આ અંગે પહેલેથી રાજાના મૃત્યુની જાહેરાત કરતા પત્રો લખનાર જેસુઈટ માલા ગ્રિડાને લિસબનમાં ફાંસીએ ચડાવવામાં આવ્યો.

છેવટે, ૧૭૭૩ માં પોપે પોતે સારાયે વિશ્વમાં સોસાયટી ઑફ જિસસ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો.

રશિયાની ફ્રેડ્રિયુસ્ત સામ્રાજ્ઞી કેથરિનનું જેસુઈટોને રક્ષણ મળ્યું. પણ

હુકમનામા ઉપર સહી કરનાર પોપ ક્લેમન્ટ ૧૪ માનું એક વર્ષ બાદ રોમમાં ઝેર આપીને ખૂન કરવામાં આવ્યું હતું.

૧૮૧૪માં પોપ પાયસ ૭ માએ ક્લેમન્ટ ૧૪ માના હુકમને રદ કર્યો અને સોસાયટી ઑફ જિસસ ફરી અસ્તિત્વમાં આવી. તેને બધા ખાસ અધિકારો પાછા મળ્યા. એ પછી જિસસો ફરી પાછા અસલ સ્વરૂપમાં આવી ગયા. પાંચ જ વર્ષ બાદ તેઓ રશિયન પોલેન્ડ પશ્ચિમ સત્તાઓને વેચી મારવાના કાવતરામાં સંડોવાયેલા માલૂમ પડયા હતા. રશિયાના સમ્રાટ પૉલે તેમને ૨૦ મી ડિસેમ્બર, ૧૮૨૦ ના એક હુકમ દ્વારા રશિયામાંથી હાંકી કાઢયા હતા. જે ભૂમિએ તેમને ખરી મુશ્કેલીને વખતે આશરો આપ્યો હતો ત્યાંથી જ આમ તેમને જાકારો સાંપડયો.

"બ્લૅક પોપ"

ધર્મના વાડામાં પાછા ફર્યા બાદ જેસુઈટોએ વિજ્ઞાન, સાહિત્ય, ધર્મ, ફિલસૂફી, નૈતિક શિક્ષણ, વગેરે મહત્ત્વની બાબતો ઉપર સંપૂર્ણ વર્ચસ્ પ્રાપ્ત કરી લીધું.

ત્યારથી રોમન કેથોલિક બિશપો, આર્ચ બિશપો, કાર્ડિનલો અને ખુદ પોપ પણ સામાન્ય રીતે "બ્લૅક પોપ" તરીકે ઓળખાતા જેસુઈટ જનરલના હાથમાંનાં સાધનો જેવાં છે.

હકીકતમાં, લિઓ ૧૩ માના એક માત્ર સંભવિત અપવાદને બાદ કરતાં ૧૮૧૪ પછી દરેક પોપે "બ્લૅક પોપ" સાથે હાથમાં હાથ મિલાવીને કામગીરી બજાવી છે.

પણ આટલી સત્તા છતાંય જેસુઈટોની પશ્ચિમી દેશોમાં કોઈ પ્રતિષ્ઠા નથી. ત્યાં તેમનો ઈતિહાસ જાણીતો છે. કેટલાક પશ્ચિમી દેશોમાં તો તેઓ પોતાની સોસાયટીનું નામ વાપરતાં પણ ડરે છે એટલે તેમણે પોતાની નજર પૂર્વ તરફ દોડાવી છે, ત્યાં તેમને વિષે લોકો બહુ થોડું જાણતા હોવાથી તેઓ વિજય મેળવી શકે છે.

એશિયામાં કૅથોલિકોની તદ્દન નાની લઘુમતી હોવાથી જેસુઈટો કોઈ પ્રબળ અસર જમાવી શક્યા નહિ. તેમને એશિયા ઉપર શાસન કરતી વિદેશી સત્તાઓનો સંપૂર્ણ ટેકો હતો છતાં તેમને બહુ સફળતા ન સાંપડી. પશ્ચિમી સત્તાઓ આપણા ખંડ ઉપર સંસ્થાનવાદી શાસન જમાવવાના મુખ્ય સાધન તરીકે જેસુઈટોનો ઉપયોગ કરતા હતા.

એશિયામાં જો તેમને સંપૂર્ણ વર્ચસ્ મળ્યું હોય તો એક જ સ્થળે અને તે ગોવામાં. અહીં તેમણે આશરે ચાર સૈકા સુધી પૂરેપૂરું વર્ચસ્ ટકાવી રાખ્યું. અહીં તેઓ એવી અમંગળ છાપ મૂકી ગયા છે કે હજી કેટલાક ગોવાવાસીઓની તેમના પ્રત્યેની ધિક્કારવૃત્તિ થઈ નથી.

મુલ્કી સત્તાથીય વિશેષ

ફિરંગીઓના સમગ્ર શાસન દરમ્યાન જેસુઈટોની સત્તા ચાલતી હતી. માર્કિસ ઑફ પોમ્બલના ટૂંકા શાસનગાળાને તેમ જ લોકશાહી પ્રજા-સત્તાકના તાજેતરના ટૂંકા ગાળાને બાદ કરતાં જેસુઈટોની ગોવામાં મોટી વગ રહી હતી. હજીયે તંત્રના મુલ્કી સત્તાવાળા કરતાં તેઓ વધુ શકિતશાળી છે.

તેમના શિષ્યો ભારતમાં જે પ્રચાર કરે છે તેથી વિરુદ્ધ, ફરજિયાત લોકોને વટલાવીને કૅથોલિક બનાવવાની પ્રવૃત્તિ, હિંદુઓ અને મુસ્લિમોની ક્રૂર સતામણી, જુલ્મી પદ્ધતિ દ્વારા ગોવનોને બિનભારતીયો બનાવવાના પ્રયાસો તથા કોંકણી ભાષાને દબાવી દેવાની કામગીરી ત્યાંના મુલ્કી સત્તા-વાળાઓએ નહિ પણ પાદરીઓએ, ખાસ કરીને જેસુઈટોએ બજાવી હતી.

પોર્ટુગલમાંથી હકાલપટ્ટી

માત્ર જ્યારે પોર્ચુગલ ઉપર અસાધારણ મુકત વિચારના રાજપુરુ-ષોનું શાસન હતું ત્યારે જ જેસુઈટોને તેમના ઉચ્ચ સ્થાનેથી હઠાવવામાં આવ્યા હતા અને પોતાની સત્તા દરમ્યાન દેશને તેમણે પહોંચાડેલા નુકસાનની કિંમત તેમણે ચૂકવવી પડી હતી. માર્કિસ ઑફ પોમ્બલના શાસન દરમ્યાન

તેમને ફિરંગીઓના પ્રદેશોમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા, એટલું જ નહિ પણ તેમની ખતરનાક પ્રવૃત્તિઓ બદલ તેમની સામે કામ ચલાવવામાં આવ્યું હતું.

ગોવાના ગવર્નર અને આર્ચ બિશપ ઉપર મોકલેલા આદેશોમાં માર્કિસ ઑફ પોમ્બલે જેસુઈટો ઉપર ફિરંગી તથા સ્થાનિક લોકો વચ્ચે ભેદભાવ જગાવવાના તથા બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે જ્ઞાતિવાદની વેરભાવના જગાવવાના પ્રયાસો કરવાનો આક્ષેપ મૂકયો હતો. જેસુઈટો યુરોપિયન મિશનરીઓ તથા ગોવન પાદરીઓ વચ્ચે પણ ખટરાગ જગાવતા. માર્કિસ ઑફ પોમ્બલે વિવિધ કોમો અને જ્ઞાતિઓ વચ્ચે સમાનતા તથા એખલાસ સ્થાપવાના પ્રયાસો કર્યા હતા.

ગોવામાંથી કોંકણી ભાષાને નાબૂદ કરવાના તથા પોર્ચુગીઝ ભાષા લાદવાના પ્રયાસો માટે જેસુઈટો તેમ જ અન્ય ધર્મ-સંપ્રદાયો જવાબદાર છે. વાઈસરૉય એન્ટોનિયો દ મેલો કેસ્ટ્રોએ તેમને કોંકણી શીખવાની ના પાડવા બદલ રાજા સમક્ષ ખડા કર્યા હતા. આર્ચ બિશપ ડોમ સેબેસ્ટિયો દ. એસ. પેટ્રોએ તેમના ઉપર દેશની (ભારતની) ભાષાનો અભ્યાસ અવગણવાનો તથા ફિરંગી ભાષા લાદવાનો આક્ષેપ મૂક્યો હતો. પરંતુ મિશનરીઓ વાઈસરૉય ફ્રાન્સિસ્કો દ. તાવોરા, કાઉન્ટ ઑફ આલ્વોર પાસેથી ૧૬૩૪ની ૨૭મી જૂને એક ફતવો મેળવવામાં સફળ થયા. આ હુકમ અનુસાર ત્રણ વર્ષ પછી દેશની ભાષા વાપરવી નહિ એમ ઠર્યું; એ પછી કોંકણી બોલનારને યોગ્ય શિક્ષા થશે એવી ચેતવણી અપાઈ. એમાંથી પ્રેરણા લઈને, વાઈસરૉયો, ઈન્કવીઝીટરો, આર્ચ બિશપો વગેરેએ લોકોને ફિરંગી ભાષા બોલવાની અને કોંકણીનો ઉપયોગ ટાળવાની ફરજ પાડવા માંડી.

જેસુઈટો એશિયામાં શિક્ષકો તથા સામાજિક કાર્યકરોના સ્વાંગમાં આવ્યા હતા. તેઓ શાહીવાદી સત્તાઓના હાથા જેવા હતા. જેસુઈટોના ઉપદેશમાં રહેલું ગુલામી માનસનું તત્ત્વ સંસ્થાનવાદના લક્ષ્ય સાથે બરોબર બંધબેસતું આવે છે. એશિયામાં રાષ્ટ્રવાદનો જુવાળ આવ્યો ત્યારે જેસુ-

ઈટોએ અખબારો, દેવળો, શાળાઓ અને કૉલેજો પરની પકડને જોરે તેનો તમામ તાકાતથી વિરોધ કર્યો. માત્ર દેખાવ પૂરતા જ તેઓ દેશી જનોને પોતાની "સોસાયટી' માં સ્થાન આપતા.

ચીનમાં હાલત

રાજકીય મુક્તિ પછી જેસુઈટો રાષ્ટ્રીય સરકારો સાથે સારા સંબંધો રાખવાની પરંપરાગત નીતિ અમલમાં મૂકી રહ્યા છે. સાથેસાથે તેઓ વિદેશી સત્તાઓ સાથે મળીને એમની વિરુદ્ધ પણ કામ કરી રહ્યા છે. ચીનના અપવાદને બાદ કરતાં તેઓ સર્વત્ર સફળ થયા છે. ત્યાં એમની શાહીવાદી યુક્તિઓ કારગત નીવડી નહિ. તેમને દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા અને દેવળનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું છે.

ભારતમાં તેમને ધાર્યા કરતાંય ઘણી વધુ સફળતા મળી છે. તેમણે જાહેર શિક્ષણને ક્ષેત્રે તો ઉચ્ચ સ્થાન ટકાવી રાખ્યું છે જ, પણ આઝાદી પછી તેમના જીવન કાર્ય અને પ્રતિષ્ઠાને લગતા તમામ નિર્ણયો અંગે સરકારમાં પોતાની રાજકીય વગ વધારી છે. સર્વોચ્ચ સરકારી કક્ષાઓ જાસૂસી અને ખટપટ દ્વારા ભારતીય લોકોની આશાઓ તેઓ ધૂળમાં મેળવી રહ્યા છે.

દેશદ્રોહી કાર્યો

જેસુઈટોની ખટપટોએ ગોવાની મુક્તિના માર્ગમાં અવરોધો સરજ્યા છે. વેટિકન અને અન્ય શાહીવાદી સત્તાઓની સહાયથી તેઓ ભાંગફોડ કરી રહ્યા છે, ગોવાને અલગ રાખવા માટે તેમણે એને સ્વાયત્ત કે સ્વતંત્ર કૅથોલિક રાજ્ય તરીકે ટકાવી રાખવાનો પ્રયાસ કર્યો અને હવે રોમની આંતરરાષ્ટ્રીય પરિષદે રચેલા અગ્નિ-એશિયાના નવા જેસુઈટ પ્રાંતના સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે ફાધર જેરોમ ડીસોઝાને નીમીને તેમને દેશવટા જેવી સ્થિતિમાં મૂક્યા છે. તેઓ ભારતીય હોવાથી વેટીકનથી તેમને આમ અલગ કરી દીધા છે. તેમને ભારતના રાજકીય ક્ષેત્રમાંથી કાયમને માટે દૂર

કરીને એ ક્ષેત્ર તેમના વિદેશી સાથીદારોના ઈજારા જેમ અનામત રાખવામાં આવ્યું છે.

ભારતીય કાર્ડિનલ ગ્રેશિયાસના દેશભક્તિભર્યા સૂરને જેસુઈટોએ શાંત કરી દીધો છે. જેસુઈટોના ડાહ્યાડમરા શિષ્ય સાલાઝારની મરજી વિરુદ્ધ જઈને ગોવા ભારતનું છે એવો કાર્ડિનલ ગ્રેશિયાસે દાવો કર્યો હતો! એ કાંઈ જેવો તેવો ગુનો ન હતો! ભારતના કેથોલિક માળખામાં સર્વોચ્ચ સ્થાન ધરાવતા હોવા છતાં તેઓ પોતાના હાથ નીચેના વિદેશી મિશનરીઓ ઉપર કોઈ સત્તા કે અમલ ચલાવી શકતા નથી.

હકીકતમાં, જેસુઈટો વેટિકનમાં સર્વશક્તિમાન છે અને કેથોલિક જગતમાં શાસન ચલાવવા માટે અમર્યાદિત ભૌતિક સાધનો ધરાવે છે.

મિશનરીઓની પ્રવૃત્તિઓ

ડૉ. ટી. બી. કુન્હા "ગોવાઝ ક્રીડમ સ્ટ્રગલ" નામના પોતાના પુસ્તકમાં કહે છે: "હકીકતમાં તો ભારતમાં ફિરંગી અમલનો ઈતિહાસ ખ્રિસ્તી સંપ્રદાયો અને ખાસ કરીને જેસુઈટોની પ્રવૃત્તિઓ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે."

વિદેશી મિશનરીઓની પ્રવૃત્તિઓની સૌથી ખરાબ અસર તો એ હતી કે તેઓ વટલાવેલા માણસોને વ્યવસ્થિત રીતે રાષ્ટ્રપ્રેમવિહોણા બનાવી દેતા, લોકોની એકતા નષ્ટ કરતા અને પોતાની અસર હેઠળ આવતા લોકોને માનસિક ગુલામો બનાવી દેતા.

મુકત અને આઝાદ દેશોમાં વિદેશી મિશનરીઓનું કોઈ સ્થાન હોઈ શકે નહિ. માત્ર સાંસ્થાનિક વિસ્તારોમાં જ તેમને પ્રવૃત્તિઓ ચલાવવા દેવામાં આવે છે. ધર્માંતર પ્રવૃત્તિનું કામ સ્વતંત્ર દેશોમાં બહારની વ્યક્તિઓ દ્વારા ચાલે એ કદી સાંખી લેવામાં ન આવે. આ પ્રવૃત્તિઓ રાષ્ટ્રના હિતની વિરુદ્ધની હોય છે.

પરંતુ ભારતમાં આઝાદી પછી વિદેશી મિશનરીઓની સંખ્યા ઘટ-

વાને બદલે વધી છે. ભારતના બંધારણે ધાર્મિક પ્રચાર માટે આપેલી બાંય-ધરીના ઓઠા હેઠળ આ બધું ચાલી રહ્યું છે.

સહિષ્ણુતાની અવધિ

બહારની સંસ્થાઓ પ્રત્યે હદ બહારની સહિષ્ણુતા બતાવવામાં આવે છે. પરિણામે વિદેશીઓનું વર્ચસ વધે છે અને ભારતની એકતાને હાનિ પહોંચે છે. બીજા શબ્દોમાં કહીએ તો એશિયા અને આફ્રિકાના લોકોને નમાવવા માટે હંમેશાં ખ્રિસ્તી મિશનરીઓનો ઉપયોગ કરનાર પશ્ચિમી સંસ્થાનવાદ હજી ભારતમાં સક્રિય છે. કાર્ડિનલ વેલેરિયન ગ્રેશિયાસ વિદેશી મિશનરીઓને ભારતમાં ચાલુ રાખવા માટે તેમની ઉચ્ચ તાલીમની વાત આગળ કરે છે. વિદેશી મિશનરીઓ ચડિયાતા છે એવી એમની માન્યતા એ હકીકતનો નિર્દેશ કરે છે કે ભારતના પાદરીઓને તેમના પશ્ચિમી સાથીદારો કરતાં કેવાં ઊતરતી કોટિના ગણવામાં આવે છે.

તેમની કમનસીબ જાહેરાતનો અર્થ તો એવો થાય છે કે વિદેશી શાસકોએ ખાસ અધિકારો આપ્યા છતાં ભારતમાં સૌકાઓ સુધી રહેલો કેથોલિકવાદ, વિદેશીઓની મદદ વિના કામ કરી શકે એવો એક પણ દેશી પાદરી સરજી શક્યો નથી!

વિદેશી મિશનરીઓને ઉપક્રમે લખાયેલા "ટ્રૂથ શૅલ પ્રિવેઈલ" નામના તાજેતરના પુસ્તકના આઠ કેથોલિક લેખકોમાંના અડધા ગોવાના વતનીઓ છે. આમ છતાં પોતાના જ દેશ તથા દેશજનો સામેની બદનક્ષીભરી ઝુંબેશનો બચાવ કરતાં તેઓ શરમ અનુભવતા નથી.

આપણા કેટલાક દેશજનો ઉપર વિદેશી મિશનરીઓની કેવી માઠી અસર થાય છે અને તેઓ રાષ્ટ્રને કેવા બેવફા નીવડે છે એ માટેનો શ્રેષ્ઠ પુરાવો જ "ટ્રૂથ શૅલ પ્રિવેઈલ" નામનું આ પુસ્તક છે. આ કરુણ અંજામ માટે મહદંશે જેસુઈટો જ જવાબદાર છે.

પ્રકરણ : ૩

ફિરંગીઓની દગાખોરી

સામૂહિક ધર્માંતરો કરવામાં ફિરંગીઓમાં મોખરે રહ્યા છે આટલું જ નહિ પણ તેમની ઘાતકી પદ્ધતિઓ, નિર્દયતા અને ઝનૂનને કારણે તેઓ સૌથી નોખા તરી આવે છે.

રાજકીય ક્ષેત્રે પણ ફિરંગીઓ શાહીવાદી સાહસો માટે નામચીન રહ્યા છે. તેમનો સંસ્થાનવાદ સૌથી હીન કક્ષાનો છે અને બિનગોરાઓ તથા બિનકેથોલિકોના દમન માટે તેઓ ધમકી અને હીચકારી પદ્ધતિઓ અખત્યાર કરે છે.

ફિરંગીઓ ભારતની સમૃદ્ધિથી અંજાઈને અહીં આવ્યા હતા, પરંતુ તેમની નેમ ધર્માંતર કરવાની પણ ખરી, પૈસા કઢાવવાની સાથે સાથે જ તેઓ વટલાવવાની પ્રવૃત્તિ પણ ચલાવતા. તેઓ પોપના આદેશ સાથે આવતા તેથી તેમને "પેડ્રોએડો" એટલે શાહી પરવાનો મળતો, તેઓ ક્રૉસ તેમ જ તલવારના પ્રતીક હેઠળ યુદ્ધો ખેલતા.

ગોવા કમનસીબે ફિરંગી સંસ્થાન બન્યું અને તેનું ખ્રિસ્તીકરણ થયું તે પહેલાં તેની સમૃદ્ધિ કેવી હતી તેને અને ત્યાંના લોકોનો ટૂંકો વૃત્તાંત આપવો જરૂરી છે.

પ્રાચીન કાળનું સુખી ગોવા

પ્રાચીન કાળમાં ગોવાનો ગોમાંત, ગોવાપુરી, ગોમાંચાલ, ગોપકપુર અને ગોપકપટ્ટન એવાં નામોએ પુરાણોમાં ઉલ્લેખ થતો હતો. તે મહત્ત્વનું દરિયાઈ કેન્દ્ર હતું અને વિદેશીઓને ઈર્ષા ઉપજાવતું. ગોવાના અંધારયુગનો આરંભ ૧૩૧૨ની સાલમાં થયો. એ વર્ષે મલિક કાફૂરની આગેવાની હેઠળ મુસલમાન લોકોનાં ધાડાં ગોવા ઉપર ફરી વળ્યાં, પરંતુ એ પછી એક સદી જેટલો શાંતિનો કાળ ગોવાએ જોયો. ૧૩૭૦ માં વિજયનગરના રાજાઓએ મુસલમાનોને હાંકી કાઢયા અને એ પછી ગોવાએ પ્રમાણમાં ગણનાપાત્ર મુકિત માણી છેવટે ૧૪૭૦માં મુસ્લિમોએ ગોવા ફરી જીતી લીધું અને તેને બિજાપુરના આદિલશાહી વંશનું તાબેદાર બનાવી દીધું. આ અરસામાં વાસ્કોડા ગામા ભારત આવ્યો. તે ૧૪૯૮માં કાલિકટ બંદરે ઊતર્યો.

ગોવાએ એ જમાનામાં ભારતમાં કયાંય જોવા ન મળે એવી સમૃદ્ધિ કરી હતી. પોર્ચુગલ રાષ્ટ્ર બન્યું તે પહેલાં ગોવાએ ભવ્ય સમય જોયો હતો. પૂર્વનું એક સંગ્રહસ્થાન હોય એવા લાગતા ગોવામાં વ્યવસ્થિત શાસનતંત્ર હતું અને ત્યાં ચલણી નાણાંની પ્રથા પણ હતી. ત્યાં વ્યાપારને લગતા કાનૂનો હતા અને કસ્ટમ અધિકારીઓ પણ નીમવામાં આવતા હતા.

પ્રથમ ફિરંગી

ભારતની ધરતી ઉપર પ્રથમ પગ મૂકનાર ફિરંગી હતો પેરૂ દ કોવિલહા. આ સાહસિક માણસ રાજા જૉન બીજાનો અંગત આડતિયો હતો. ૧૪૮૮માં તે આરબ વ્યાપારી જહાજમાં બેસીને આરબના લેબાસમાં કાન્ના નોર આવી પહોંચ્યો. પશ્ચિમ ભારત વિષે માહિતી મેળવવા માટે તેણે ગોવા, કાલિકટ અને મલબાર કાંઠાની અન્ય વસાહતોની મુલાકાત લીધી.

૧૪૯૧માં તેણે પોર્ચુગલના રાજાના કેરો ખાતેના એજન્ટને આ બધી માહિતી ગુપ્ત રીતે મોકલી.

પોર્ચુગીઝ એડમિરલ વાસ્કો ડા ગામા ત્રણ જહાજો લઈને ૧૪૯૭ના જુલાઈની ૮ મીએ લિસ્બનથી ભારત આવવા નીકળ્યો. ૧૪૯૮ના મેની

સત્તરમીએ કાલિકટની ઉત્તરે ૮ માઈલ દૂર આવેલા એક નાના ગામ પાસે તેનું વહાણ નાંગર્યું.

વાસ્કો ડા ગામા

ઝામોરિનનો વંશાનુગત ખિતાબ ધરાવતા કાલિકટના હિંદુ રાજાએ આ અજાણ્યા માણસોનું મૈત્રીભર્યું સ્વાગત કર્યું. તેમનું જહાજ સલામતીભર્યા સ્થળે લઈ જવામાં આવ્યું. વાસ્કો ડા ગામાને કાલિકટમાં રાજાની મુલાકાત લેવાનું આમંત્રણ આપવામાં આવ્યું.

એ વખતે ભારતના એ વિસ્તારમાં ઝામોરિન સૌથી મહત્ત્વની નૌકાસત્તા ધરાવતો હતો. ઝામોરિને વાસ્કો ડા ગામાને શહેરમાં એક કોઠી સ્થાપવાની રજા આપી.

૧૪૯૮ ના ઑગસ્ટની ૨૯મીએ તે જહાજમાં બેસીને સ્વદેશ પાછો ફર્યો, પરંતુ એ પોતાની સાથે તેણે કેદ પકડેલા ૧૨માંથી પાંચ સ્થાનિક વતનીઓને લઈ ગયો. એનો માલ અટકાવવાભાં આવ્યો હતો એના વળતા પગલા રૂપે તેણે આમ કર્યું હતું. જો કે માલ પછી તેને પાછો સોંપવામાં આવ્યો હતો.

આમ, પહેલી જ ભારત મુલાકાતમાં ફિરંગીઓએ તેમની પાસેથી જેવી અપેક્ષા રાખી શકાય એવી જ આતિથ્યભાવના દર્શાવી હતી.

અજ્ઞાન

શ્રી આર. પી. રાવ પોતાના "પોર્ચુગીઝ રુલ ઈન ગોવા" નામના પુસ્તકમાં કહે છે:

"ફિરંગીઓના દૃષ્ટિબિંદુથી વાસ્કો ડા ગામા જાણીતો સંશોધક હતો, પરંતુ ઈતિહાસકારો એના વિશે જુદો જ મત ધરાવે છે. તેનામાં ઝાઝી બુદ્ધિ ન હતી અને તે અત્યંત નિર્દય તથા ઘાતકી હતો. હિંદુઓના દેશમાં ત્રણ મહિના ગાળ્યા પછી તે પાછો ફર્યો ત્યારે તેને હિન્દુ ધર્મ કે સમાજ વિશે કાંઈ ખ્યાલ ન હતો. તે એમ જ માનતો હતો કે મુસ્લિમોને બાદ કરતાં ભાર-

તના લોકો ખ્રિસ્તીઓ છે. પણ આલબત્ત, તેઓ ખરાબ ખ્રિસ્તીઓ છે, કારણ કે તેઓ કેથોલિકો નથી."

તે એટલો તો અબુધ અને અજ્ઞાની હતો કે હિન્દુ મંદિરને તે દેવળ માની બેઠો હતો. હિન્દુ મૂર્તિઓ તેને થોડી નવીન જણાઈ હતી, પણ તેમ છતાં એ અને એના રસાલાના લોકો મંદિરમાં ઘૂસ્યા હતા અને તેમણે ત્યાં પ્રાર્થના પણ કરી હતી!

અત્યંત હીચકારું કૃત્ય

કેથોલિકવાદની ત્રિપુટી – ઈટાલી, સ્પેન અને પોર્ચુગલ – ની લાક્ષણિકતાઓ વર્ણવતાં એક અંગ્રેજ મિશનરી લખે છે કે આ ત્રણમાંથી ઈટાલિયનો વધુ "છૂટછાટવાળા" કે "નરમ" હતા, તેથી વિરુદ્ધ સ્પેનિયાર્ડો ઉગ્ર, વેરવૃત્તિવાળા અને અબુધ હતા. બેબિલોનના જુલ્મીઓ જાહેરમાં ભઠ્ઠીઓ રાખતા અને મોટાં બિલો રાખતાં. ગુનેગારોને તેઓ ભઠ્ઠીઓમાં નાખી દેતા અને તેમનાં ઘરોમાં છાણના ઢગલા ખડકતા તથા તેમનાં નામનિશાન મિટાવી દેતા. સ્પેનિયાર્ડો પણ આવા હતા અને તેમના ઈટાલિયન સહધર્મીઓ કરતાં આ બાબતમાં એક ડગલું આગળ વધેલા હતા.

પરંતુ ફિરંગીઓ તો આ સૌને ટપી જાય એવા હતા. એ જ અંગ્રેજ મિશનરી ફિરંગીઓ વિષે આ અભિપ્રાય ધરાવે છે.

"ફિરંગી એટલે સ્પેનિયાર્ડની વધુ વિકૃત આવૃત્તિ. તે વધુ તો ઘાતકી થઈ શકે નહિ. પણ તે પોતાની ક્રૂરતામાં જુગુપ્સાજનક હદે પાશવી હતો.

ફિરંગીઓની જીવનપદ્ધતિ વિશે એ અંગ્રેજ મિશનરી કહે છે:

"પોતાનાથી ભિન્ન માન્યતા ધરાવનારાને સળગાવી મૂકવાથી સંતોષ-નહિ પામતાં એ તેને ધીમા તાપ ઉપર શેકવાનું પસંદ કરતો. જેથી લોકો દીર્ઘકાળના માનવ દુઃખનું દશ્ય જુએ અને ભય પામે."

આ તો ફિરંગીની ઘરઆંગણાની તાસીર હતી. તે પોતાનાં સંસ્થાનોમાં

કઈ રીતે વર્તતો હતો? ગોવામાં પગદંડો જમાવ્યા પછી તે કેવી રીતે વર્તતો હતો? ભારતમાંના ફિરંગીઓ વિશે આ લખાણ વાંચવા મળે છે:

"ભારત ખાતેનો ફિરંગી ઓછો અમાનુષી ન હતો પણ વધુ સ્વાર્થી હતો. ભારતમાં પ્રખર ગરમીને કારણે આ દશ્ય (શેકાતા શત્રુનું) જોવા તે વધુ વખત સુધી ઊભો રહી શકતો નહિ, તેથી મતાંતર ધરાવનાર વ્યકિતને એ જલદી ખતમ કરતો."

ગોવાનો વિજય

પોર્ચુગલના રાજાએ ૧૫૦૨ ની સાલના ફેબ્રુઆરીમાં વાસ્કો ડા ગામાને ૨૦ જહાજના કાફલા સાથે ભારત મોકલ્યો. એપ્રિલમાં એસ્તાવો ડા ગામા બીજાં પાંચ જહાજ લઈને આવ્યો. સપ્ટેમ્બરમાં તેમનો સંયુકત કાફલો અંજદીવ ટાપુથી થોડે દૂર જમા થયો અને તેમણે એ યુગના ઈતિહાસનું કરપીણ કૃત્યુ આચર્યું. રાતા સમુદ્રથી ભારત જઈ રહેલા મુસ્લિમ યાત્રાળુ જહાજને તેમણે આંતર્યું અને કોઈ પણ જાતની ઉશ્કેરણી સામા પક્ષે કરી નહિ હોવા છતાં તેને ડૂબાડી દીધું.

વાસ્કો ડા ગામા ૧૫૦૨ની ૨૯મી ઑકટોબરે કાલિકટ પહોંચ્યો અને તેણે ઝામોરિનને, આરબો તથા ઈરાનીઓને હાંકી કાઢવાની અપીલ કરી. તેણે એવી પણ માગણી કરી કે ફિરંગીઓને સાગરકાંઠાના વેપારનો ઈજારો આપવો. પરંતુ ઝામોરિને કહ્યું કે તમે આરબો અને ઈરાનીઓની સાથે સાથે વેપાર કરી શકો છો. પણ તેમને હું દેશમાંથી હાંકી કાઢીશ નહિ. આથી વાસ્કો ડા ગામા રોષે ભરાયો, તેણે સાગરમાંથી કાલિકટ ઉપર તોપના ગોળા ફેંકયા અને ૮૦૦ જેટલા નિર્દોષ માછીમારોને પકડીને તેમનાં હાથપગ તથા માથાં ઊડાવી દીધાં.

ધીરેધીરે ફિરંગીઓએ ભારતમાં સશસ્ત્ર દળો વધાર્યાં અને અંજદીવ ટાપુ, કાન્નાનોર તથા કોચીનમાં કિલ્લેબંધી કરી દીધી ત્યાંથી તેઓ ભારતીય

તથા આરબ વ્યાપારી જહાજોની લૂંટ ચલાવતા અને તેમનો નાશ કરતા.

લૂંટફાટનો આરંભ

એ પછી આલ્ફોન્ઝો દ' આલ્બુકર્ક ભારત આવ્યો. તેને દરેક મુસ્લિમ જહાજનો નાશ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. આનો ઉદ્દેશ હિંદી મહાસાગરમાં ફિરંગીઓનું સંપૂર્ણ વર્ચસ્ સ્થાપવાનો હતો. નવા ગવર્નરને ટૂંક સમયમાં જ ખાતરી થઈ ચૂકી કે જ્યાં સુધી ફિરંગીઓ ભારતમાં કોઈ પ્રદેશ મેળવે નહિ ત્યાં સુધી વ્યાપારી વર્ચસ્ જમાવવાના બધા પ્રયાસો વ્યર્થ જશે. આવો પ્રદેશ મળે તો જ કટોકટી વખતે તેમાંથી અનામતો અને કુમક મેળવી શકાય.

આથી તેણે પૂર્વમાં ફિરંગી સામ્રાજ્ય સ્થાપવાનો વિચાર કર્યો. તેણે ગોવાના અત્યંત વ્યૂહાત્મક સ્થાન વિષે સાંભળ્યું હતું. તેને ખાતરી થઈ કે ગોવાનો કબજો અરબી સાગરમાં વર્ચસ્ સ્થાપવામાં ઉપયોગી નીવડશે.

ગોવાના કેટલાક હિંદુ સરદારોએ ગોવા ખાતેના આદિલશાહના ગવર્નરના ઝનૂન અને દમનમાંથી હિંદુ વસતિને છોડાવવા માટે આલ્બુકર્કની મદદ માગી.

વિદેશીઓએ આ આમંત્રણોનો લાભ લીધો અને ભારતીય મિત્રના શત્રુને હરાવ્યો. પણ પાછળથી એ ભારતીય મિત્રને પણ તાબેદાર બનાવી દીધો!

એક યોગીએ એવી આગાહી કરી હતી કે દૂરના દેશના લોકો ગોવા ઉપર વિજય મેળવશે. આ આગાહીની ખતરનાક અસર થઈ..... આઠ આગેવાન નાગરિકોએ ઘૂંટણીએ પડીને શહેરની ચાવીઓ આલ્બુકર્કને ભેટ આપી!

બે મહિના પછી, બિજાપુરના રાજા યુસુફ આદિલ શાહે ગોવામાં એક વિશાળ સૈન્ય મોકલ્યું અને ફિરંગીઓને દૂર દરિયામાં હાંકી કાઢ્યા. પરંતુ

એક વર્ષ બાદ, આલ્બુકર્કે કુમક મેળવી અને તેણે મોટા કાફલા સાથે ગોવા ઉપર આક્રમણ કર્યું.

૧૫૧૦ના નવેમ્બરની ૨૫ મીએ સવારે આલ્બુકર્કે ગોવા ઉપર હુમલો કર્યો અને તેના કેટલાક માણસો દીવાલ ચડીને શહેરમાં પેઠા. રસ્તાઓ ઉપર ઉગ્ર યુદ્ધ ખેલાયું અને સ્ત્રીઓ, પુરુષો તથા બાળકોની કરપીણ કત્લે-આમ ચાલી. ત્રણ દિવસ સુધી નાગરિકો ઉપર દરેક પ્રકારના અત્યાચાર ગુજારવામાં આવ્યા.

શહેરને લૂંટવામાં આવ્યું અને મુસ્લિમોને જીવતા સળગાવી મૂકવામાં આવ્યા. પાંચમા ભાગની લૂંટ – આશરે બે લાખ રૂપિયા – ફિરંગી રાજા માટે અનામત રાખવામાં આવી હતી.

લગ્ન દ્વારા ધર્માન્તર

આલ્બુકર્કે લગ્ન દ્વારા તથા ખાસ અધિકારો આપીને ધર્માન્તર કરવાની નીતિ અપનાવી હતી. આ નીતિ અનુસાર, ૧૫૧૯માં એવો શાહી ફતવો બહાર પાડવામાં આવ્યો હતો કે દાન અને તબીબી સગવડો ખ્રિસ્તીઓને જ મળશે. આનો ઉદ્દેશ ગરીબ હિંદુઓને ફરજિયાત વટલાવવાનો હતો. ૧૫૩૪માં "ડિયોસેઝ ઑફ ગોવા"ની રચના બાદ તેને ટકાવી રાખવા માટે નવા કરવેરા લાદવામાં આવ્યા હતા. પછી તો પોર્ચુગલથી પાદરીઓનાં ધાડાં આવવા લાગ્યાં અને આગ તથા તલવાર વડે ખ્રિસ્તી ધર્મનો વિસ્તાર થવા લાગ્યો. ૧૫૪૦માં માઈગલ વાઝ અને ડિયોગો દ બોરડા નામના બે જાણીતા પાદરીઓ, જેઓ સંત ફ્રાન્સિસના હાથા જેવા હતા, તેમણે ગોવાના ટાપુ પરનાં તમામ હિંદુ મંદિરોનો નાશ કરવાનો હુકમ આપ્યો અને "રૉયલ પ્રોવિઝન" દ્વારા મળેલી સત્તા અનુસાર કેથોલિક દેવળોના સંચાલન માટે હિંદુ મંદિરોની મિલકતો જપ્ત કરી. આ મિલકતોની આવકમાંથી સેન્ટ પૉલની જેસુઈટ સેમિનરી સ્થાપવામાં આવી.

કઠંગા કાયદા

૧૫૫૬ના મેની ૨૩મીએ બહાર પાડવામાં આવેલા કાયદાઓ હિંદુ-

ઓને કોઈ સરકારી હોદ્દો ન મળી શકે એવી જાહેરાત કરી. એ જ વર્ષે બહાર પાડવામાં આવેલા બીજા એક કાયદા દ્વારા હિંદુ અનાથો ધર્માન્તર ન કરે તો તેમની મિલકતો પોર્ચુગીઝો અને ખ્રિસ્તીઓને મળે એમ ઠરાવવામાં આવ્યું. બીજા એક કાયદાએ ગોવાના ટાપુ પરનાં તમામ હિંદુ મંદિરો અને મૂર્તિઓ ભાંગી નાખવાની તથા ખ્રિસ્તી સિવાય તમામ ધર્મોના ઉત્સવો ઉપર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી. ગુનેગારને પકડી પાડનારને તેની પાસેથી જપ્ત કરાતી અડધી મિલકત પ્રાપ્ત થતી. બાકીની અડધી દેવળને મળતી. જે હિંદુઓ ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કરે તેમને ખાસ અધિકારો આપતા અનેક ધારાઓ એ વર્ષે બહાર પડ્યા.

૧૫૬૦માં ડોમ કોન્સ્ટેન્ટિનો દ બ્રેગાન્ઝાએ ગોવાના ટાપુ પરથી તમામ બ્રાહ્મણો અને સોનીઓને હાંકી કાઢ્યા.

૧૫૬૭ની ૪થી ડિસેમ્બરના કાયદાઓ હિંદુઓનાં લગ્ન, જનોઈ અને અંતિમ ક્રિયા ઉપર પ્રતિબંધ મૂકયો અને તેમના ધાર્મિક ગ્રન્થો જપ્ત કર્યા. ૧૫ વર્ષથી મોટી ઉંમરની દરેક વ્યકિતએ ફરજિયાત ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ સાંભળવો એમ નક્કી કરાયું. જે હાજર ન રહે તેને આકરી શિક્ષા થતી.

૨૮૦ મંદિરો સળગાવી મૂકયાં

એ જ વર્ષે રેચોલના કિલ્લાના એક કેપ્ટને, આર્ચ બિશપ તથા સોસાયટી ઑફ જિસસની સલાહ અને ટેકાથી એકલા સાલ્સેટ ખાતે જ ૨૮૦ હિંદુ મંદિરો સળગાવી કે તોડી નાખ્યાં. રાજા ડી. સિબેસ્ટિયને તેને આ મંદિરોની અડધી જમીન ભેટ તરીકે આપીને બદલો આપ્યો. બાકીની અડધી જમીન જેસુઈટોને આપવામાં આવી. પછીથી આ બધી મિલકતો સેન્ટા કેસા દ મિસેરીકોર્ડિયાને નામે ચઢાવી દેવામાં આવી. આ સંસ્થા હજી અસ્તિત્વમાં છે અને તે માત્ર યુરોપિયનોનું જ મંડળ છે.

૧૫૭૫માં બહાર પાડવામાં આવેલા એક હુકમ પ્રમાણે હિંદુઓને રાજ્યની માલિકીની જમીન ભાડે રાખતા અટકાવવામાં આવ્યા. તેમણે ફર-

જિયાત એ જમીન ખ્રિસ્તીઓને આપી દેવી પડતી. હાંકી કઢાયેલા જે હિંદુઓ રજા વિના પાછા ફરે તેમની જમીન આંચકી લેવામાં આવતી.

૧૫૮૩માં જેસુઈટોએ એસોલ્ના તથા કન્કોલિમ ખાતે, લશ્કરી મદદથી હિંદુ મંદિરોનો નાશ કરી, દેવળો બાંધ્યાં. હિંદુઓએ બળવો કર્યો અને પાદરીઓને મારી નાખ્યા ત્યારે એ ગામોની તમામ જમીન જપ્ત કરવામાં આવી અને એનો કેટલોક ભાગ સોસાયટી ઑફ જિસસને આપી દેવામાં આવ્યો. જેસુઈટો સાલ્સેટમાં ઘૂસ્યા, ફ્રાન્સિસ્કનો બોર્ડેઝમ ગયા અને ડોમિનિકનો વગેરે ઈલ્હાસમાં પહોંચ્યા..

જેસુઇટોના મોજશોખ

"વાજબી સાધનો"નો ઉદ્દેશ પાર પડયો. એક સૈકાથી ઓછા સમયમાં, ખ્રિસ્તીકરણના આંચળા નીચે પોર્ચુગીઝોના ધાર્મિક પંથો સ્થાનિક વસતિની સંપત્તિ પડાવી લઈને એટલી હદે સમૃદ્ધ બની ગયા કે તેમનાથી ખુદ રાજ્યની સલામતી ખતરામાં મૂકાઈ. ૧૬૦૩માં ગોવાની સેનેટે રાજાને જણાવ્યું હતું કે જેસુઈટોની આવક રાજ્યની આવક કરતાં અડધી છે. પાદરીઓ મોજશોખ અને વિલાસમાં રચ્યાપચ્યા રહેતા અને ધર્મની ઝાઝી પરવા કરતા નહિ.

સતામણીને કારણે હિંદુઓની મોટી વસતિ નાસી જવાથી ગોવા દરિદ્ર બની ગયું. આવક ઘટી જવાથી સરકારે ધાર્મિક સંપ્રદાયો સામે પગલાં લેવા માંડયાં. લૂંટફાટ દ્વારા સંપત્તિ મેળવવા ઉપર સરકારે પ્રતિબંધ મૂકવા માંડયો. પરંતુ પાદરીઓની વગ એટલી જબરી હતી કે છેક ૧૭મા અને ૧૮મા શતકમાં પણ તેઓ નવા કાયદા દ્વારા પૈસા પ્રાપ્ત કરતા હતા. વેપાર બંધ પડયો ત્યારે વાઈસરૉયોએ સતામણી કરતા હુકમો પાછા ખેંચી લેવા માંડયા.

ધર્માંતર અગર દેશત્યાગ

પાછળથી જેઓ ઈથિયોપિયાના પેટ્રીઆર્ચ બન્યા હતા તે ફ્રાધર મેન્યુઅલ ડી સા જેવા કેટલાક પાદરીઓએ પણ હિંદુઓને હબસીઓ

દ્વારા ખ્રિસ્તી ધર્મોપદેશ ફરજિયાત સાંભળાવવા ઠસડી જવામાં આવતા તે સામે સખત નફરત વ્યક્ત કરી હતી. આ હબસીઓ ઘરના કોઈ પણ ખંડમાં ઘૂસી જઈ પત્નીઓ અને પુત્રીઓની હાજરીમાં પુરુષોને ઉપાડી જતા. એથી મોટો ગુનો બીજો કયો હોઈ શકે? આમ છતાં અસહિષ્ણુતા ચાલુ રહી. ડોમિનિકન ફ્રાધર કેટાનો દ એસ. જોસના હુકમ પ્રમાણે વેલ્હાસ કોન્વીસ્ટાસ બદલવામાં આવ્યા. રાજ્યના દરેક "હિંદુને ખ્રિસ્તી ધર્મ સ્વીકારો અથવા દેશ છોડીને ચાલ્યા જાઓ" એવો હુકમ આપવામાં આવ્યો. છેવટે ૧૭૬૩માં હિંદુ રાજાઓની સંમતિથી નોવાસ કોકવીસ્ટાસ (નવા પ્રદેશો) રાજ્યમાં ભેળવવામાં આવ્યા ત્યારે જ હિંદુઓ પ્રત્યે અને તેમના ધર્મ પ્રત્યે મર્યાદિત પ્રમાણમાં સહિષ્ણુતા દાખવવામાં આવી.

ફ્રિરંગીઓની બેવડી રમત

બીજા કોઈ પણ શાહીવાદી શાસકો કરતાં ફ્રિરંગીઓએ ધર્મનો રાજકીય શોષણ અને દમનના સાધન તરીકે વધુમાં વધુ ઉપયોગ કર્યો છે. તેમની સંસ્થાઓમાં ધર્માન્તર કરવાની નીતિ કોઈ આધ્યાત્મિક મૂલ્યોથી નહિ પણ ભૌતિક લાભો માટે જ ઘડાય છે એ સાબિત કરવા માટે ફ્રિરંગી રિપબ્લિકનોના મંતવ્યને ટાંકવું જરૂરી છે. જ્યારે તેઓ સત્તા ઉપર હતા ત્યારે તેમણે દેવળ અને રાજ્યને ભિન્ન કરવાનો ધારો પસાર કર્યો. પોર્ચુગલમાં કેથોલિક ધર્મની સામે કટ્ટર લડત ચલાવી પણ સંસ્થાનોમાં તેમણે રાજ્યને પૈસે પાદરીઓ, બિશપો, સેમિનરીઝ અને મિશનરીઓ નભાવ્યા અને કેથોલિક ધર્મના ફેલાવા માટે તમામ મદદ કરી. તેમણે પોતાના સાંસ્થાનિક સામ્રાજ્યમાં દેવળોને રક્ષણ આપ્યું અને હવે સાલાઝારની પ્રત્યાઘાતી સરમુખત્યારી ખ્રિસ્તીધર્મના પ્રચારમાં રહેલા ગર્ભિત રાજકીય કાવાદાવાને છૂપાવતી નથી. "ઓર્ગેનિક ચાર્ટર ઑફ ધ પોર્ચુગલ કોલોનિયલ એમ્પાયર"ની ૨૪૮ની કલમ ખુલ્લી રીતે કહે છે કે કેથોલિક મિશનો એ "સંસ્કૃતિ અને રાષ્ટ્રીય વગનું સાધન છે."

તાજેતરમાં સાલાઝાર અને "હોલી સી" વચ્ચે થયેલી સમજૂતીમાં

એવી જોગવાઈ કરાઈ છે કે વિદેશો ખાતેનાં મિશનોને રાજ્ય તરફથી મદદ કરવામાં આવશે. એમાં ધાર્મિક સત્તાવાળાઓને ખાસ આદેશ આપવામાં આવ્યો છે કે ઈતિહાસ જેવા વિષયોના શિક્ષણમાં કાયદેસરની પોર્ટુગીઝ દેશભક્તિને ધ્યાનમાં લેવાવી જોઈએ. (૨૦મી કલમ) આ ઉપરથી સાબિત થાય છે કે રાષ્ટ્રવાદને મિટાવી દેવા માટે ધર્મ એક સાધન માત્ર છે.

પોર્ટુગીઝોની ઉદ્ધતાઇ

ફિરંગીઓની અસહિષ્ણુતાથી આવેલો ફેરફાર માત્ર ધર્મ પૂરતો જ મર્યાદિત ન હતો. તેઓ લોકોની જીવનપદ્ધતિ તેમજ પરંપરાગત ભારતીય રીતરિવાજોમાં પણ દરમ્યાનગીરી કરતા હતા. તેઓ વિદેશી ટેવો અને રિવાજો લાદતા હતા. ઘણા રિવાજો તો સ્થાનિક હવામાનને પણ ધ્યાનમાં લેતાં નહિ. ભારતની તમામ પરંપરા ઉપર તેમની ઉદ્ધતાઈનું આક્રમણ થયું. ગોવાના રીતરિવાજો બદલવામાં સૌથી વધુ ભાગ ભજવ્યો "હોલી ઈન્કવીઝીશને." આ સંસ્થાએ ગોવામાં લગભગ બે સૌકા સુધી પ્રવૃત્તિઓ ચલાવી.

કોંકણી ભાષાની નાબૂદી અને ફરજિયાત લાદવામાં આવેલી ફિરંગી ભાષાને યુરોપિયન અને ભારતીય પાદરીઓની હરીફાઈ સાથે સંબંધ હતો. સમૃદ્ધ જિલ્લાઓમાં પાદરીઓ વિલાસી જીવન ગાળતા હતા. સ્થાનિક ભાષાના અજ્ઞાનને કારણે પોતાનું સ્થાન ભારતીય પાદરીઓ લેશે એવો તેમને ડર હતો તેથી યુરોપિયન પાદરીઓએ વાઈસરોય ફ્રાન્સિસ્કો દ તાવોરા, કાઉન્ટ ઑફ આલ્વોર પાસેથી ૧૬૮૪ના જૂનમાં એક હુકમ કઢાવ્યો. આ હુકમમાં જણાવાયું હતું કે તમામ લોકો વચ્ચે વિચાર-વિનિમય સરળતાથી થઈ શકે એ માટે સ્થાનિક લોકોએ ફિરંગી ભાષા બોલવાનું શરૂ કરવું અને તમામ પાદરીઓ તથા શિક્ષકો બાળકોને ફિરંગી ભાષામાં જ શિક્ષણ આપશે. પરિણામે, સમય જતાં એ ભાષા જ સામાન્ય બની રહે અને સ્થાનિક ભાષાના વપરાશની જરૂર ન રહે. લોકોએ તમામ પ્રસંગોએ ફિરંગી ભાષાનો જ ઉપયોગ કરવો. હું તેમને ૩ વર્ષની મુદત આપું છું. ત્યાં સુધીમાં

સૌએ ફિરંગી રૂઢપ્રયોગો શીખી લેવા અને તમામ વ્યવહાર તથા કરારો ફિરંગી ભાષામાં જ કરવા. જેઓ પોતાની દેશી ભાષાનો ઉપયોગ કરશે તેમની સામે કડક હાથે કામ લેવામાં આવશે.

ફિરંગી ભાષામાંજ બોલો

૧૭૪૫ના નવેમ્બરની ૨૧મી તારીખે બહાર પાડવામાં આવેલા "પેસ્ટોરલ" (ધાર્મિક આદેશ)નો ઉદ્દેશ ભારતીય પાદરીઓને તેમના વ્યવસાયમાં ઊતારી પાડવાનો અને યુરોપિયન પાદરીઓને આગળ લાવવાનો હતો. આ આદેશમાં એવી શરત મુકવામાં આવી હતી કે પાદરીઓને જ નહિ તેમના તમામ સગાંઓને પણ માત્ર ફિરંગી ભાષા જ બોલતા આવડવી જોઈએ. એ માટે રેવરન્ડ વિકારો કડક પરીક્ષાઓ લેશે અને કસોટીઓ કરશે.

ગોવનોને પશ્ચિમને રંગે રંગવામાં આવ્યા એમાં ગુલામીનો મોટો અંશ રહેલો છે. આપણા દેશજનો ઉપર આરોગ્યશાસ્ત્રના પ્રાથમિક નિયમોની પણ વિરુદ્ધ કહેવાય એવી ટેવો લાદવામાં આવી.

સ્ત્રીઓ માટે કઠંગો પોશાક

'ઈન્ક્વીઝીશન' દ્વારા ભારતની ખ્રિસ્તી મહિલાઓ ઉપર સૌથી કઠંગો, હાસ્યાસ્પદ અને આરોગ્યને હાનિ કરનારો પોશાક (ઓલ) લાદવામાં આવ્યો.

ગોવામાં લોકોના [રાષ્ટ્રવાદને નાબૂદ કરાયો એટલું જ નહિ પણ સાંસ્કૃતિક દેવાળું નીકળી] ગયું. ફિરંગીઓ રાષ્ટ્રીય સંસ્કૃતિના વિકાસની આડે આવતા એટલું જ નહિ પણ તેઓ એને સ્થાને જેને સંસ્કૃતિ કહી શકાય એવી કોઈ પરંપરા લાવી શક્યા નહિ. તેમનામાં એ લાયકાત જ ન હતી.

વિજયના પ્રથમ ઉન્માદમાં તેમણે મંદિરોનો નાશ કર્યો, બિનખ્રિસ્તી સંપ્રદાયોનાં તમામ પ્રતિકો નેસ્ત નાબૂદ કર્યાં અને સ્થાનિક ભાષાઓમાં લખાયેલા ગ્રંથો બાળી મૂક્યા. આ ગ્રંથોમાં મૂર્તિપૂજાની હિમાયત કરાઈ છે એવા વહેમથી તેમનો નાશ કરાયો હતો. તેમની ઈચ્છા તો ધર્માન્તર

માટે તૈયાર ન હોય એવી વસતિનો પણ નાશ કરવાની હતી. એ વખતે જ નહિ પણ બે સૈકા બાદ પણ એવા કેટલાક લોકો હતા જેઓ સરકારને ગૌરવપૂર્વક આવું પગલું ભરવાની સલાહ આપતા હતા!

૧૫૪૮માં પણ બિશપ ફાધર ડી. જેઓ દ આલ્બુકર્કે હિંદી ભાષાઓનાં પુસ્તકો બાળી નાખવા માટે એકત્ર કર્યાં હતાં. પરંતુ પાછળથી તેમને ખાતરી થઈ કે વિનાશકપ્રવૃત્તિ સફળ થતી નથી. તેમને લાગ્યું કે શાસકો આવી પ્રવૃત્તિથી તો વિનિમયનું માધ્યમ ગૂમાવે છે. કેટલાક યુરોપિયન પાદરીઓ તો સંસ્કૃત અને મરાઠી પુસ્તકોની મદદથી કોંકણી શીખવા લાગ્યા. તેમણે ભેળસેળિયા કે સંકર ભાષામાં ઉપદેશો પણ પ્રસિદ્ધ કરવા માંડયા. કેટલાંક પુસ્તકો મિશનરીઓ દ્વારા કોંકણીમાં શા માટે લખાયેલાં તેનું રહસ્ય આ છે. એથી ઘણા લોકો એમ માનવા લાગ્યા કે જેસુઈટો જ આપણી ભાષાના ખરા પ્રચારકો છે! હકીકતમાં તો તેઓ પોતાના લાભ માટે કોંકણીને વિકસાવતા હતા.

વિચાર પરિવર્તન

ગોવામાં ત્રણ સદીઓ સુધી શિક્ષણ એ ખ્રિસ્તી ધર્મ અને દેવળનો જ ઈજારો હતો. બાળકોને મૂર્ખ બનાવવા માટે અને તેમને ખોટી રીતે ભરમાવવા માટે આ શાળાઓ જવાબદાર હતી.

ત્યાં તેમને મુક્કાઓ મારીને ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતો શીખવવામાં આવતા. વિચિત્ર અને ભાગ્યે જ સમજી શકાય એવી કોંકણીમાં બાળકો પોપટની જેમ આ સૂત્રો કડકડાટ બોલતાં. તેઓ સમજતા પણ ન હોય એવા લેટિન અને પોર્ચુગીઝ શબ્દો ગોખ્યા કરતા.

આવી શાળાઓમાં શીખીને બહાર પડનારા પાસેથી શી અપેક્ષા રાખી શકાય? તેઓ પોતાના વ્યક્તિત્વનો ત્યાગ કરતા અને શાસકોની આજ્ઞાને વશ થઈને રહેતા..

હકીકતમાં કોઈ પ્રજા ગોવનો જેટલી ગૌરવભ્રષ્ટ અને નીચી કક્ષાએ પહોંચી નથી. તેમના સૌથી પ્રાથમિક માનવ અધિકારો પણ લઈ લેવામાં

આવ્યા હતા. તેમના રીતરિવાજો નાશ પામ્યા છે. તેમની માતૃભાષા ભૂલાઈ ગઈ છે. તેમની પરંપરાગત સંસ્કૃતિ નાશ પામી છે. તેમનાં અખબારો ફાસીવાદીઓ અને જેસુઈટોની ભાટાઈ કરે છે. આવડત વિનાના અને રુશ્વતખોર વહીવટીતંત્રથી દેશ છિન્નભિન્ન અને બરબાદ થઈ ગયો છે.

ગોવનોની સંસ્કૃતિના વિનાશ માટે બીજું જવાબદાર તત્ત્વ છે શરાબ. ભૌતિક અને નૈતિક અધોગતિ માટે જવાબદાર આ નશાખોરીની સરદારી વિશ્વની કેથોલિક વસતિઓ લીધી છે. તેમણે હિંદુઓને પણ આ ખરાબ દૃષ્ટાંતથી બગાડ્યા છે. ભારતમાં શરાબ પીવાનું વધતુ અટકાવવામાં હિંદુ અને મુસ્લિમ ધર્મોનો ઘણો મોટો ફાળો છે.

ખ્રિસ્તી ધર્મમાં શરાબ પીવાની મનાઈ નથી એ હકીકતનો ફિરંગી શાસકોએ ગેરલાભ ઊઠાવ્યો તેમણે જાણીબૂઝીને, ગુનાહિત કહેવાય એટલી હદે સ્થાનિક દારૂનું ઉત્પાદન વધારવામાં પ્રોત્સાહન આપ્યું. તેમણે વિપુલ પ્રમાણમાં વિદેશોથી દારૂની આયાત પણ કરવા માંડી.

રાષ્ટ્રવાદના પતનમાંથી માનસિક ગુલામી, રાજકીય તાબેદારી, બિનકુદરતી રીતભાતો, સાંસ્કૃતિક બંધિયારપણું અને વિનાશ, ચારિત્ર્યભ્રષ્ટતા, શારીરિક અધોગતિ અને આર્થિક બરબાદીનાં અનિષ્ટો પ્રગટયાં.

ફરજિયાત પશ્ચિમીકરણે આપણી રાષ્ટ્રીય પરંપરાને નાબૂદ કરી અને આપણે હલકી કોટિના ધંધા - વ્યવસાયો માટે જ લાયક અને આજ્ઞાંકિત એવા સેવકો બની રહ્યા.

ફિરંગી શાસને ગોવનોને ગુલામી માનસવાળા, ખુશામતિયા, નબળા અને ડરપોક બનાવ્યા છે. જેસુઈટો પાસેથી તેમણે પ્રત્યાઘાતી વિચારસરણી અને કારકુનિયા પ્રકૃતિ મેળવ્યાં છે. આને પરિણામે તેઓ પોતાની કરુણ દશા તરફ બેપરવાઈથી જોતા શીખ્યાં છે.

આખરે આઝાદી આવી

ભારતના તખ્તા પરથી ફિરંગીઓનો અધમ અમલ પૂરો થયો છે. સદ્‌ભાગ્યે ગોવા મુકત થયું છે અને ત્યાં ભારતનું શાસન શરૂ થયું છે.

પ્રકરણ : ૪

રોમના દેવળની શિકારીવૃત્તિ

"એ યાદ રાખવું જોઈએ કે ઈશુ ખ્રિસ્તની ભાવનાનો જેમનામાંથી લોપ થયો છે એવાં તમામ દેવળો અને ધર્મસંપ્રદાયો દમનનો આશરો લે છે. પણ રોમના ચર્ચને બાદ કરતાં પૃથ્વી પર બીજું કોઈ ચર્ચ મતાંતરવાળાની તપાસ કરવા અને તેમને સજા કરવા માટે અલગ સંસ્થા ધરાવતું નથી. તેના કાયદા અનોખા છે અને તે ખાસ અદાલતો, ન્યાયાધીશો તથા અધિકારીઓ નીમે છે. આ પરિસ્થિતિ જ તાત્ત્વિક રીતે 'ઇન્ક્વીઝીશન'ને નામે ઓળખાવામાં આવે છે."

ડૉ. વિલિયમ હેરિસ રુલ નામના અંગ્રેજ મિશનરીએ પોપના હોદ્દા સામે આ શબ્દોમાં આકરી ટીકા કરી છે. વ્યવસ્થિત રીતે ધર્માંતર પ્રવૃત્તિઓ કરનાર તમામ મિશનરીઓની પ્રવૃત્તિઓ આ રોમના ચર્ચમાંથી શરૂ થાય છે. રોમના ચર્ચના અનુયાયીઓ વધારવા અને પોપનું વર્ચસ્ વિસ્તારવા આ મિશનરીઓ વટલાવવાની પ્રવૃત્તિઓ માટે પોતાની તમામ શકિતઓ અને તમામ સાધનોનો ઉપયોગ કરે છે. પૃથ્વી પરના અનેક દેશોમાં થતા ફરજિયાત ધર્માન્તર, ધર્મને નામે થતી ભયંકર તપાસો અને રાજકીય દમન પાછળ આ રોમન ચર્ચની પ્રેરણા રહેલી છે. આ બધું માત્ર પોપના લાભ માટે અને તેની કીર્તિ વધારવા માટે થઈ રહ્યું છે.

કેથોલિકોનું ધર્મઝનૂન

વિલિયમ પ્રેસ્કોટ લખે છે: "ખ્રિસ્તી ધર્મ રોમન સામ્રાજ્યનો સ્થાપિત ધર્મ બન્યો તે પ્રારંભના કાળથી આપણને તેમની અસહિષ્ણુતાનાં દૃષ્ટાંતો જોવા મળે છે. પરંતુ પોપની સત્તા ગણનાપાત્ર પ્રમાણમાં વધી પડી ત્યાં સુધી આ કૃત્યો સતામણીની કોઈ વ્યવસ્થિત યોજનામાંથી નહોતાં સરજાતાં.

રોમના ચર્ચની સત્તાનો સૂર્ય સોળે કળાએ પ્રકાશતો હતો ત્યારે તેઓ પૃથ્વીને બે ભાગમાં વહેંચી નાખવા જેટલી ધૃષ્ટતા ધરાવતા હતા. તેમણે આ પૃથ્વી પોતાના બે પટ્ટશિષ્યો સમા સ્પેન અને પોર્ટુગલને વહેંચી આપી હતી. ધાર્મિક સિદ્ધાંત પ્રમાણે તેઓ પૃથ્વીને ચપટી ગણતા હતા અને તેથી વિરુદ્ધ મત ધરાવનાર વિજ્ઞાનીને એમણે શિક્ષા કરી હતી. બન્ને ગોળાર્ધમાં આ બે કેથોલિક સત્તાઓએ પોપના આશીર્વાદથી કેવી લૂંટફાટ ચલાવી એનો ઇતિહાસ સાક્ષી છે.

કેન્દ્રસ્થાને રોમ

વધુ ને વધુ લોકોને ખ્રિસ્તી બનાવવાના અને જગતભરમાં પોતાનું વર્ચસ્ સ્થાપવાના ઝનૂની પ્રયાસમાં ચર્ચે એક તપાસસંસ્થા નીમી અને તેને 'હોલી ઑફિસ" એવું નામ આપ્યું. આ સંસ્થા કેટલી પવિત્ર હતી એ તો ભગવાન જ જાણે છે. રોમ આ તપાસપ્રધાન તંત્રના કેન્દ્રસ્થાન સમું હતું. તેઓ નિર્દય અને કરપીણ કૃત્યોમાં રાચતા હતા અને જેસુઇટોની મદદથી પોતે તથા તેમના ચર્ચે "ટૅરર ટ્રિબ્યુનલો'ની ભયંકર કામગીરી આગળ ધપાવી.

આ દેશમાં ચાલી રહેલી ખ્રિસ્તીઓની પ્રવૃત્તિઓ અંગે તપાસ કરવા મધ્ય પ્રદેશની સરકારે નીમેલી નિયોગી સમિતિનો અહેવાલ જણાવે છે:

"પરિસ્થિતિ એવી જણાય છે કે, કેથોલિક ચર્ચ દ્વારા પ્રતિનિધિત્વ પામતું પોપનું તંત્ર અને અમેરિકન લોકશાહી બન્ને ધર્માન્તર પ્રવૃત્તિઓમાં હાથ મિલાવીને કામ કરી રહ્યાં છે. પોપ પોતાનું ધાર્મિક સામ્રાજ્ય વિસ્તા-



"જે સત્ય આચરે છે તેને પ્રકાશ લાધે છે."

(સંત ઝેવિયર જાપાનમાં તેમની યુક્તિ–પ્રયુક્તિઓ અજમાવી રહ્યા છે.)

રવા માંગે છે. અને અમેરિકા વિશ્વનું નેતૃત્વ પ્રાપ્ત કરવા ઇચ્છે છે."

પોપે ૧૮૭૦માં પોતે ભૂલોથી પર છે એવી જાહેરાત કરી ત્યારે તેના કેટલાક બિશપોએ ભિન્ન મત દર્શાવ્યો :

'એ વાત હવે તદ્દન સ્પષ્ટ થઈ ગઈ છે કે, દરેક કેથોલિક, જેની પ્રવૃત્તિઓ પોતાના સંપ્રદાયની આજ્ઞા પ્રમાણે ચાલે છે તે રાજ્યનો આજન્મ શત્રુ છે. તે તમામ રાષ્ટ્રો અને શાસકોને રોમન પોન્ટીફના તાબામાં લાવવાના શક્ય તેટલા પ્રયાસો કરવા બંધાયેલો છે."

મુક્તિ અને ચર્ચ

અંગ્રેજો પોતાની સ્વતંત્રતાનું મૂળ મેગ્નાકાર્ટામાં જુએ છે. પરંતુ એ વખતના પોપે આ મહાન દસ્તાવેજ માટે આ શબ્દો કહ્યા હતા : "ઇંગ્લેન્ડને તથા હોલી ઘોસ્ટને નામે, તેમજ પિટર અને પોલની સત્તા દ્વારા, અમારા બંધુઓ સાથે વિચારણા કર્યા બાદ, અમે આ ચાર્ટરનો સંપૂર્ણપણે અસ્વીકાર કરીએ છીએ અને તેને વખોડી કાઢીએ છીએ."

નેપોલિયને ચર્ચની વિશાળ જમીનો ગરીબોને વહેંચી દીધી તેથી ધર્મગુરુઓ નારાજ થયા હતા. પોપ અને તમામ કેથોલિક પાદરીઓ દ્વારા રાખવામાં આવતા ગુલામોને નેપોલિયને મુકત કર્યા તેથી પણ ચર્ચના સત્તાવાળાઓ રોષે ભરાયા હતા.

અમેરિકાના આંતરવિગ્રહ વખતે પોતાની સહાનુભૂતિ લિન્કન પ્રત્યે નહિ પણ અલગતાવાદી દક્ષિણનાં રાજ્યો પ્રત્યે હતી. લિન્કન તો રાષ્ટ્રની એકતા ચાહતા હતા, પણ દક્ષિણનાં રાજ્યો હંમેશને માટે ગુલામીની પ્રથા ચાલુ રાખવા માગતા હતા!

બન્ને વિશ્વયુદ્ધો વખતે ચર્ચે ફાસીવાદી સરમુખત્યારોને સંપૂર્ણ ટેકો આપ્યો હતો. પોપ પાયસ ૧૧માએ મુસોલિનીને "દૈવે મોકલેલા માનવી" તરીકે આવકાર્યો હતો. હિટલરને સત્તા ધારણ કરવાનું આમંત્રણ એક કેથો-

લિક ચાન્સેલરે આપ્યું હતું. સાર અને રહીનલૅન્ડમાં લોકમત જીતવામાં હિટલરને મદદ કરનાર ચર્ચ હતું. એ પછી પોપે જ સ્પેનિશ પ્રજાસત્તાકનો નાશ કરવામાં ફ્રેન્કોને મદદ કરી હતી.

પ્રગતિવિરોધી ચર્ચ

ચર્ચે ગેલીલિયો અને કોપરનિકસને વખોડી કાઢયા હતા. છાપખાનાને પણ તેણે જ ઉતારી પાડયું હતું અને ૫૦૦ વર્ષ સુધી માનવદેહની કાપકૂપી ઉપર પ્રતિબંધ મૂકીને તેણે તબીબી વિજ્ઞાનની પ્રગતિ અટકાવી હતી. તેણે કેટલાક સર્જનોને તો બાળી મૂકયા હતા!

આપણું રાજ્ય બિનસાંપ્રદાયિક, લોકશાહી, ઉદારમતવાદી અને સમાજવાદી રાજ્ય છે. પરંતુ દેવળે તો આ બધી પ્રગતિશીલ વિચારસરણીને "ધ્વેગ કરતાં પણ ખતરનાક" કહીને વખોડી કાઢી છે!

પોપ પાયસ ૧૨માને મતે, "વ્યકિતગત સ્વાતંત્ર્ય હકીકતમાં તો એક ભયંકર અરાજકતા જ છે." પોપે લિયો ૧૩માએ કહ્યું હતું કે, "અખબારી સ્વાતંત્ર્ય એ ધાર્મિક સ્વાતંત્ર્ય જેટલું જ સૌથી ખરાબ સ્વાતંત્ર્ય છે. તેને કોઈએ પૂરતા પ્રમાણમાં વખોડી કાઢયું નથી." તેઓ વધુમાં કહે છે કે, "તમામ સ્વાતંત્ર્ય એ પાગલપણાં જેવું અને ઉપદ્રવકારક છે." તેઓ માને છે કે, અખબારો પરની સેન્સરશીપ "જરૂરી" છે, કારણ કે, "વિચાર કરવાનું સ્વાતંત્ર્ય એ તર્કથી વિરૂદ્ધ છે."

ધાર્મિક સ્વાતંત્ર્યનો અભાવ

ઉપરોકત અવતરણ એમ સ્પષ્ટપણે બતાવે છે કે પોપો ધાર્મિક સ્વતંત્રતામાં માનતા નથી. જ્યાં જ્યાં રોમન કેથોલિકો બહુમતીમાં હોય છે ત્યાં ત્યાં તેઓ બીજા ધર્મોને દાબી દે છે. એક મહત્ત્વના કેથોલિક નેતા લુઈ વેઈલ્લોટે એક વખત નીચે પ્રમાણે કહ્યું હતું.

"અમે કેથોલિકો જ્યારે લઘુમતીમાં હોઈએ છીએ ત્યારે અમે અમારા સિદ્ધાંતોને નામે સ્વાતંત્ર્યની માગણી કરીએ છીએ; જ્યારે અમે કેથોલિકો

બહુમતીમાં હોઈએ છીએ ત્યારે અમે અમારા સિદ્ધાંતોના નામે સ્વતંત્રતાનો ઈનકાર કરીએ છીએ!"

પોપની અને પોપની જરૂરિયાતની પણ અવગણના અને ઈનકાર કરીને યુરોપમાં એક પ્રજા પછી બીજી પ્રજાએ પોપની સામે કેવી રીતે બળવો પોકાર્યો હતો અને પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયની કેવી રીતે સ્થાપના કરી હતી તે ઈતિહાસ જાણીતો છે.

'પોપનો હોદ્દો' તેમ જ 'પોપની પ્રથા' સામે સમજદાર પ્રોટેસ્ટંટોએ બહાદૂરીપૂર્વક તહોમતનામું પોકાર્યું અને પરિણામે, વિચાર-સ્વાતંત્ર્ય, મત-સ્વાતંત્ર્ય અને વર્તન-સ્વાતંત્ર્યના મનુષ્યના હકનું સમર્થન કરતી એક વિશ્વવ્યાપી સંસ્થા (પ્રોટેસ્ટંટ સંપ્રદાય) અસ્તિત્વમાં આવી.

વેટિકન અને ભારત

ભારતના લોકો વેટિકનની ટીકા કરતાં અચકાય છે કારણ કે તેમને એવો ભય રહે છે કે એમ કરવાથી કૅથોલિકોની ધાર્મિક લાગણીઓ કદાચ દુભાય. ભારતના લોકો પોતે ધાર્મિક અને સહિષ્ણુ હોવાથી, પોતાના ધર્મના ન હોય એવા બીજા લોકોની નાજૂક લાગણીઓનો આદર કરવા માગે છે. વેટિકનની બાબતમાં પણ આવું જ બને છે, કેમકે તેઓ પોપની સંસ્થાને વિશ્વની બાબતોમાં પોતાની લાગવગ વાપરતી એક રાજકીય સત્તા કરતાં વિશેષે કરીને તો રોમન કૅથોલિક ધર્મના કેન્દ્ર તરીકે વધુ લેખે છે. આ એક ભૂલ છે—જ્યારે હકીકતમાં તો, વેટિકન વિશ્વની બાબતોમાં પોતાની વગ ખરેખર વાપરે છે. પોતાની આ માન્યતાને કારણે હિંદુઓ વેટિકન (નામદાર પોપ)નો દોષ કાઢતાં અચકાય છે. પોતાની નાપસંદગી સંપૂર્ણપણે વાજબી હોય તો પણ વેટિકનનો દોષ કાઢતાં તેમને શરમ આવે છે.

'ચર્ચ' સંસ્થાનું વ્યક્તિત્વ દ્વિમુખી છે. આ સંસ્થાએ તેની ધાર્મિક અસહિષ્ણુતાને કારણે શું સત્યાનાશ કર્યો છે તે બધું અમે અન્ય પ્રકરણોમાં

રજૂ કર્યું છે. અહીં તો આપણે એક બીજા પાસાને, બિન-સાંપ્રદાયિક ભારતને ગાઢપણે સ્પર્શતા પાસાને હાથ ધરીશું.

"કેથોલિક ધર્મ એ સૌથી વિશેષ તો, રાજકીય વર્ચસ્વનું એક સાધન છે. બીજાઓને ગુલામ બનાવવાનું એ એક શાહીવાદી હથિયાર છે, અને આની સાબિતી એ હકીકતમાં રહેલી છે કે શાસનકર્તાઓ કોઈ પણ ધર્મ પાળતા ન હોય ત્યારે પણ તેઓ આ હથિયારનો ઉપયોગ કરતા હોય છે."

ભારત પ્રત્યે દુશ્મનાવટ

વેટિકનની રાજકીય પ્રવૃત્તિઓ ભારત વિરોધી રહી છે. આપણા સદ્‌ગત વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને ઉદ્દેશીને પોપે એવી ગંભીર જાહેરાત કરી હતી કે રાજકીય બાબતોમાં વેટિકન તટસ્થ છે. એમ છતાં, ગોવાની બાબતમાં વેટિકને પોર્ટુગલના ગોવા પરના દાવાની તરફેણ કરી હતી અને ભારત વિરોધી વલણ અખત્યાર કર્યું હતું. જુદી જુદી રીતે આમ કરવામાં આવ્યું હતું. પોર્ટુગલમાં તેમ જ ગોવામાં કેથોલિક ધર્મગુરુઓના મોવડીમંડળને ગોવાના મુક્તિ-આંદોલનનો પ્રતિકાર કરવા માટે 'ચર્ચ' સંસ્થાના બળોનું સંપૂર્ણપણે સંગઠન કરવા દેવામાં આવ્યું હતું; તો બીજી બાજુ પોર્ટુગલની ધૂંસરી હેઠળના પ્રદેશોનું ભારતમાં ફરી એકીકરણ કરવાના ઉદ્દેશથી ભારતમાં ચાલી રહેલા રાષ્ટ્રીય આંદોલનથી પોતાની જાતને અલિપ્ત રાખવાનો હુકમ વેટિકને ભારત ખાતેના કેથોલિક ધર્મગુરુઓના મોવડીમંડળને આપ્યો હતો.

કાર્ડિનલ ગ્રેશિયાસને ઠપકો

ભારતના કાર્ડિનલ ગ્રેશિયાસે ગોવાને ભારત સાથે જોડી દેવાની તરફેણમાં પોતે હોવાની જાહેરાત કરી તે માટે પોપે તેમને ઠપકો આપ્યો હતો. પોતાના દેશની આઝાદીને ટેકો આપતી એકલી અને ડરપોક જાહેરાત કરવા માટે તેમને સખત ચેતવણી આપવામાં આવી હતી, જાણે કે કાર્ડિનલ બનવાથી તેઓ ભારતીય નાગરિક મટી ગયા હોય!

રોમની મુલાકાત દરમિયાન આ ભારતીય કાર્ડિનલને એવો હુકમ કરવામાં આવેલો કે તેમણે ભારત છોડીને પરદેશોના લાંબા લાંબા પ્રવાસો કરવા અને ગોવાના પ્રશ્નમાં પોતાની જાતને સંડોવવી નહિ—તેઓ ગોવાની ધરતીના સંતાન હોવા છતાં તેમને આવો હુકમ ફરમાવાયેલો.

વળી, વેટિકને તમામે તમામ ભારતીય બિશપોને (ખ્રિસ્તીઓના ધર્મગુરુઓને) એવા આદેશો આપેલા કે તેઓએ ગોવાના પ્રશ્નમાં ભારતની તરફદારી ન કરવી. ભારતના આંતરિક રાજકારણમાં વેટિકને આવી દખલગીરી કરી છે. ભારતનાં અખબારોમાં લેટિન અને અંગ્રેજી એમ બંને ભાષાઓમાં આવા આદેશો પ્રગટ કરાવીને આવી દખલગીરી જાહેર રીતે કરવામાં આવી છે. વેટિકનનું આ પ્રકારનું જાહેર વલણ જાણ્યા પછી શું કોઈ એટલો બધો ભોળિયો હશે કે રાજકીય બાબતોમાં વેટિકનની નીતિ તટસ્થતાની છે એમ માની શકે?

પોર્ટુગલને ખુલ્લે ખુલ્લો ટેકો

આ ઉપરાંત, વેટિકનની સંસ્થાઓએ ગોવાના પ્રશ્નની બાબતમાં પોર્ટુગલનો પક્ષ લેતી પદ્ધતિસરની ઝુંબેશ દુનિયાભરમાં ઉપાડી હતી. પોતાના અંકુશ હેઠળનાં અખબારો, રેડિયો તેમ જ પોતાની આંતરરાષ્ટ્રીય સમાચારાસંસ્થા 'ફાઈડ્ઝ' મારફત વેટિકને વધતે ઓછે અંશે જાહેરમાં ગોવા પરના પોર્ટુગલના દાવાને ટેકો આપ્યો હતો. આ સંબંધમાં એક દાખલો ટાંકવો પૂરતો થઈ પડશે. "ઈન્ફોર્મેશન કેથોલિક્સ ઈન્ટરનેશનલ્સ" નામના એક અર્ધ-સત્તાવાર બુલેટિનના ૧૯૫૭ના ફેબ્રુઆરીની ૧૫ મીના અંકમાં "૧૯૫૭નું પોર્ટુગલ" એ શિર્ષક હેઠળ નીચેનું લખાણ પ્રગટ થયું હતું:

"એ હકીકત છે કે પોર્ટુગીઝોએ સંસ્થાનો સ્થાપ્યાં એ બીજાઓને સુધારવા માટેનો સૌથી શુદ્ધ પુરુષાર્થ હતો અને પોર્ટુગલને હવે તેનાં ફળો મળ્યાં છે જેમ કે બધી સાંસ્થાનિક સત્તાઓમાંથી એકલું પોર્ટુગલ જ, ૧૯૩૯—૧૯૪૫ના સમયગાળાના બીજા વિશ્વવ્યાપી ઝંઝાવાત પછી એટલે

કે બીજા વિશ્વયુદ્ધ પછી, પોતાનું સામ્રાજ્ય અકબંધ જાળવી શક્યું છે; અને ગોવાના કારણે ભારત સાથેના તેના તાજેતરના સંઘર્ષે પણ વર્તમાન સમયમાં પોર્ટુગલને અસાધારણ અને અનોખું સ્વરૂપ આપ્યું છે— ગોવામાંના મોટા ભાગના ગોવન લોકોએ અપવાદ વિના, પોતાની વફાદારી પોર્ટુગલ પ્રત્યે હોવાનું પ્રતિપાદન કર્યું છે."

વેટિકન રેડિયોનો પ્રચાર

તો, રેડિયો વેટિકને રેડિયો—લિસ્બનની જેમ પોર્ટુગલની તરફેણ કરતો પ્રચાર ઠાંસી ઠાંસીને કર્યો હતો. રેડિયો વેટિકન એ વિશ્વભરમાં સંભળાતું એક પ્રબળ રેડિયો—સ્ટેશન છે. રેડિયો વેટિકન પરથી ૧૯૫૬ના ૧૦ મી મેના રોજ એક ઉચ્ચ કક્ષાના બિશપ મેન્યુઅલ ફરેરા દ' સિલ્વાએ એક વાર્તાલાપ આપેલો. પોર્ટુગીઝ સંસ્કૃતિને આત્મસાત્ કરવાની નીતિને તમામ જાતિના અને તમામ ખંડોના લોકોમાં સંપૂર્ણ સફળતા સાંપડી છે એવી પોર્ટુગીઝોની બહુ જાણીતી અને સુફિયાણી વાત આ વાર્તાલાપમાંથી આપણે સાંભળી શકીએ છીએ: આ બિશપસાહેબે નીચે પ્રમાણે કહ્યું હતું:

"દાખલા તરીકે લુસો—ઈન્ડિયન્સ (એટલે કે ગોવનો) પોર્ટુગલમાં તેમજ દરિયાપારના તેના પ્રદેશોમાં પ્રાધ્યાપકો, મેજિસ્ટ્રેટો વગેરે તરીકે ઉચ્ચ હોદ્દાઓ પર સદા રહ્યા છે અને આજે પણ આવા ઉચ્ચ હોદ્દાઓ ધરાવે છે. તાજેતરમાં જ ગોવાના બે પાદરીઓને બિશપની પદવી આપવામાં આવી છે અને હું પોર્ટુગીઝ ભારતમાં હતો ત્યારે મેં જે એક પાદરીને બિશપ તરીકે નીમેલ છે તેની બિશપ તરીકેની દીક્ષાવિધિ કરાવવા હું ટૂંક સમયમાં જ ગોવા જવાનો છું."

કળી ન શકાય તેવા સૂક્ષ્મ પ્રકારના આવા પ્રચારનો સૂચિતાર્થ એવો છે કે ગોવનો મિશ્ર લોહીના છે, તેઓએ પોર્ટુગીઝ સંસ્કૃતિને સંપૂર્ણપણે આત્મસાત્ કરી છે અને દરેક દૃષ્ટિએ તેઓ પોર્ટુગીઝ જ છે.

પોપતરફી અખબારો

વેટિકનના અંકુશ હેઠળનાં અખબારોએ ભારતને બદનામ કરવાની વ્યવસ્થિત ઝુંબેશ ચલાવી છે. 'ઈન્ટરનેશનલ કેથોલિક ઈન્ફોર્મેશન' નામના એક સામયિકના તાજેતરના અંકમાં પોર્ટુગલનું વર્ણન નીચેના શબ્દોમાં કરવામાં આવ્યું છે:

"પોર્ટુગલ એ પરંપરાગત ખ્રિસ્તી દેશ છે, ૧૫મી સદીમાં થયેલી શોધોના જમાના બાદ આરંભાયેલી મિશનરી પ્રવૃત્તિઓમાં ખરેખર ભાગ લેનારાં રાષ્ટ્રો પૈકીનું એક પોર્ટુગલ હતું, તે અદ્‌ભુત ઈતિહાસનો વારસો ધરાવે છે અને વર્તમાન સમયમાં તે એક અસાધારણ ગૌરવ ધરાવે છે— આ ગૌરવ એટલે પૂર્વમાં તેનું ઉચ્ચમાં ઉચ્ચ માન. આ વીસમી સદીના ઈતિહાસમાં આવા પોર્ટુગલનું અનોખું સ્થાન રહેલું છે."

એ તદ્દન સ્પષ્ટ વાત છે કે પોર્ટુગલમાં ઝનૂની ફાસિવાદી શાસન-તંત્ર સ્થપાતાં વેટિકન અને પોર્ટુગીઝ સરમુખત્યારશાહીનું એક-બીજા સાથે ગાઢ જોડાણ થયું છે. આ કારણે જ કાર્ડિનલ ગ્રેસિયાસ એવા બણગાં મારી શકેલા કે ભારતના રાજકીય કેદીઓને પોર્ટુગીઝ સરકાર પાસેથી છોડાવવામાં વેટિકન મદદરૂપ થયેલ છે.

'ચર્ચ' સંસ્થા અને બિનસાંપ્રદાયિકતા

પરંતુ, પોર્ટુગલને નૈતિક ટેકો આપીને વેટિકન ભારતને જે નુકસાન પહોંચાડી રહ્યું છે તે નુકસાન ભારતના રાજકીય કેદીઓને પોર્ટુગીઝોની જેલોમાંથી છોડાવીને આ કેદીઓને આપેલી રાહત કરતાં કેટલું ય વધારે છે.

પોર્ટુગલ ખાતેના 'ચર્ચ' સંસ્થાના સર્વોચ્ચ વડાએ તાજેતરમાં એક ગંભીર પ્રવચનમાં પોર્ટુગલ અને વેટિકન વચ્ચે પ્રવર્તતા આ ગાઢા સંબંધો વિષે સ્પષ્ટિકરણ કર્યું હતું. તેમણે લંબાણથી એવું સમજાવ્યું હતું કે 'ચર્ચ' સંસ્થાથી રાજ્ય અલગ હોય એટલે કાંઈ રાજ્ય બિન-સાંપ્રદાયિક બની જતું નથી. બિન-સાંપ્રદાયિકતાની તેમની અદ્‌ભુત વ્યાખ્યા આ રહી:

"પ્રધાનપણે, બિન-સાંપ્રદાયિકતા એટલે પરમ નૈસર્ગિક વ્યવસ્થાનો ઈનકાર. એનો અર્થ એ થાય છે કે 'ચર્ચ' સંસ્થા, ઈસુ ખ્રિસ્ત અને ઈશ્વર વિના રાજ્ય, સમાજ અને મનુષ્યોના સમાજ-બંધારણની વ્યવસ્થા થઈ શકે છે. આમ, બિન-સાંપ્રદાયિકતા એ મૂળભૂતપણે ખ્રિસ્તી-વિરોધી છે. બિન-સાંપ્રદાયિક રાજ્ય એ ખ્રિસ્તી-વિરોધી રાજ્ય છે. આવું રાજ્ય માત્ર 'ચર્ચ' સંસ્થાથી જ અળગું નથી પરંતુ રાષ્ટ્રથી પણ અળગું છે."

કેથોલિક 'ચર્ચ' સંસ્થાના વડાએ તાજેતરમાં વેટિકન અને સાલાઝારના સરમુખત્યારશાહી શાસનતંત્ર વચ્ચે મિશનરી પ્રવૃત્તિઓ અંગે થયેલા બંધનકર્તા કરારની પ્રશંસા કરતાં, પોર્ટુગલની પ્રજાને 'પોતાના સામ્રાજ્ય કરતાં પોતાના ધર્મનો વધુ ફેલાવો કરનાર પ્રજા' તરીકે બિરદાવી હતી અને કહ્યું હતું:

"પોર્ટુગીઝોનાં કૃત્યોને પરિણામે 'ચર્ચ' સંસ્થાનો ઈતિહાસ કેટલો બધો સમૃદ્ધ અને ભવ્ય બન્યો છે તેની આપણને બધાને ખબર છે. તેમનાં આ કૃત્યો અને તેમના ઈતિહાસનું વર્ણન ત્યાંની ધાર્મિક સંસ્થાઓએ ભજવેલા મહત્ત્વના ભાગની વાતનો ઉલ્લેખ કર્યા વિના થઈ શકે નહિ. પ્રથમ તો, લશ્કરે પોતાનું લોહી રેડીને ખ્રિસ્તી પ્રદેશોનો વિસ્તાર વધાર્યો અને યુરોપ માટે નવાં આકાશ અને નવી દુનિયાઓ જેને પરિણામે શોધાયાં એ ભારે હિંમતભર્યાં સાહસોની લશ્કરે આગેવાની લીધી. પછી પાદરીઓ અને સાધ્વીઓએ વ્યાખ્યાનો આપીને અને કાર્યો દ્વારા ખ્રિસ્તી સિદ્ધાંતનો તમારા પૂર્વજોમાં ફેલાવો કર્યો અને છેવટમાં, રીતસરના પાદરી લોકોએ ખ્રિસ્તી ધર્મગુરુઓ અને સાધ્વીઓ સાથે મળીને પશ્ચિમના તેમ જ પૂર્વના લોકોની રાષ્ટ્રીય સંસ્કૃતિમાં તેમ જ આ લોકોના ધર્માંતરમાં મોટો ફાળો આપ્યો....

"તમારા દેશને પ્રશસ્ય સામર્થ્ય સાંપડ્યું હતું અને આ સામર્થ્ય વડે તેણે પોતાની કીર્તિ ફેલાવી અને ઉજ્જવળ કરી; તમારો દેશ ખ્રિસ્તી

સદ્‌ગુણોનું દ્રષ્ટાંત હતું અને સંસ્કૃતિના ગૌરવ સમું ઉત્કૃષ્ટ જ્ઞાન તે ધરાવતો હતો.

"તમારા મિશનરીઓનાં ઉજ્જવળ કાર્યો અનેક છે અને આ કાર્યો મહાન છે. દિવ્ય પરમાત્માએ પોર્ટુગલ માટે જે ભાવિ નિર્માણકાર્ય નિયત કર્યું છે તે કરવા માટે તમારી મિશનરી સંસ્થાઓને વધુ સુંદર શકિત સાંપડે તે હેતુથી તમે જો તેમને સુદ્રઢ બનાવી ન હોત તો તમારી મિશનરી સંસ્થાઓને અપીલ કરવાનું નિરર્થક જ બની રહેત...

પોર્ટુગીઝોના સાંસ્થાનિક સામ્રાજ્યમાં સબડી રહેલી શોષિત જનતાનું શોષણ કરવાના અને તેમને ગુલામ બનાવવાના તેમના સહિયારા કામમાં વેટિકન અને પોર્ટુગીઝ સરમુખત્યારશાહી વચ્ચે જે ગાઢ જોડાણ રહેલું છે તેનો આના કરતાં વધુ સારો પુરાવો કદાપિ મળ્યો નથી; અને એ તો જાણીતી હકીકત છે કે હાલ અસ્તિત્વમાં રહેલાં સર્વ સાંસ્થાનિક સામ્રાજ્યોમાં પોર્ટુગીઝોના સાંસ્થાનિક સામ્રાજ્યને સૌથી વધુ પછાત અને અમાનુષી ગણવામાં આવે છે.

પરંતુ, ઈશ્વરથી ડરતું વેટિકન, હાલ અસ્તિત્વમાં રહેલી સાંસ્થાનિક પદ્ધતિઓ પૈકીની સૌથી વધુ ક્રૂર પદ્ધતિને વખોડી કાઢવાને બદલે તેનાં વખાણ કરે છે, એટલું જ નહિ પણ આવી ક્રૂરમાં ક્રૂર સાંસ્થાનિક પદ્ધતિ પારસ્પરિક લાભ માટે ચાલુ રહે તે માટે તેને સંપૂર્ણ ટેકો અને સહકાર પણ આપે છે.

ગાંધીને નહિ મળું!

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પોપની મુલાકાત લેવાની માગણી કરી હતી તો પણ પોપે તેમને મુલાકાત આપવાની ના પાડી હતી એ બનાવ કદાચ વેટિકનની આ પ્રણાલિકાને અનુરુપ હશે. આ ઘટના અંગે આપણા સદ્‌ગત વડા પ્રધાનને શું લાગી આવ્યું હતું તે આ રહ્યું. પોપે ગાંધીજીને મળવાની ના પાડી ત્યારે પંડિત નહેરુને ખૂબ જ




"જે ઈશ્વરમાં માને છે અને જે ખ્રિસ્તી ધર્મવિધિ અનુસાર પાણીના છંટકાવ દ્વારા પવિત્ર થાય છે તેને ઉગારી લેવામાં આવશે.....

(સંત ઝેવિયરના "ધર્માંતર કરાવવા માટેના" પ્રવાસનું એક ચિત્ર)

માઠું લાગ્યું હતું. તેઓ આ ઘટના વિષે તેમની આત્મકથામાં (પાનું–૫૦૮, પ્રકરણ 'એકલતા') લખે છે:

"૧૯૩૧ના ડિસેમ્બરમાં ગાંધીજી લંડનની ગોળમેજી પરિષદમાંથી ભારત પાછા ફરી રહ્યા હતા ત્યારે પોપે તેમને મુલાકાત આપવાની ના પાડી હતી. આ વાતની મને જ્યારે પ્રથમ ખબર પડી ત્યારે મને કેટલું બધું લાગી આવ્યું હતું તે મને યાદ છે.

"પોપે પાડેલી એ ના મને ભારતના ખુલ્લેખુલ્લા અપમાન સમી લાગી હતી અને એ વિષે કશી શંકા ન હોઈ શકે કે પોપે ઈરાદાપૂર્વક ના પાડી હતી. જો કે, અપમાન કરવાનો વિચાર કદાચ નહિ હોય. કેથોલિક ચર્ચ પોતાના સંપ્રદાય બહારના સંતો અગર તો મહાત્માઓને માન્ય રાખતું નથી, અને કેટલાક પ્રોટેસ્ટંટોએ ગાંધીજીને મહાન ધાર્મિક પુરુષ અને સાચા ખ્રિસ્તી તરીકે ગણાવ્યા હતા એ કારણે, આ પ્રકારની નાસ્તિકતાથી પોતાની જાતને અલગ રાખવાનું રોમ માટે અરેખર વધુ આવશ્યક બન્યું."



"ખોટા પયગંબરોથી સાવધ રહેજો"

(સેંટ ઝેવિયર એક મુસલમાનને મીઠી વાણીથી ભરમાવી રહ્યા છે)

પ્રકરણ : ૫

ગોવામાં ધર્મને નામે રચાયેલો હત્યાકાંડ

"અનેક કાળાં કૃત્યો અંગે ચૂપકીદી સેવવામાં આવી છે કારણ કે ખાનગીમાં કરવામાં આવેલાં આવાં અનેક કૃત્યોની વાત કરવી એ પણ શરમભર્યું છે; અને કેથોલિક 'ચર્ચ' સંસ્થાના સિદ્ધાંતો વિરુદ્ધની માન્યતાઓ ધરાવનાર ખ્રિસ્તીઓની તપાસ કરીને તેમને સજા કરવા માટે નિમાયેલા 'કેથોલિક ચર્ચ' સંસ્થાના ધાર્મિક તપાસનીશોનાં પંચ તેમ જ ગુનાઓની કબૂલાત સાંભળનાર પાદરીઓનાં અનૈતિક કામોને ખુલ્લાં પાડવા એ વસ્તુ, ઓછામાં ઓછું કહીએ તો, જાહેર સભ્યતાના ભંગ સમી છે."

અન્ય લોકોનું ધર્માંતર કરાવવાના અને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાના કાર્યમાં પડેલા ખુદ એક ખ્રિસ્તી મિશનરીના આ શબ્દો છે. કેથોલિક 'ચર્ચ' સંસ્થાએ પોપની બહાલી અને મંજૂરીથી ગુજારેલા અત્યાચારોથી આઘાત પામેલા આ ખ્રિસ્તી મિશનરીએ કેથોલિક 'ચર્ચ' સંસ્થાના સિદ્ધાંતો વિરુદ્ધની માન્યતાઓ ધરાવનારાઓની તપાસ બાબતમાં આવી વાત કરી છે.

૧૮૬૮માં શ્રી વિલિયમ હેરિસ રુલ, ડી. ડી. એ પ્રગટ કરેલા એક પુસ્તકની પ્રસ્તાવનામાં આ વાત જોવા મળશે. આ પુસ્તકનું નામ છે 'ધ હિસ્ટરી ઑફ ઈન્ક્વિઝિશન ઈન એવરી કન્ટ્રી વ્હેર ઈટ્સ ટ્રિબ્યુનલ્સ

હેવ બીન એસ્ટાબ્લિશ્ડ્." ઠેઠ ૧૨ મી સદીથી તે વર્તમાન સમયને આવરી લેતું આ પુસ્તક છે.

દસ્તાવેજોનો કરાયેલો નાશ

સ્પેન અને પોર્ટુગલ જેવા દેશોમાં ઉપરોકત ધાર્મિક તપાસપંચની કામગીરીની વાત કરતા ઘણા ગ્રંથો છે, પણ ગોવામાં આવા તપાસપંચે કરેલા કાર્યનો વ્યાપક ખ્યાલ આપતું કોઈ પણ પુસ્તક નથી. ગોવામાં આવું તપાસપંચ ક્રૂરતામાં તેના સર્વ ઉત્સાહી સાથીદારોથી ચડી ગયું હતું એ જાણીતી વાત છે.

હાલ મળેલી માહિતી પરથી એમ માનવાને કારણ છે કે આ અંગેના દસ્તાવેજોનો ઈરાદાપૂર્વક નાશ કરવામાં આવ્યો હતો. આ દસ્તાવેજોનો નાશ કરવાની યોજનાઓ પહેલવહેલી ૧૭૩૯માં ઘડવામાં આવેલી. એ સાલમાં મરાઠાઓએ ગોવા પર હુમલો કર્યો ત્યારે આવો પ્રથમ પ્રસંગ ઊભો થયેલો. ૧૭૭૪ના વર્ષમાં જ્યારે ઉપરોકત તપાસપંચને સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું ત્યારે તેના વધુ અગત્યના દસ્તાવેજો પોર્ટુગલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. પરંતુ ખુદ મિશનરીઓએ લખેલાં ઘણાં પુસ્તકોમાંથી આ બાબત વિષેની પુષ્કળ માહિતી મળે છે.

પોર્ટુગલમાં આવા ધાર્મિક તપાસપંચની કામગીરી ૧૧૪૧ની સાલમાં શરૂ થયેલી અને ભારતમાં ૧૫૬૦ના વર્ષમાં તેની સ્થાપના થઈ હતી. આમ છતાં, ગાસ્પર કોરિયા 'લેન્ડસ ૬ ઈન્ડિયા' નામના તેમના પુસ્તકમાં લખે છે કે "આઉટો દ' ફા" નામની જાહેર વિધિ ઠેઠ ૧૫૪૩ની સાલમાં થયેલી (આ વિધિમાં કેથોલિક 'ચર્ચ' સંસ્થાના ધાર્મિક તપાસપંચની અદાલતો મોતની સજા પામેલાને જાહેરમાં દેહાંતદંડ કરતી. સ્પેન અને પોર્ટુગલમાં તેમ જ તેમના આશ્રિત પ્રદેશોમાં પહેલાંના જમાનામાં આમ કરવામાં આવતું. આ જાહેર વિધિમાં મોતની સજા પામેલાઓને જેલોમાંથી સરઘાસાકારે બહાર લાવીને જીવતા બાળી નાખવામાં આવતા—આમ કરતાં પહેલાં સાચા ધર્મ વિષે તેમની સમક્ષ વ્યાખ્યાન આપવામાં આવતું.)

સામૂહિક ખૂનો

૧૭૩૨ની સાલ સુધીમાં યુરોપમાં આ રીતે ૨૩,૦૦૦ માણસોને જુદા જુદા પ્રકારની સજા કરવામાં આવેલી અને ૧૪૫૪ લોકોને થાંભલા સાથે બાંધીને જીવતા બાળી નાખવામાં આવેલા. આવા ધાર્મિક ખટલાઓ ચાલતા હતા તે દરમિયાન ગુજારવામાં આવેલા અત્યાચારોને પરિણામે કેટલા માણસોએ તેમની જિંદગી ગુમાવી હતી તે સંખ્યાની નોંધ નથી મળતી.

યુરોપમાં ટોર્કવેમાડાના શાસન દરમિયાન, 'નવા ખ્રિસ્તીઓ' બનેલા ૮,૮૦૦ જેટલા વટલેલા લોકોને થાંભલા સાથે બાંધીને જીવતા બાળી નાખવામાં આવેલા અને બીજા ૯૬,૫૦૪ લોકોને વિવિધ પ્રકારની સજા કરવામાં આવેલી—સ્પેનિશ ધાર્મિક તપાસપંચે આ બધું કરેલું. આ આંકડા માડ્રિડ ખાતેના આ તપાસપંચના મંત્રી ડૉન જૉન એન્ટોનિયો લોરેન્ટે આપ્યા હતા અને તેઓ તેમના આ હોદ્દાને કારણે તપાસપંચના તમામ ખાતાંઓમાંથી માહિતી મેળવી શકતા. ૧૭૯૦થી ૧૭૯૨ સુધીના સમયગાળામાં તેઓ પંચના મંત્રી હતા.

આપણે જાણીએ છીએ તેમ, ગોવામાં આવું ધાર્મિક તપાસપંચ નિમવાની પ્રથમ માગણી સંત ફ્રાન્સિઝ ઝેવિયરે કરી હતી. કૅથોલિક ધર્મમાં ભળનારાઓની સંખ્યા વધારવાનો કોઈ માર્ગ ન દેખાતાં તેમણે આવી માગણી કરી હતી.

એક નામાંકિત પોર્ટુગીઝ સંશોધન-કાર્યકર અને લિસ્બનની વિજ્ઞાન અકાદમીના એક સભ્ય શ્રી એન્ટોનિયો બૈઆઓએ એક ગ્રન્થનું સંપાદન કર્યું હતું. ભારતના ઉપરોકત ધાર્મિક તપાસનીશોના (૧૫૬૯-૧૬૩૦) પત્રવ્યવહાર આ ગ્રન્થમાં આપવામાં આવ્યો છે. આ વિજ્ઞાન અકાદમીએ ૧૯૩૦માં આ ગ્રન્થ પ્રગટ કર્યો હતો. શ્રી બૈઆઓ તેમના આ પુસ્તકમાં લખે છે કે ૧૫૬૧થી ૧૭૭૪ સુધીમાં ગોવાના ધાર્મિક તપાસપંચે ૧૬,૧૭૨ કેસો ચલાવ્યા હતા.

ગુલામ મનોદશા

ખરેખર એ ઈતિહાસની વકતા છે કે, ગોવામાંના જે "નવા ખ્રિસ્તીઓ" ને ધાર્મિક તપાસપંચના હાથે ક્રૂર યાતનાઓ ભોગવવી પડી હતી તેમના

કેટલાક વંશજો આ તપાસપંચની કામગીરી વિષેના સત્યને પ્રકાશમાં આવતું અટકાવવાની ભારે ચિંતા સેવે છે.

ગોવામાં આ ધાર્મિક તપાસપંચ દ્વારા જેલોમાંની ભૂગર્ભ અંધારિયા કોટડીઓમાં ગુજારાયેલા અત્યાચારોની, ક્રૂરતાની અને કરવામાં આવેલી સજાઓ પાછળની ભયંકર પરપીડનવૃત્તિની વાતોનો એકરાર ઈથોરાના તટસ્થ આર્કબિશપ પણ કરે છે. લિસ્બન ખાતે એક વ્યાખ્યાનમાં તેમણે નીચે પ્રમાણે કહ્યું હતું.

"સર્વ સ્થળે જો આવું ધાર્મિક તપાસપંચ એક કલંકિત કોર્ટ સમું હતું, આમ છતાં એ તપાસપંચ ભલે ગમે તેટલું હલકટ હોય, ભલે ગમે તેટલું દુષ્ટ હોય, ભલે ગમે તેટલું લાંચિયું હોય અને એની કામગીરી ભલે દુન્યવી હિતોથી પ્રેરાઈને થઈ હોય પણ ગોવાના ધાર્મિક તપાસપંચનાં કૃત્યો આગળ આ બધું કાંઈ વિસાતમાં નથી; અને વિધિની વક્રતા તો એ છે કે ગોવાના આ તપાસપંચને 'પવિત્ર હોદ્દો' ગણવામાં આવે છે.

આ તપાસપંચમાંના તપાસનીશોએ તેમનો સામનો કરનાર સ્ત્રીઓને તપાસપંચની જેલોમાં ધકેલી દીધી હતી, ત્યાં (એટલે કે જેલોમાં) પોતાની પાશવી વૃત્તિઓ સંતોષી હતી અને પછી આ સ્ત્રીઓને કેથોલિક ચર્ચના સ્થાપિત સિદ્ધાંતોના વિરોધીઓ તરીકે બાળી નાખી હતી. આમ, ગોવાના તપાસપંચમાંના આ તપાસનીશોએ આવી અધમતા આચરી હતી."

ગ્લાનિજનક સંસ્મરણો પ્રેરતી આ કોર્ટે જૂના ગોવાના ઓર્લેર ગોર ખાતે કામ કર્યું હતું અને આ એ જ કોર્ટ હતી જેણે ૧૭૩૬ના એપ્રિલની ૧૪ મીના રોજ તેના એક ફતવા દ્વારા, ભારતીય જીવનની નીતિરીતિ સામે કેટલાય પ્રતિબંધો મૂક્યા હતા. 'મોટા પાયા પરનો જ્ઞાતિબહિષ્કાર અને અન્ય સર્વ આધ્યાત્મિક અને દુન્યવી સજાઓ' ના નામે આ ફતવો બહાર પાડવામાં આવેલો.

હિંદુ મંદિરો ન ખપે

'ધાર્મિક તપાસ' થઈ તે પહેલાં ભયંકર ધાર્મિક દમનનો કોરડો વીંઝવામાં આવેલો. બહુ દુષ્ટ ડિઓગો દ' બોરડા અને તેના સલાહકાર વિકાર જનરલ

(એટલે કે પાદરીઓના અગ્રેસર) મિગુએલ વાઝે હિંદુઓનું દમન કરવા માટે ૪૧ મુદ્દાઓવાળી એક યોજના ઘડી કાઢી હતી. ૪૧ મુદ્દાઓવાળી આ યોજનાની રાજાને ભલામણ કરવામાં આવી અને ભલામણ કરતી વખતે નીચે પ્રમાણે કહેવામાં આવેલું :

"મૂર્તિપૂજા એ ઈશ્વર સામેનો એટલો બધો મોટો ગુનો છે – જે વાત દરેકને મન સ્પષ્ટ છે – કે આપ નામદાર આપના પ્રદેશોમાં મૂર્તિપૂજા ન થવા દો એ ન્યાયી છે, અને (એટલે) ગોવામાં એવી મતલબનો હુકમ બહાર પાડવો જોઈએ કે (ગોવાના) સમગ્ર ટાપુમાં **કોઈ પણ પ્રકારનું જાહેર કે ખાનગી મંદિર હોવું જોઈએ નહિ** અને આ હુકમનો ભંગ કરવા માટે ગંભીર સજાઓ કરવામાં આવશે. બીજું એ કે, કોઈ પણ અધિકારીએ પથ્થરની અગર તો લાકડાની, અગર તો તાંબાની અગર તો કોઈ પણ અન્ય ધાતુની કોઈ પણ સ્વરૂપની મૂર્તિઓ બનાવવી નહિ; ત્રીજું એ કે, **સમગ્ર ટાપુમાં કોઈ પણ હિંદુ તહેવાર જાહેરમાં ઉજવવો નહિ અને તળભૂમિમાંથી બ્રાહ્મણ ધર્મોપદેશકોએ હિંદુઓનાં ઘરોમાં એકઠા થવું નહિ;** અને છેલ્લું એ કે, સેન્ટ પોલના દેવળની સંભાળ રાખનારાઓને બ્રાહ્મણોનાં અને અન્ય હિંદુઓનાં ઘરોની ઝડતી લેવાની સત્તા રહેશે–ઘરોમાં મૂર્તિઓ હોવાનું અનુમાન કે શંકા હોય તો."

"વળી આવતો-જતો બધો પત્ર-વ્યવહાર જાણવા માટે ગવર્નરે પોર્ટુગીઝ કે અન્ય ખ્રિસ્તીની ભાષાન્તરકર્તા તરીકે સત્તાવાર નીમણૂક કરવાનો પ્રયાસ કરવો જોઈએ, જેથી કરીને તમામ ગુપ્ત વાતો અને મહત્ત્વની બાબતો કોઈ હિંદુના હાથમાંથી સંભવત: બહાર ન જાય. આવા સત્તાવાર ભાષાંતરકર્તાની નીમણૂક એ ઈશ્વરના અને આપ નામદારના હિતમાં જ છે."

મંદિરોના સમારકામની મનાઇ

૧૫૬૬ ની સાલમાં વાઈસરૉય ડી. ઍન્ટાઓ ડી. નોરોન્હાએ પોર્ટુગીઝ શાસન હેઠળના સમગ્ર પ્રદેશને લાગુ પડતો નીચેનો હુકમ બહાર પાડ્યો હતો :

"આથી, હું એવો હુકમ કરું છું કે આ પ્રદેશોના ધણી એવા મારા રાજાના કોઈ પણ વિસ્તારમાં કોઈ હિંદુ મંદિર ન બાંધવું અને હાલ બંધાઈ

ચૂકયાં હોય એવાં હિંદુ મંદિરોનું સમારકામ મારી ખાસ પરવાનગી વિના ન કરવું; આ હુકમનો ભંગ કરવામાં આવશે તો ભંગની સજા તરીકે આવાં મંદિરોનો નાશ કરવામાં આવશે અને એમાંની માલમતાનો ઉપયોગ પવિત્ર કાર્યોના ખર્ચાઓને પહોંચી વળવા માટે કરવામાં આવશે."

દેખીતી રીતે જ પોર્ટુગીઝ શાસકોએ એવી આશા રાખી હતી કે (આવા હુકમને પરિણામે) જે હિંદુ મંદિરોનું સમારમકામ ન થાય તે તે મંદિરો સમય જતાં ખંડિયેરો બની જશે અને અંતે તેમનો નાશ થઈ જશે.

૧૫૬૭માં બાંડોરાનાં મંદિરોનો નાશ કરવાની ઝુંબેશ સફળ થઈ હતી. સેન્ટ ફ્રાન્સિસના સંપ્રદાયના પાદરીઓની પ્રવૃત્તિઓ વિષે પ્રગટ થયેલા એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે "જ્યાં ખોટા દેવોની પૂજા કરવામાં આવતી હતી એવાં ૩૦૦ હિન્દુ મંદિરોનો તેઓએ નાશ કર્યો હતો."

હિંદુઓની મક્કમતા

પોર્ટુગીઝ પ્રદેશોમાંનાં હિંદુ મંદિરોનો નાશ કરવાની આ ઝુંબેશનો ઉદ્દેશ સંપૂર્ણપણે સફળ થયો નહોતો, કારણ કે જેમ જેમ મંદિરોનો નાશ કરવામાં આવતો તેમ તેમ નવાં મંદિરો પડોશી પ્રદેશોમાં તરત જ ઊભાં થતાં. પડોશી પ્રદેશોમાં હિજરત કરી ગયેલા હિંદુઓએ પણ આ પ્રદેશોમાં પોતપોતાના કૂળદેવતાનાં નવાં મંદિરો બાંધ્યાં હતાં અને આવાં ઘણાં મંદિરો આજે પણ દરિયાકાંઠા પરના જિલ્લાઓના વિસ્તારોમાં જોવામાં આવે છે.

પોર્ટુગીઝ મિશનરીઓને તરત જ સમજાઈ ગયું કે ગોવા બહાર ઊભાં થતાં મંદિરોનાં બાંધકામનું તેમ જ તેમની જાળવણી માટેનું ખર્ચ પોર્ટુગીઝ પ્રદેશોમાં રહેતા હિંદુ નાગરિકો પૂરું પાડે છે અને નવા બનેલા ઘણા ખ્રિસ્તીઓએ હજી તેમના જૂના દેવોને માનવાનું ચાલુ રાખ્યું છે. આમ થતું અટકાવવા માટે, ગોવામાં ૧૫૮૫માં પાદરીઓની ભરાયેલી ત્રીજી પ્રાંતિક પરિષદે પોર્ટુગલના રાજાને એક ઠરાવ પસાર કરીને એવી વિનંતિ કરી કે પોર્ટુગીઝ પ્રદેશોમાં વસવાટ કરતા હિન્દુઓ પડોશી વિસ્તારોમાં મંદિરો બાંધવા માટે અને આ મંદિરોની જાળવણી માટે નાણાં આપે છે તે પર પ્રતિબંધ મૂકવો જોઈએ, એક હકમ દ્વારા હિંદુઓને આવી મનાઈ કરવી જોઈએ.

ધાર્મિક દમનની આ નીતિના ઉત્તરોત્તર વિકાસના જે તબક્કાઓની વાત અહીં સુધી કરવામાં આવી છે તે તબક્કાઓ, કેથોલિક 'ચર્ચ' સંસ્થાનું ઉપરોકત ધાર્મિક તપાસપંચ ગોવામાં સ્થાપવામાં આવ્યું તેની પહેલાંના સમય સાથે મુખ્યત્વે સંબંધ ધરાવે છે. ત્યાર પછીના સમય બાદ તો આ ધાર્મિક તપાસપંચે ગોવામાં ધાર્મિક નીતિઓનું ઘડતર કરવામાં અને એનો અમલ કરવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો અને એ નીતિઓને પરાકાષ્ઠા આવી ત્યાં સુધી આગળ ધપાવી હતી.

તપાસપંચ અંગેનો દસ્તાવેજ

પોર્ટુગલમાંના ધાર્મિક તપાસપંચના ધોરણે ગોવાનું ધાર્મિક તપાસપંચ રચવામાં આવ્યું હતું. અને વ્યાપક રીતે કહીએ તો આ બંને તપાસપંચોની કામગીરી એકસરખા જ નિયમો અને નિયમનોને આધિન હતી. ગોવાનું આ તપાસપંચ સ્થપાયા પછી તરત જ એની કામગીરી કેવા સ્વરૂપની હતી એનો નિર્દેશ આ અંગેના સરકારી દસ્તાવેજના નીચેના મુસદ્દા પરથી મળી રહે છે. આ મુસદ્દાના ધોરણે આ તપાસપંચ સ્થાપાવામાં આવ્યું હતું :

"પોર્ટુગલનાં આ રાજ્યો અને આશ્રિત પ્રદેશોના અમે કાર્ડિનલ ઈન્ફન્ટ, ઈન્કવીઝિટર જનરલ ગોવા, ભારતના, બહુ માનનીય એવા રેવરન્ડ આર્કબિશપ એવા તમોને અને એમ કરીને, હાલ સ્થપાયેલ પવિત્ર તપાસપંચમાંના તપાસનીશો અને અધિકારીઓને જણાવીએ છીએ કે **પવિત્ર તપાસપંચ આ પ્રદેશોમાં એવી રીતે કામ કરે જેથી કરીને આપણા ઈસામસીહ (ઈશુ ખ્રિસ્ત)ની કીર્તિ અને માન સારામાં સારા વધે અને પવિત્ર કેથોલિક ધર્મની ઉન્નતિ થાય.** આવી અમારી ઈચ્છા છે. આ ઉદ્દેશ સારામાં સારી રીતે કેવી રીતે સિદ્ધ થઈ શકે એ વિષે અમે અંતરાત્માના અવાજને માન આપનારાઓ, વિદ્વાનો અને અનુભવીઓ સાથે સલાહ-મસલત કરી છે. અને એને પરિણામે અમે નીચે જણાવેલી કલમો ઘડી કાઢી છે. આથી, અમે એવો હુકમ કરીએ છીએ કે આ કલમોનું પાલન કરવું અને એ અનુસાર વર્તવું. સામાન્ય નિયમો અને નિયમનોની ચોપડીમાંની જોગવાઈઓનું પાલન કરવા ઉપરાંત આ કલમોનું પાલન કરવાનું છે. સામાન્ય નિયમો અને નિયમનોની ચોપડી આ સાથે મોકલવામાં આવેલ છે."

ધાર્મિક ફતવો

આ ધાર્મિક ફતવાના મુખ્ય ભાગમાં એવું જણાવવામાં આવ્યું હતું કે ખ્રિસ્તી ધર્મની પવિત્ર આજ્ઞા હોવાથી અને ખ્રિસ્તી ધર્મના આદેશોનો અનાદર કરનારાઓએ આવા અનાદરથી આધ્યાત્મિક અને દુન્યવી સજાઓ વહોરી લીધેલી હોવાથી, ગોવા ટાપુમાં અને પાસેના સાલસેટ તેમ જ બાર્ડેઝ ટાપુઓમાં કે પેટા-જિલ્લાઓમાં વસવાટ કરી રહેલા તમામ લોકોને – ભારતના તેમ જ અન્ય કોઈ પણ દેશના મૂળ વતનીઓને – પછી આ લોકો પાદરીઓ હોય કે સામાન્ય જનો હોય અને તેમની કક્ષા, સંપ્રદાય, દરજ્જો, સ્થિતિ અને માન-મરતબો ભલે ગમે તેવાં હોય અને તેઓ ખાસ છૂટછાટ ધરાવતા હોય કે ન ધરાવતા હોય.....આ બધા જ લોકોને અમે એવો હુકમ કરીએ છીએ કે આ ફતવા દ્વારા અમે જે જે નિર્ણયો જાહેર કરીએ છીએ તે તમામ નિર્ણયોનું વફાદારીપૂર્વક પૂરેપુરું પાલન કરવું અને એ અનુસાર વર્તવું. આ ફતવાના આમુખમાં જે જે રીતરિવાજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે તે રીતરિવાજોને કાયમને માટે નકામા જાહેર કરવાના અને તેમના પર નીચે જણાવેલી રીતે કાયમ માટે પ્રતિબંધ મૂકવાના ઉદ્દેશથી અમે આ નિર્ણયો જાહેર કરીએ છીએ :

લગ્ન અંગેના પ્રતિબંધો

ભારતના તમામ મૂળ વતનીઓને આથી એવો હુકમ કરવામાં આવે છે કે તેઓએ તેમના લગ્નમહોત્સવની ઉજવણી દરમિયાન, એ પહેલાં કે પછી અગર તો લગ્ન સાથે સંબંધ ધરાવતા પ્રસંગો પર, તેઓ આજ સુધી જેનો ઉપયોગ કરતાં આવ્યા છે તે ગુઈતાર કે હિંદુ સંગીતનાં અન્ય વાદ્યો વગાડવાં નહિ.

તેઓએ લગ્ન નક્કી કરતી વખતે, દાયજો આપતી વખતે અગર તો લગ્નની ભેટો આપતી વખતે, સામાન્યપણે આવા પ્રસંગો પર હાજર રહેતા વર અને કન્યાના સગાં-સંબંધીઓને, પછી તેઓ પુરુષ હોય કે સ્ત્રી હોય, આમંત્રવા નહિ.

તેઓએ તેમના લગ્નોના સમારંભોમાં તેમજ લગ્નો સાથે સંબંધ

ધરાવતા અન્ય તમામ સમારંભોમાં આવા પ્રસંગોએ તેમના ઘરે હાજર રહેલાઓને પાનનાં બીડાં અને સોપારી જાહેરમાં કે ખાનગીમાં વહેંચવા નહિ.

તેમના લગ્નોના સમારંભોમાં અગર તો અન્ય સંબંધક પ્રસંગો પર તેઓએ કન્યા કે વરના ઘરેથી ફૂલો, પાન, સોપારી, તળેલી પૂરી કે આમાંની કોઈ પણ ચીજોની ભેટો "દેજી" (વર અને કન્યાનાં કુટુંબના વડા) નાં ઘરે કે સગાંઓનાં ઘરે મોકલવી નહિ કે કુળદેવતાને ગોત્રજ ઝારવી નહિ.

તેઓએ તેમના લગ્ન પ્રસંગો પર, લગ્નની તિથિ અગાઉના અમુક નક્કી કરાયેલા દિવસોએ ચોખા છડવા નહિ, મસાલા ખાંડવા નહિ, અનાજ દળવું નહિ, પૂરી તળવી નહિ તેમ જ લગ્નના જમણવાર માટે જરૂરી અન્ય ચીજો બનાવવી નહિ.

મંડપો અને તોરણો બાંધવાની મનાઇ

તેઓએ તેમના લગ્ન-સમારંભોમાં અગર તો અન્ય સમારંભોમાં વરરાજા કે કન્યાને સંયુકત રીતે કે અલગપણે હળદર, દૂધ, કોપરેલ તેલ અને ચોખાના લોટ આ આ બધામાંથી બનાવેલી પીઠી ચોળવી નહિ.

તેઓએ વરરાજા કે કન્યાનાં ઘરોના દરવાજા આગળ પાંદડાંનાં તોરણો-વાળા મંડપો બાંધવા નહિ.

લગ્નના દિવસે જ્યારે વરરાજા કન્યાના ઘરે આવે અને એ પછીના દિવસે જ્યારે વરકન્યા, કન્યાના ઘરેથી વરરાજાના ઘરે જાય ત્યારે વરકન્યાનાં ઘરે કન્યા કે વરરાજાના સગાંસંબંધીઓએ વરકન્યાનું સામૈયું ન કરવું અગર તો તેમને (વરકન્યાને) પોંખવા માટે બાંધેલા માંડવામાં તેમને બેસાડવાં નહિ.

લગ્નની ઉજવણી પર અંકુશો

વરકન્યા પરણીને સૂર્યાસ્ત પહેલાં ઘરે પહોંચી જાય તે રીતનો સમય ગોઠવીને તેમનાં લગ્ન કરવાં; અને કોઈ પણ બહાના હેઠળ રસ્તામાં તેમને ખોટી કરવા નહિ કે જેને પરિણામે તેઓ સૂર્યાસ્ત પછી ઘરે આવે.

પરિણીત દંપતી જે શય્યા પર સૂવાનાં હોય તે પથારી પર તેઓએ નાગરવેલના પાન, સોપારી અગર તો અન્ય ખાદ્ય ચીજ મૂકવી નહિ.

લગ્નના દિવસે, જ્યાં તેમનાં લગ્નની વિધિ થઈ હોય એ મંદિરેથી પાછા ફર્યા બાદ કન્યાએ, લગ્નના દિવસે વરરાજાના ઘરેથી પોતાના માટે

મોકલવામાં આવેલાં વસ્ત્રો કે ઘરેણાં પહેરવાં નહિ; એ જ પ્રયાણે, વરરાજાએ, જે કપડાં પહેરીને તેણે લગ્ન કર્યાં હોય તે કપડાં કાઢી નાખીને એ દિવસે પોતાનો પોશાક બદલવો નહિ.

લગ્નના દિવસે કે એ પછીના દિવસે કોઈએ પણ તેમનાં એટલે કે વરકન્યાનાં કપાળે ચોખાનો ચાંદલો કરવો નહિ કે એના જેવી અન્ય કોઈ વિધિ કરવી નહિ.

વેવિશાળના દિવસથી માંડીને લગ્નના દિવસથી એક મહિનો પૂરો ન થાય ત્યાં સુધી, વર કે કન્યાએ લગ્ન પ્રસંગોએ સંયુક્ત રીતે કે અલગ અલગ રીતે તેમનાં કુટુંબોના જેઓ વડા છે તે "દૅજી" ના ઘરે દિવસે કે રાત્રે જવું નહિ.

અન્ય નિયંત્રણો

'આ કરવું નહિ કે તે કરવું નહિ' એવા આવા અન્ય એકસો જેટલા હુકમો માત્ર હિંદુઓનાં લગ્નોને જ લાગુ પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત પણ, હિંદુઓ પર અન્ય અંકુશો તો લાદવામાં આવ્યા હતા જ: જન્મદિનની ખુશાલી, મરણ અંગેની વિધિઓ, ઉપવાસ, મહોત્સવો એમ હિંદુઓના રોજ-બ-રોજના જીવન પર, તેમના રીતરિવાજો પર અને રહેણીકરણી પર અન્ય અંકુશો લાદવામાં આવ્યા હતા.

આ દેશના હિંદુઓ સામે કેથોલિકોએ નીચે જણાવેલા કેટલાક બીજા હુકમો પણ કાઢયા હતા—આ બધા કાયદાઓમાં હિંદુઓનો ઉલ્લેખ **"ભારતના કહેવાતા મૂળ રહેવાસીઓ."** તરીકે કરવામાં આવ્યો છે.

આથી, ભારતના કહેવાતા મૂળ રહેવાસીઓને એવો હુકમ કરવામાં આવે છે કે તેમને ત્યાં પુત્ર કે પુત્રીનો જન્મ થાય ત્યારે તેમના જન્મ સમયે પુત્ર કે પુત્રીને (એટલે કે તેમના જન્મને) ચોખાથી વધાવવા નહિ અગર તો જન્મ થયા પછી તેમને ચોખા પર મૂકવા નહિ.

તેમની પત્નીઓ સુવાવડમાં હોય તે દિવસોમાં, સુવાવડ પહેલાં કે પછી, તેઓએ ઘરમાં જે જગ્યાએ સુવાવડ કરવામાં આવી હોય કે સુવાવડ કરવાની હોય તો જગ્યાને છાણથી લીંપવી નહિ.

પરણેલી સ્ત્રી પરણ્યા પછી જે દિવસે પહેલી વખત અડચણમાં બેસે તે દિવસે તેઓએ (હિંદુઓએ) આ ઘટનાને કારણે જમાણ આપવું નહિ

અગર તો કેળાં, ફૂલો કે અન્ય કોઈ ચીજની ભેટો મોકલવી નહિ.

મરણ પામેલા પોતાના સગાંઓના આત્માની શાંતિ અર્થે તેઓએ ગરીબોને જમાડવા નહિ.

જે મોસમમાં મરણ પામેલાઓની યાદમાં વિધિઓ યોજવામાં આવે છે તે મોસમ દરમિયાન અગર તો કોઈ વ્યકિતના મરણ બાદ કે બીજા અન્ય પ્રસંગે તેઓએ પોતાને મરી ગયેલા સગાઓની યાદમાં પોતાના ઘરોમાં જમણ ગોઠવવું નહિ.

નવો પાક દેખાવા માંડે તે ઋતુમાં તેઓએ તેમનાં ઘરોમાં ઉજાણી કરવી નહિ.

હિંદુઓને ટેવ છે તેમ તેઓએ તેમના ભોજનમાં મીઠું નાખ્યા વગરના રાંધેલા ભાત વાપરવા નહિ – પોતપોતાના સ્વાદ અનુસાર, રાંધેલા ભાતમાં પાછળથી મીઠું નાખવાની તેમને ટેવ છે.

એકાદશી કરવાની મનાઇ

અજવાળિયા કે અંધારિયાના અગિયારમાં દિવસે અગર તો બીજા જે દિવસોએ હિંદુઓમાં પોતાના સંપ્રદાયની રૂઢિ મુજબ ઉપવાસ કરવાનો રિવાજ છે તે તે દિવસોએ તેઓએ ઉપવાસ કરવા નહિ; પરંતુ આવા દિવસોએ પોતાના ધર્મના સિદ્ધાંતો અનુસાર, ઉપવાસ કરવાની પોતાની ફરજ છે એવું હોય તો તેઓએ તેમના આ સિદ્ધાંતો પ્રમાણે ઉપવાસ કરવો, પરંતુ આ ઉપવાસ હિંદુઓની રીત પ્રમાણે નહિ પણ ખ્રિસ્તીઓની રીત પ્રમાણે કરવા એટલે કે રાત્રિ સિવાય દિવસે કશું ખાવું–પીવું નહિ, માત્ર કોરો ખોરાક કે ફળ ખાવાં.

અમાસ કે પૂનમના દિવસે અગર તો અમાસ કે પૂનમ પછીના બારમા દિવસે તેઓએ જમણ ન યોજવા કે કોઈ ધાર્મિક વિધિ ન કરવી.

ચંદ્રગ્રહણના દિવસે તેઓએ ગ્રહણ પૂરું ન થાય ત્યાં સુધી ઉપવાસ

કરવા નહિ, જમણ યોજવાં નહિ કે અન્ય કોઈ ધાર્મિક વિધિ કરવી નહિ.

ધોતિયું કે ચોળી નહિ પહેરવી!

હિંદુઓમાં રુઢિ છે તે મુજબ, હિંદુ પુરુષોએ જાહેરમાં કે ઘરમાં ધોતિયું પહેરવું નહિ અને સ્ત્રીઓએ રુઢિ મુજબ ચોળી પહેરવી નહિ.

ઉપર જણાવેલા જિલ્લાઓમાં રહેતા ભારતના કહેવાતા મૂળ રહેવાસીઓને તેમ જ પોર્ટુગીઝો સહિતના તમામ રહેવાસીઓને આથી એવો હુકમ કરવામાં આવે છે કે તેઓએ તેમનાં ઘરોના બગીચાઓમાં, આંગણામાં, નાળિયેરના બગીચાઓમાં અગર તો અન્ય જગ્યાએ તુલસીનો છોડ ન રાખવો, અને જો તુલસીનો છોડ કોઈ પણ જગ્યાએ હોય તો તેને શીઘ્ર ઉખેડી કાઢવો.

ભારતના કહેવાતા મૂળ રહેવાસીઓને આથી એવો હુકમ કરવામાં આવે છે કે જે કોઈ વ્યકિત મુલ્લાનો (મુસલમાનોના ધર્મગુરુનો) હોદ્દો ધરાવે છે અગર તો એ હોદ્દાની હેસિયતમાં કામ કરે છે તેના પ્રત્યે માન કે બહુ અદબપૂર્વકનો વર્તાવ રાખવો નહિ તેમ જ ટેકરીઓમાં કે ખેતરોમાં ખેતીકામ શરૂ કરવામાં કે અન્ય કૃષિકામ શરૂ કરવામાં અગર તો ચોમાસા પહેલાં ઘરોનાં નળિયાં ચળાવવામાં આવી વ્યકિતઓ જ પહેલી હોય એમ ન હોવું જોઈએ, પરંતુ આ બધાં કામ ભેદભાવ વગર લાગતાવળગતા માણસોની સગવડ મુજબ થવાં જોઈએ.

ઉપર જણાવેલા આ ધાર્મિક ફતવા પરથી તેમ જ શ્રી ડેલોને (એક ફ્રેન્ચ પ્રવાસી) જે લખ્યું છે તે પરથી એ સ્પષ્ટ સમજાઈ જશે કે ઉપરોકત ધાર્મિક તપાસપંચના કાર્યક્ષેત્રની અંદર આવતો કોઈ પણ ગુનો કોઈએ કર્યો છે એવી કોઈને ખબર પડી હોય કે એવું સાંભળ્યું હોય તો તેણે ત્રીસ દિવસની અંદર (ગુનાની) આ માહિતી તપાસપંચને આપવી પડતી અને જો એમ ન કરવામાં આવે તો તે માટે વિવિધ પ્રકારની સખત સજા કરવામાં આવતી.

આ તપાસપંચની કાર્યવાહી વાસ્તવમાં કેવી રીતે ચાલી રહી હતી અને એમાંથી કેવી કેવી દુષ્ટતાઓ (એટલે કે દુષ્ટ કાર્યો) ઊભી થઈ હતી તેની શ્રી ડેલાન વિગતવાર છણાવટ કરે છે.

ખોટી જુબાની આપવાનો ધંધો

તપાસપંચ સમક્ષના સાક્ષીઓ માટે આરોપો સાબિત કરવાનું આવશ્યક નહોતું તેમ જ તેમને આરોપી સમક્ષ ખડા કરવામાં આવતા નહિ. આનું પરિણામ એ આવ્યું કે **દ્વેષને લીધે અગર તો લાભ ખાટવા માટે આરોપી સામે જૂઠી જુબાની આપવાનો ધંધો ફૂલ્યોફાલ્યો.** ઉપરોકત તપાસપંચની કાર્યવાહીમાં આવા અનિષ્ટની શકયતા અંતર્ગત રીત રહેલી જ હતી. સ્પેનમાં આવી તપાસે કેવાં અનિષ્ટો સર્જ્યા હતાં એ વાત શ્રી એચ. સી. લીઆ નીચેના ફકરામાં જણાવે છે :

"ખોટી સાક્ષી આપવાનો ધંધો ફૂલીફાલી રહ્યો હતો, અંગત લાભ મેળવવા માટે તેમ જ દુશ્મનાવટને કારણે આમ થતું હતું. સોગંદ પર ખોટી જુબાની આપનાર લોકોનાં રીતસરનાં મંડળો રચાયાં હતાં. આ લોકો નવા ખ્રિસ્તી બનેલા પૈસાદારોને બદનામ કરવાની દમદાટી આપતા અને જેઓ તેમની માગણીઓ નકારતા તેમના સામે આક્ષેપો કરતા અને એ રીતે આ લોકો પોતાનું ગુજરાન ચલાવતા; પરિણામે આ કમનસીબ વર્ગને સતત ભયમાં જીવવું પડતું અને (એટલે) તેઓ આ જૂઠા લોકોની માગણીઓ સંતોષીને કામચલાઉ સલામતી મેળવતા. જૂઠી જુબાની આપવાનો આ ધંધો ખરેખર એક સરસ કલા સમો બની ગયો હતો. આક્ષેપો કરનાર સાક્ષી કોઈનું ખોટું ખોટું બનાવટી નામ આપે, બનાવટી સરનામું આપે જેથી કરીને બિચારો આરોપી આવી બનાવટી વ્યકિતને કદાપિ ઓળખી જ શકતો નહિ અને તેને નાલાયક ઠરાવી શકતો નહિ. ખરેખર કેટલીક વાર વધુ પુરાવાની જરૂર પડતી ત્યારે સાક્ષી પોતાનું નામ અને કપડાં બદલી નાખીને આવતો અને આક્ષેપનું સમર્થન કરે તેવી જરૂરી જુબાની આપતો."

જૂઠી જુબાની આપવાનો આ કલંકિત ધંધો ગોવામાં પણ ફૂલ્યોફાલ્યો હતો એવું બતાવતો પુરાવો છે.

એ તો ધારવામાં જ આવ્યું હતું કે ખ્રિસ્તીઓ આ જ રીતે હિંદુઓ વિરુદ્ધ તપાસપંચ સમક્ષ જુબાની આપવાના. પરંતુ એવા કિસ્સા પણ બન્યા હતા, જેમાં હિંદુઓએ ટ્રેપના માર્યા બીજા હિંદુઓ સામે આક્ષેપો કર્યા હતા.

પોર્ટુગીઝ પ્રદેશોમાં લગ્નો ઉજવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યાથી હિંદુઓને લગ્નો ઉજવવા માટે મુસ્લિમ શાસન હેઠળના પડોશના પ્રદેશમાં જવું પડતું અને ઘણી વાર તેમની જાનોને રસ્તામાં ડાકુઓ લૂંટતા.

હિંદુઓના યુવાન પુત્રોને જનોઈ આપવાની વિધિ પણ પોર્ટુગીઝ પ્રદેશોની બહાર કરવી પડતી.

બળજબરી દ્વારા ધર્મપ્રચાર

૧૫૬૭ ના એક કાયદાને આધારે એક એવો હુકમ બહાર પાડવામાં આવેલો કે "બધા હિંદુઓએ પોતપોતાનાં કુટુંબો સાથે, ઈસુખ્રિસ્તના પવિત્ર ધર્મોપદેશની વાતો સાંભળવા માટે નક્કી કરાયેલી જગ્યાઓએ આવવું".

હિંદુઓને જીવનનિર્વાહનાં સાધનોથી વંચિત કરીને પોર્ટુગીઝ પ્રદેશોમાં જીવવાનું તેમને માટે અશક્ય બનાવવાના પ્રયાસો વારંવાર કરવામાં આવ્યા હતા.

હિંદુ અનાથ બાળકોનું બળજબરીથી ધર્માન્તર કરાવવાને પરિણામે હિંદુઓનાં હૃદયમાં ભય વ્યાપી ગયો હતો. આ અંગેના એક હુકમમાં નીચે પ્રમાણે જણાવવામાં આવ્યું હતું :

"હિંદુઓનાં જે બાળકો પિતા, માતા, દાદા, દાદી અગર તો ચડિયાતા ક્રમના સીધા વંશજના સગાં વગરનાં હોય અને જેઓ સમજણ તેમ જ ડહાપણ હોઈ શકે તેટલી ઉંમરના ન હોય તે બાળકોનાં આવાં સગાંઓમાંની છેલ્લી વ્યક્તિ મરણ પામે કે તરત જ તે બાળકોનો અનાથ બાળકો અંગેની હકૂમત ધરાવતા અધિકારીએ ('જજ ઑફ ઓર્ફન્સ') કબજો લઈને ગોવા શહેરની 'સોસાયટી ઑફ જિસસ' સંસ્થાની સેંટ પૉલ કૉલેજને સુપ્રત કરી દેવાં; અને આ કૉલેજના પાદરીઓએ ('ફાધર્સ') ધાર્મિક

વિધિ યોજીને આ બાળકોને ખ્રિસ્તી પંથમાં પ્રવેશ આપવો, તેમને કેળવણી આપવી, તેમનામાં ખ્રિસ્તી ધર્મના સંસ્કાર રેડવા, તેમને માર્ગદર્શન આપવું અને તેમનાં કુદરતી વલણો અને શકિતઓ અનુસાર તેમને લાયક મોભા પર મૂકવાં."

અનાથ બાળકોની ઉઠાંતરી

મૂળ ઈરાદો હતો તે અનુસાર આ હુકમ માબાપ, દાદા કે દાદી કે અન્ય વડીલ સગાંઓ વગરનાં અનાથ બાળકોને લાગુ પાડવામાં આવ્યો હતો, પરુતુ એવી પણ ફરિયાદો વારંવાર ઉઠતી હતી કે જેમની માતા તેમજ દાદા કે દાદી જીવતાં હતાં તેવાં બાળકોને પણ ખ્રિસ્તી બનાવી દેવા માટે તેમનાં કુટુંબોમાંથી ઉઠાવી જવામાં આવ્યાં હતાં.

એવા પણ કિસ્સાઓ બન્યા હતા જેમાં, જે અનાથ બાળકોને તેમના કુટુંબોમાંથી ઉઠાવી જવામાં આવ્યાં હોય તે બાળકોને, પૈસા મળવાથી તેમનાં કુટુંબો પર પાછાં મોકલવામાં આવ્યાં હતાં. ખરાંખોટાંની ખેવના ન રાખનાર લોકોએ, ઉપરોકત ધાર્મિક તપાસપંચને અનાથ બાળકોની વાતો કહી દેવાની ધમકી આપીને હિંદુ કુટુંબો પાસેથી નાણાં કઢાવ્યાં હતાં.

હિંદુઓની માલિકીવાળી જમીન પર એટલે કે ખેતરોમાં કામ કરવાની ખ્રિસ્તી ખેતમજૂરોને મનાઈ કરવામાં આવેલી; તો બીજી બાજુ, હિંદુ જમીન-માલિકોને ખ્રિસ્તી ખેતમજૂરોને નોકરીમાં રાખવાની મનાઈ ફરમાવાયેલી. આવા ગુનાઓ માટે કૅથોલિક ખ્રિસ્તીઓના ધાર્મિક તપાસપંચે જેમને સજા કરેલી તે વ્યકિતઓનાં નામોની યાદીઓ જોવા મળી શકે છે.

૧૫૭૦ના સપ્ટેમ્બરની ૨૨મી તારીખે એવો હુકમ કાઢવામાં આવ્યો હતો કે જે હિંદુઓ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરશે તેમને ૧૫ વર્ષ સુધી જમીન-વેરો ભરવામાંથી મુકિત આપવામાં આવશે.

૧૫૯૨ના નવેમ્બરની ત્રીજીએ વાઈસરૉય મેથિયાસ દ' આલ્બુકર્કુએ એવી જાહેરાત કરી હતી કે ધર્મમાં નહિ માનનાર એવા જે લોકોએ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હશે તેમના ગુલામોને મુકત કરવામાં આવશે.

ધર્માન્તર કરનારાઓને લાભ થાય તેવા ઈરાદાથી હિંદુઓના વારસાના કાયદાઓમાં ફેરફારો કરવામાં આવ્યા હતા.

ગોવામાં નિમાયેલા આ તપાસપંચ અંગેના દસ્તાવેજોમાંથી નીચેનાં કેટલાંક વધુ અવતરણો ચૂંટી ચૂંટીને આપવામાં આવ્યાં છે:

ભોગ બનેલાઓની ભયંકર વીતકકથા

જે માણસની ધરપકડ કરવામાં આવતી તેને બધા ભેગા એક જેલમાં ધકેલવામાં આવતો. જ્યાં બધાને ભેગા પૂરવામાં આવતા હતા ત્યાં બધા પ્રત્યે સૌથી સંપૂર્ણ સમાન વર્તાવ રાખવામાં આવતો. બધાયની સ્થિતિ એકસરખી હતી અને ઘણા કેદીઓ ભૂખમરાથી અને રોગથી નાશ પામ્યા હતા. આ ગુનેગારોમાંથી કેટલાકની સામે યહુદી ધર્મમાં માનવાનો આરોપ હતો, તો બીજાઓની સામે ખોટા ધર્મમાં માનવાનો, જાદુમંતરનો અને મેલી વિદ્યાનો હતો; તો અન્ય કેદીઓ પર અનૈતિકતાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આટલા બધા વ્યાપક અને આટલા બધા પ્રબળ ક્ષેત્રમાં ધર્મના તપાસનીશો સારા એવા પ્રમાણમાં ગુનેગારો પકડયા વિના રહી શકે જ નહિ.

ભારતના પ્રવાસે આવેલા ફ્રેન્ચ યાત્રિક શ્રી ડેલોન પણ કમનસીબે આ તપાસપંચના ભોગ બન્યા હતા પરંતુ તેઓ, પોતે જે જે જોયું હતું અને જે જે સહન કર્યું હતું તે બધું કહેવા માટે ઈશ્વરની અદ્‌ભુત કૃપાથી જીવતા રહી ગયા હતા. તેઓ આ બધાં વીતકોનું વર્ણન કરતા ગયા છે. એમનું આ અંગેનું પુસ્તક ૧૬૮૭માં પ્રગટ થયું હતું અને તેની ઘણી આવૃત્તિઓ થઈ હતી. એ પુસ્તકના લંડનમાં પ્રગટ થયેલા અનુવાદ આજે પણ અસ્તિત્ત્વમાં રહેલા છે.

વધુમાં એમ જણાવવામાં આવે છે કે: "આ તપાસપંચ બે પાદરીઓનું બનેલું છે, જેમના પ્રત્યે લોકો ખૂબ જ સન્માન અને આદર ધરાવતા હોય છે; પરંતુ આમાંના એક પાદરી બીજા પાદરી કરતાં બહુ મોટા છે અને તેમને મુખ્ય તપાસનીશ ('ઈન્કવીઝિટર મેજર') કહેવામાં આવે છે. તેમની કાર્યવાહી પોર્ટુગલના આવા તપાસપંચ કરતાં બહુ જ વધારે કડક છે.

આ પવિત્ર તપાસપંચ સમક્ષ આરોપીઓને પહેલી વખત ખડા કરવામાં આવે છે ત્યારે તેમની માલમતા એ જ વેળા કબજે કરી લેવામાં

આવે છે; તેઓ (આરોપીઓ) શ્રીમંત ન હોય તો તેમને ભાગ્યે જ ગિરફતાર કરવામાં આવે છે.

(આ તપાસપંચની) કાર્યવાહી કરતાં આ દુનિયામાં કશું જ વધુ ક્રૂર અને નિર્દય નથી.

કેટલીક વખત તેમના પર એવો આરોપ મૂકવામાં આવે છે કે પોતે જેના પર બેસતા હોય છે અને પ્રાર્થના કરતા હોય છે એ પોચી બેઠક પર તેઓ તેમની વધસ્તંભ પરના ઈસુની મૂર્તિઓને રાખે છે; તો કેટલીક વખત તેમની સામે, આ મૂર્તિઓના ઘા કરવાનો અગર **તો ડુક્કરનું માંસ નહિ ખાવાનો આરોપ હોય છે.**

પરંતુ જો ગોવામાં વસવાટ કરતા કોઈ ભારતીયજને, મુસલમાને કે યહૂદી ન હોય તેવા કોઈ બિન-ખ્રિસ્તીએ સાહસ કરીને, ખ્રિસ્તી બનવાના વિચારવાળા કોઈ માણસને ખ્રિસ્તી નહિ બનવાનું સમજાવ્યું હોય કે તેને તેમ કરતાં રોકયો હોય અને આ વાત જો સાબિત થાય તો તેને તપાસપંચ સજા કરતું – બીજાને ખ્રિસ્તી ધર્મ છોડાવ્યો હોય તેને જેમ સજા થાય તેમ; આવા કિસ્સાઓ ઘણી વાર બનતા હોય છે.

"આ તપાસપંચે ગોવા ખાતે, રાબેતા મુજબની તેની કામગીરી દરમિયાન જેમને મોતની સજા કરી છે તે તમામ લોકોની સંખ્યાની ગણતરી કરવાનું અશક્ય છે."

જીવનને ગુંગળાવી નાખ્યું

એક વખત કોઈ માણસ પરહેજ થયો અને પકડાયો અને તેને જેલમાં ધકેલવામાં આવ્યો એટલે તે મર્યો જ સમજવો. એ કમભાગી માણસને કડક નિયમો અને સખતમાં સખત નિયમનો અનુસાર વર્તવું પડતું અને જો તે આ નિયમો અને નિયમનોનું પાલન કરવામાં જરા પણ શિથિલતા બતાવે તો તેને બદતર સ્વરૂપની વધુ સજા થઈ જ સમજવી. તપાસપંચમાંના તપાસનીશોએ આવા લોકો માટે નીચે જણાવેલા પ્રકારની કેટલીક મનાઈ ફરમાવેલી:

"તેણે મોટેથી બોલવું નહિ કે ચિત્કાર કાઢવો નહિ કે ડૂસકાં ખાવાં નહિ કે નિસાસો મૂકવો નહિ. ભોગ બનેલી કોઈ વ્યકિત હતાશામાં કે પીડામાં અગર તો મગજની અસ્થિરતામાં રાડ પાડી ઊઠે અગર તો ઈશ્વરની પ્રાર્થના

કરવાની હિમત કરી નાખે તો (જેલના) ઉત્સાહી ચોકીદારો એકદમ તેની કોટડીમાં દોડી જતા અને તેને ક્રૂરપણે માર મારતા, જેથી કરીને બાકીના બીજા કેદીઓને ભયંકર બીક લાગે."

પોતે જેલમાં હતા ત્યારે યાતનામાં રીબાતા માનવીઓના પોકારો પોતે કેવી રીતે સાંભળ્યા હતા અને આવા પોકારો થયા પછી એમાંનાં ઘણા માણસોને, પુરુષો અને સ્ત્રીઓ બંનેને, દાંતાળાના મારથી લંગડા અને વિકૃત બની ગયેલાં કેવી રીતે જોયાં હતાં એ બધી વાત શ્રી ડેલોને તેમના પુસ્તકમાં નોંધી છે.

ધર્મગુરુઓની વેપારીવૃત્તિ

પોપની માતૃભૂમિમાં ઈટાલિયનોની હુંશિયારીનો અને સારાનરસાની જાણકારીનો ઉલ્લેખ કરતાં આ પુસ્તકમાં નીચે પ્રમાણે જણાવવામાં આવેલ છે.'

"ઉચ્ચ કક્ષાના ખ્રિસ્તી ધર્મગુરુઓ (બિશપો વગેરે) વધુ દૂરંદેશી અને વેપારી માનસવાળા હતા. તેઓ કાંઈ કોઈના કુટુંબનો તેમની માલ-મિલકત જપ્ત કરીને કે દુષ્ટતા આચરીને એટલો બધો વહેલો સર્વનાશ કરી નાખતા નહિ; પરંતુ તેઓ તો, ભોગ બનેલાઓના જીવતા રહેલા સગાંઓનો દંડ કરીને તેમાંથી વધુ કસ કાઢતા, અને વારસદારો પર કાયમી વેરો પણ નાખતા."

તપાસપંચે તમામ યહુદીઓને પોર્ટુગલ છોડી જવાનો હુકમ કર્યો હતો. જ્યારે એક બીજા હુકમ દ્વારા, પોર્ટુગલ છોડી ગયેલા યહુદીઓનાં બાળકોને કબજે કરી લેવામાં આવ્યાં હતાં. આ જંગાલિયતભર્યાં કૃત્યોનું વર્ણન કરતાં લખવામાં આવ્યું છે કે:

"જેમના હાથમાંથી બાળકોને ઝૂંટવી લેવામાં આવ્યાં હતાં તે માતા-ઓની ચિચિયારીઓ, પિતાઓ અને માતાઓના નિસાસા અને પ્રકોપ, સમાજમાંના વધુ હિમતવાન લોકોએ કરેલો પ્રતિકાર અને વધુ ડરપોક માણસોની કાકલૂદીઓ અને આંસુઓ આ બધાને લીધે દેશ જાણે એક એવી રંગભૂમિમાં પલટાઈ ગયો હતો જ્યાં ન માની શકાય તેવું, ભૂંડું ભમરાળું અને રાક્ષસી નાટક જાણે ભજવાઈ રહ્યું હતું. સમાજના જે સભ્યોનાં હૃદય વધુ કઠણ હતાં અગર તો જેમનો જુસ્સો વધુ પ્રબળ હતો તેઓએ

ચિત ભ્રમ થઈ જાય ત્યાં સુધી સામનો કર્યો હતો અને રાજાના અમલદારોના હાથમાં પોતાનાં બાળકોને કદાપિ પણ સોંપી દેવાને બદલે બાળકોનાં ટુકડે ટુકડા કરી નાખ્યા હતા, તેમને ગળે ટુંપો દઈ દીધો હતો અગર તો કૂવાઓમાં તેમને ડૂબાડી દીધાં હતા.

ઈતિહાસમાં એવું નોંધાયું છે કે જ્યારે ગોવામાંથી હિંદુઓને દેશનિકાલ કરતો અને તેમની સાથે તેમનાં બાળકોને લઈ જવાની મનાઈ કરતો હુકમ કરવામાં આવ્યો હતો ત્યારે ગોવામાં પણ આવાં દારુણ દ્રશ્યો સર્જાયાં હતાં.

આરોપી સામેનો પુરાવો જ્યારે અધુરો, ખામીવાળો કે પરસ્પરવિરોધી હોય ત્યારે ઉપરોકત તપાસપંચ કબૂલાત કરાવવા માટે પોતાને અનુકૂળ એવા સાધન તરીકે જોરજુલમ કરતું.

કેથોલિક ધર્મવિરોધી ગુના કરનારાઓ પર આ તપાસપંચે ગુજારેલા અત્યાચારોની વિગતો, વાંચતાં વાંચતાં ઉબકા આવે એવી છે અને એક અંગ્રેજ મિશનરીએ કહ્યું છે તેમ એનો ઉલ્લેખ ન કરવો એ જ વધુ સારું ગણાશે.

તપાસપંચનો મહેલ

ગોવાના આ તપાસ પંચની બેઠક જે મહેલમાં ભરાતી હતી તે મહેલ ટાઉનહૉલની આગળના કેથેડ્રલ સ્કવેર નામના મેદાનની દક્ષિણે આવેલો હતો. પોર્ટુગીઝોએ ગોવા જીતી લીધું તે પહેલાં આ મહેલમાં આદિલશાહ રહેતા હતા અને પોર્ટુગીઝોના શાસનની શરૂઆતમાં એમાં ગવર્નર અને વાઈસરોય રહેતા.

તપાસપંચે પોતાના કામકાજ માટે જરૂરી એવા ફેરફારો એની અંદરના ભાગમાં કરાવ્યા હતા. એમાં જેલની આશરે ૨૦૦ કોટડીઓ હતી. આમાંની કેટલીક કોટડીઓ અંધારી અને બારીઓ વગરની હતી.

ગોવાના આ તપાસપંચને જ્યારે સસ્પેન્ડ કરવામાં આવ્યું ત્યારે માર્કવીઝ દ' પોમ્બલે ૧૭૭૪ના ફેબ્રુઆરીની ૧૦મી તારીખના એક પત્ર દ્વારા તપાસપંચના મહેલનો વાઈસરોયના નિવાસસ્થાન તરીકે ફરી ઉપયોગ કરવાનો હુકમ કર્યો હતો.

ડૉ. બુકાનાએ આ તપાસપંચનો જે અહેવાલ આપ્યો હતો તે અહે-

વાલને પરિણામે બ્રિટિશ સરકારે ગોવાનું આ તપાસપંચ નાબૂદ કરાવવા માટે પોર્ટુગીઝ સરકાર પર દબાણ કરેલું.

૧૮૧૨ની સાલમાં બ્રિટિશ સરકાર ગોવામાં લશ્કરી છાવણી ધરાવતી હતી ત્યારે રીઓ જનેરીઓની કોર્ટે લંડનની કોર્ટની ભલામણોને લીધે તપાસપંચને નાબૂદ કરવાના હુકમો કર્યા હતા.

૧૮૨૮થી ૧૮૩૦ વચ્ચેના સમયગાળા દરમિયાન કોઈક સમયે ગોવાની સરકારે ગોવાના ઉપરોકત મહેલને પાડી નાખવાનો હુકમ કર્યો હતો જેથી કરીને એ મહેલની સામગ્રીનો ઉપયોગ ખંજિમ ખાતે બીજું મકાન બાંધવામાં થઈ શકે.

આખરે અંત આવ્યો

પોપ, પોર્ટુગીઝો અને જેસુઈટ પંથ (એક રોમન કેથોલિક સંપ્રદાય)ના પવિત્ર પાદરીઓએ સંકલિતપણે આદરેલી આ ધાર્મિક તપાસે કરેલી ભયંકર ખાનાખરાબીનો આમ 'અંત' આવ્યો. પરંતુ ભારતીયજનો પર 'ધર્માન્તર' રૂપી જે કોરડો વિઝવામાં આવેલો તેનાથી પડી ગયેલાં કદરૂપાં ચાઠાં અને ભયંકર સોળ હજી પણ તાજાં અને રૂઝાયા વગરનાં જણાય છે. માત્ર ઈશ્વર જ, સમયરૂપી આશ્વાસન પૂરું પાડનાર જગન્નિયંતા જ આ બધા ઘાને ભૂંસી નાખશે, રૂઝવશે, અને આ ભારતભૂમિ પર બીજાઓને વટલાવવાની ઉગ્ર ઝુંબેશ થઈ અને ધર્માન્તરને નામે જે સંહારલીલા ખેલવામાં આવી તે પહેલાં આ ભારત દેશને જેવો ચેતનવંતો અને પ્રાણવાન બનાવવાનો ભગવાને દિવ્ય સંકલ્પ કર્યો હતો તેવો આ દેશને તે ફરી નવપલ્લવિત કરશે.

સંપાદક: શ્રી કે. એ. લક્ષ્મીનરસિંહ આચાર્ય: **પ્રકાશક**: શ્રી ૧૦૦૮ ગોસ્વામી શ્રી દીક્ષિતજી મહારાજ, 'બડા મંદિર, ઉજે ભોયવાડો, ભૂલેશ્વર, મુંબઈ ૨. **મુદ્રક**: શ્રી ધીરુભાઈ દેસાઈ, સ્ટેટ્સ પિપલ પ્રેસ, ફોર્ટ મુંબઈ-૧